ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૦ના વર્ષની પ્રથમ સભા બુધવાર, તા. ૧૩-૨-૧૯૮૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૨-૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર
૨.	શ્રી. બળાભાઈ એસ. પટેલ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૫.	પ્રિ. કે. ડી. શાહ	હાજર
૬.	ડૉ. કશ્યપ ભાર્ગવ	ગેરહાજર
૭.	ડૉ. સી. આઈ. ઝાલા	ગેરહાજર
૮.	ડૉ. વી. સી. શાહ	હાજર
૯.	ડૉ. આર. એ. મલગી	હાજર
૧૦.	શ્રી. એમ. પી. ભટ્ટ	હાજર
૧૧.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર
૧૨.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૩.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર
૧૪.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૫.	પ્રિ. જે. એન. શુકલ	હાજર
૧૬.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	ડૉ. કે. આર. ચંદ્રા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૨-૮૦
૧૮.	ડૉ. એ. એન. કુરેશી	હાજર
૧૯.	શ્રીમતી આર. પી. મહેતા	હાજર
૨૦.	શ્રી. સી. વી. રાવલ	હાજર
૨૧.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૨૨.	પ્રિ. બી. સી. પટેલ	હાજર
૨૩.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૨૪.	ડૉ. એમ. પી. કક્કર	ગેરહાજર
૨૫.	ડૉ. પી. વાય. પરમાર	હાજર
૨૬.	શ્રી. ગિરીશ બી. પટેલ	હાજર
૨૭.	ડૉ. બી. એમ. દેસાઈ	હાજર
૨૮.	પ્રિ. સી. સી. ત્રિવેદી	હાજર
૨૯.	શ્રી. જે. પી. જોશીપુરા	હાજર
૩૦.	શ્રી. આઈ. એ. મહેતા	હાજર
૩૧.	ડૉ. આર. બી. ડૉકટર	હાજર
૩૨.	ડૉ. એમ. એસ. કાન્વિંદે	હાજર

૧. તા. ૯-૧૧-૧૯૭૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની ચોથી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૯—૧૧—૧૯૭૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની ચોથી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન, અમદાવાદની સને ૧૯૭૭—૭૮ના શૈક્ષણિક વર્ષની ત્રિવાર્ષિક તપાસ અંગેના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

૩. યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન, વિદ્યાભવન, અમદાવાદની સને ૧૯૭૭-૭૮ ના શૈક્ષણિક વર્ષની ત્રિવાર્ષિક તપાસ અંગેના હેવાલ પર વિચારણા કરવા બાબત.

૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદની સને ૧૯૭૭—૭૮ના શૈક્ષણિક વર્ષની ત્રિવાર્ષિક તપાસ અંગેના હેવાલ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૨, ૩ અને ૪ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ હેવાલોમાં કરવામાં આવેલાં સૂચનો સમગ્ર રીતે જોઈ તપાસીને કયાં વ્યવહારક્ષમ પગલાં લઈ શકાય તેમ છે તે સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૩. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી
૪. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી
૫. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી
૬. કુલપતિશ્રી નીમે તે ત્રણ સભ્યો.

૫. ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ, ઈડર તરફથી ઈડરમાં જૂન ૧૯૮૦ થી શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણ અરજી પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે જરૂરિયાત (Need) નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬–૧૦–૧૯૭૯ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫–૧૨–૧૯૭૯ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૨) મુજબ એકૅડેમિક કાઉન્સિલ પર બે સભ્યો કો-ઓપ્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ કલમ ૨૧(૨)નો પાઠ નીચે મુજબ છે :

S. 21 (2) : " As soon as the Academic Council is constituted under sub-section (1) it may co-opt as its additional members two eminent persons who are experts in any of the subjects taught in the University, whether they are or are not connected with the University as its members, teachers or otherwise."]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. જી. દેસાઈ અને શ્રી. અંબુભાઈ દેસાઈને નિષ્ણાતો તરીકે આ સભાગૃહના સભ્યો તરીકે કો-ઓપ્ટ કરવા.

૭. યુનિવર્સિટી કોર્ટની તા. ૬/૭-૧૨-૧૯૭૯ની સભામાં નીચેના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા ઠરાવ્યું હોઈ રૂ. ૩૭૯ સુધારવા બાબત :

(1) Developmental Communication
(2) Diploma in Foreign Trade including Export Marketing (D.F.T.)
(3) Diploma in Economics and Business Journalism (D.E.B.J.)
(4) Diploma in Business Communication (DBC)

(**નોંધ.**—આ અભ્યાસક્રમો કઈ વિદ્યાશાખાઓ હેઠળ મૂકવા તે પણ નક્કી કરવાનું રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમા અભ્યાસક્રમો તેનાં નામ સામે જણાવવામાં આવેલ વિદ્યાશાખા / સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવા અને તે ડિપ્લોમાનું ટૂંકું નામાભિધાન નીચે મુજબ રાખવું :

1.	Developmental Communication	વિનયન વિદ્યાશાખા	(D.D.C)
2.	Diploma in Foreign Trade including Export Marketing	વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા	(D.F.T.)

3. Diploma in Economics and Business Journalism	વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા (D.E.B.J.)
4. Diploma in Business Communication	વાણિજ્ય વિદ્યાશાખા (D.B.C)

૮. ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની તા. ૯–૧૧–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાને લગતા અનુસ્નાતક મદદનીશ શિક્ષકોની લાયકાત અંગેનો ઑર્ડિ. ૬૫–એમ(૨)ની નોંધ (*ii*)માં નીચે મુજબ સુધારવા ભલામણ કરવામાં આવે છે :

O. 65–M(2), Note (ii) :

"(*a*) In the Faculty of Dental Surgery any one who holds the degree of M.D.S. or its equivalent qualifications in the subject for which, he is applying and has worked as a Tutor, or Junior Lecturer or Asstt. Professor in the same subject for not less than three years, in the Dental College where he/she is working in his own speciality, and

(*b*) Published at least one paper in a recognised Journal shall be recognised as an Asstt. Post-graduate teacher in the subject."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૬૫–એમ(૨)ની નોંધ (*ii*)માં ઉપર મુજબ સુધારો કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. એમ.ડી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશનાં ધોરણો વેઇટેજ વગેરે અંગેના નિયમો ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિએ તેની તા. ૮–૬–૧૯૭૯ની સભામાં સૂચવ્યા હતા, તે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભાએ ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાને મોકલેલ તે બાબતમાં ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૯–૧૧–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ 'વેઈટેજ' વગેરે અંગે વિચારણા કરી ઑર્ડિ. ૩૭૭ની કલમ (ઈ)માં એમ.ડી.એસ. પછી 'એમ.એસસી. મેડિકલ ઇન એલ્ડ સબ્જેક્ટસ' શબ્દો ઉમેરવા તથા બે ટકા ગુણને બદલે એક ટકા ગુણ ઉમેરવાનો સુધારો કરવા તથા રેગ્યુ. ૨૬૦–એએમાં સુધારો કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(ઑ. ૩૭૭ અને રેગ્યુ. ૨૬૦–એએ ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૦. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" ૧. ટેલિવિઝન અને ૨. ફોટોગ્રાફીના ડિપ્લોમા અભ્યાસક્રમો દાખલ કરવાના પ્રો. એસ. બી. વોરાના સૂચન સાથે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા સહમત છે અને આ અંગે ઘટતું કરવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ જરૂરી વિગતો સાથે આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૧૧. વિનયન વિદ્યાશાખામાં સેકન્ડ સબ્સિડિયરીના વિષયમાં એક પ્રશ્નપત્ર ફર્સ્ટ બી.એ. તથા એક પ્રશ્નપત્ર સેકન્ડ બી.એ.માં નિયત કરવામાં આવેલ છે તે અંગે જો કોઈ વિદ્યાર્થીને સેકન્ડ બી એ.ના વર્ગમાં આ વિષયમાં અનિવાર્ય સંજોગોને કારણે ફેરફાર કરવો જરૂરી જણાય તો તે ફેરફાર કરવાની પરવાનગી આપવા માટે નીચેનો નવો રેગ્યુ. આર્ટ્સ-૬-બી મંજૂર કરવાની શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૭૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

R. Arts 6–B :

" Candidates will, with the previous permission of the Vice-Chancellor, be allowed to change their Second Subsidiary subject in the Second B.A. Class only upto 16th November, on special grounds of non-availability of the Second Subsidiary subject in an Institution he/she desires to join or absence of any provision for medium of instruction that the candidate has offered for the examination. " (વિદ્યાશાખાની બાબત ક્રમાંક ૧૧)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઉપરનો રેગ્યુ. આર્ટ્સ ૬-બી મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૨. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" પ્રાકૃત ભાષાના ડિપ્લોમા અને સર્ટિફિકેટ અભ્યાસક્રમો શરૂ કરવા શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના તા. ૨/૩–૨–૧૯૭૯ની સભાની ભલામણ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫–૪–૧૯૭૯ની સભામાં સદરહુ ભલામણમાં રહેલા ખ્યાલ સાથે સંમતિ દર્શાવી તે બાબતમાં ચોક્કસ અને વિગતવાર પ્રસ્તાવ રજૂ કરવા માટે જણાવ્યું છે તે બાબતમાં આ વિદ્યાશાખા નીચે મુજબ ભલામણ કરે છે :

(૧) પ્રાકૃતનો અનુસ્નાતક સર્ટિફિકેટ અભ્યાસક્રમ એક વર્ષના ગાળાનો દાખલ કરવો.

(૨) આ અભ્યાસક્રમ માટે નીચે મુજબ બે પ્રશ્નપત્રો રાખવા :

પેપર ૧–પ્રાકૃત પાઠ્યપુસ્તકો

પેપર ૨–પ્રાકૃત વ્યાકરણ અને અનુવાદ

(૩) દરેક પ્રશ્નપત્રના ૧૦૦ ગુણ રાખવા.

આ અભ્યાસક્રમમાં કોઈ પણ વિષયમાં સ્નાતક પદવી મેળવેલ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે.

આ અભ્યાસક્રમમાં પાસ થવાનું ધોરણ કુલ ગુણના ૩૬ ટકા, બીજા વર્ગ માટે ૪૮ ટકા મેળવવાના રહેશે અને પ્રથમ વર્ગ માટે ૬૦ ટકા કે તેથી વધુ ગુણ રહેશે.

વધુમાં ડિપ્લોમા અભ્યાસક્રમ અંગે હવે પછી પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે." (વિદ્યાશાખાની બાબત ક્રમાંક ૮)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. ઇતિહાસની અભ્યાસસમિતિની તા. ૨૨–૨–૧૯૭૯ની સભાની નીચેની ભલામણો વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨–૧૧–૧૯૭૯ ની સભામાં મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એ.ના સેકન્ડ સબ્સિડિયરી ઇતિહાસના પ્રશ્નપત્ર ૭, Revolutions & National Movements in Modern World '1750–1960'ને બદલે '1688 to 1960' એ પ્રમાણે સુધારો કરવા ભલામણ છે.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે ઇતિહાસના ત્રીજા વર્ષ બી.એ.ના નિબંધના પ્રશ્નપત્રના નવા મુદ્દાઓ જે જૂન ૧૯૭૯ થી અમલમાં આવે છે તેના મુદ્દા નં. ૨૫માંથી " World Power " પછીના નીચેના શબ્દો રદ કરવા ભલામણ છે :
" after the I World War "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલ પગાર-ધોરણના સંદર્ભમાં ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને લેક્ચરરના પગારધોરણ પર મૂકતાં તેમના કાર્ય-ભારમાં થયેલા ફેરફારને ઑર્ડિ. ૧૨૦–એ ની નોંધ (૩)માં નીચે પ્રમાણે ઉમેરો કરવા અંગે વિચારણા કરવા બાબત :

" *Note* (3) ; 22 periods of Tutor and 25 periods of Demonstrator be considered as equivalent to 21 periods of Lecturer."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડ. ૧૨૦–એની નોંધ ૩માં નીચે મુજબ ઉમેરો કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*i*) One period of tutorial work will be equivalent to 21/22 period of lecturing work;

(*ii*) One period of demonstration work will be equivalent to 21/25 period of lecturing work.

૧૫. વાણિજ્ય વિષયને લગતા વિષયોના "ટીચિંગ ક્વોલિફિકેશન" જોઈ-તપાસીને પોતાની ભલામણો રજૂ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની તા. ૨૮-૯-૧૯૭૯ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો, હાલના નિયમો સાથે સુગ્રથિત કરીને વાણિજ્યની વિદ્યાશાખાના ડીન પાસેથી મુસદ્દો મેળવીને તે પર જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સમિતિની તા ૨૮-૯-૧૯૭૯ની સભાની ભલામણો આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૬. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૧–૧૨–૧૯૭૯ની સભાની ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ભલામણ નં. ૨, ૩, ૪, ૫ મંજૂર કરવી.

(૨) ભલામણ નં. ૬ ઉપરની વિચારણા મોકૂફ રાખવી.

(૩) ભલામણ નં. ૭માંથી નીચેનો ભાગ રદ કરીને તે મંજૂર કરવો :

> '૧૯૮૦-૮૧ના પછીના વર્ષમાં આવા વિદ્યાર્થીને કઈ શરતોને આધીન રાખવા તે અંગે વાણિજ્ય વિદ્યાશાખા અને ત્યાર બાદ સરકાર સાથે વિચારવિમર્શ કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી અને તે પછી તે વિચારવિમર્શના સંદર્ભમાં આગળ વિચારણા કરવાનું રાખવું. હાલ જે વિદ્યાર્થીઓ ઉપરના ડિપ્લોમાના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે તેમને હાયર સેકન્ડરી ૧૯૮૨ના વર્ષની પરીક્ષામાં અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની બી.બી.કૉમ.ની પરીક્ષામાં બેસવાની વ્યવસ્થા કરવા માટે રાજ્ય સરકારને સૂચવવું.'

(૪) ભલામણ નં. ૮ મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૧–૧૨–૧૯૭૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) નીચેનો ઑર્ડિ. એમ.ફિલ. ૫ રદ કરવાની :

O. M.Phil. 5 :

"Notwithstanding anything contained in O. M.Phil. 4 above, University or college teacher or a candidate who on proper and well-defined academic basis is found eligible in the opinion of the guiding teacher for direct registration for

Ph.D. degree in the subject concerned, the guiding teacher can do so as an exceptional case.

N.B.—The subject in which M.Phil. degree course have not been started present rules regarding registration for Ph.D. degree."

(૨) ઑર્ડિ. એમ.ફિલ. ૧૧(સી) વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની

(*c*) Assign these courses to the concerned teacher

ઑર્ડિ. એમ. ફિલ. ૧૧ની કંડિકા 'સી' માંથી ' to the Departments ' શબ્દો રદ કરવા "

(બી. યુ. ટી. આર. બાબત ક્રમાંક ૮)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) (અ) ઑર્ડિ. એમ.ફિલ. ૧માં 'shall be'ને બદલે 'shall be considered' શબ્દો મૂકીને તે મુજબ સુધારેલો ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) ઑર્ડિ. એમ.ફિલ. ૫ તાત્કાલિક રદ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. એમ.ફિલ. ૧૧(સી) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. નીચે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓ રચાઈ શકી નહીં હોવાથી તે વિષયો માટે એડહોક સમિતિઓ નીમવા બાબત:

૧. મરાઠી	૨. સિન્ધી	૩. બંગાળી
૪. ફ્રેન્ચ–જર્મન	૫. લલિતકળાઓ	૬. ગ્રંથાલયવિજ્ઞાન
૭. ભાષાવિજ્ઞાન	૮. મજૂરકલ્યાણ	૯. સહકાર
૧૦. ભૂસ્તરવિજ્ઞાન	૧૧. એકચ્યુરિયલ સાયન્સ ઍન્ડ સ્ટેટિસ્ટિકસ	૧૨. સુશ્રુષાવિજ્ઞાન
૧૩. બાયો—કેમિસ્ટ્રી	૧૪. ટેકસ્ટાઈલ ટેકનોલોજી	અને ૧૫. ફાર્મસી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષયોની બાબતમાં તદર્થ સમિતિઓ (Ad-hoc committees)ની રચના કરવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૯. કૉમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર પ્રોગ્રામર તરીકે ડૉ. પી. ત્રિમૂર્તિને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૬૫૦–૦૦ થી રૂ. ૬૫૦–૧,૨૦૦ના પગારધોરણમાં અને જુ. પ્રોગ્રામર તરીકે શ્રી જે. જી. મકવાણાને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૪૯૫–૦૦ થી ૪૭૫–૮૦૦ના પગારધોરણમાં નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

૨૦. વિજ્ઞાનવિદ્યા ભવનમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં બે લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજીની જગ્યા માટે તા. ૧૨-૧૨-૧૯૭૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૨—૧૨—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં લેક્ચરર-ઇન-માઇક્રોબાયોલોજીની બે જગ્યા પર (૧) ડૉ. એન. કે યાદવ અને (૨) ડૉ. કે. એસ. પટેલની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૨—૧૨—૧૯૭૯ની સભાની ભલામણ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૮૦ થી બી.એ. (પ્રિન્સિ.)-માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકતી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૨. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦ થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તો રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને

બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીના શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૩. એમ. એન. કૉલેજ, વીસનગરની જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

[**નોંધ.**—કૉલેજને બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાનનું જોડાણ પૂરું થાય છે. કૉલેજને પુછાવતાં ૧૯૭૯-૮૦ના વર્ષમાં કોઈ વિદ્યાર્થી નથી અને ઑ. ૯૬ની માહિતી જોતાં તત્ત્વજ્ઞાનના કોઈ શિક્ષક નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના પૂરા સમયના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે : પુસ્તકો અને સામયિકો માટે પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. ગ્રંથાલયમાં રૂ. ૨૧૦૦ના આંકડાશાસ્ત્રના વિષયના આધુનિક અભિગમ ધરાવતાં પુસ્તકો ખરીદવામાં આવે;

૪. આંકડાશાસ્ત્ર વિષયને લગતાં ઓછામાં ઓછા બે વધારાનાં સામયિકો મંગાવવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૨૪. સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિન્દીના વિષયમાં ઑર્ડિ. ૧૨૦-એની જરૂરિયાત અનુસાર વધારાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(**નોંધ.**—વધારાના જોડાણના સંદર્ભમાં નવી નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતો વખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિન્દીનાં પુસ્તકો અને સામયિકો વસાવવા માટે ગ્રંથાલયમાં રૂ. ૨૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૫. ભક્ત વલ્લભધોળા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, બી.એ. (સબૅ.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, બી.એ.(સબૅ.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪-૬-૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે ઍકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) પાત્રતા ધરાવતા આચાર્ય

(૨) વ્યાયામ શિક્ષક

(૩) સંસ્કૃતના પૂરા સમયના વ્યાખ્યાતા

(૪) જોડાણના તમામ વિષયો માટે ઑર્ડિ. ૧૨૦–એ અનુસાર જરૂરી શિક્ષકગણ (જો નવા શિક્ષકની નિમણૂક કરવામાં આવે તો રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે બિનશિક્ષક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણેની જોગવાઈઓ મુજબની મકાનમાં વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૬. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.) માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦ થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨ થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૭. શ્રી. રજની પારેખ આર્ટ્સ, શ્રી. કે. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે રજની પારેખ આર્ટ્સ, કે. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.) માં ગૃહવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦ થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ફીઝ વસાવવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીનાં પગારધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨ થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

૨૮. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૮૦થી બી.કૉમ. (પ્રિન્સિ.)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (પ્રિન્સિ.)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(અ) ઑર્ડિ. ૧૨૦-એના સંદર્ભમાં નીચેની જગ્યા ખાલી છે તે પૂરવામાં આવે :

(૧) અંગ્રેજીના પૂરા સમયના વ્યાખ્યાતા,

(૨) ભૌતિકશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા,

(૩) ગણિતના ખંડ સમયના વ્યાખ્યાતા.

(૪) રસાયણશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા;

(બ) જૂન ૧૯૮૦ થી એસ.વાય.બી.કૉમ.ના વર્ગ શરૂ કરે ત્યારે નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે :

અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

(ક) જૂન ૧૯૮૧ થી થર્ડ બી.કૉમ.નો વર્ગ શરૂ કરે ત્યારે નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા,

૨. આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા,

૩. મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા, તેમ જ નવી નિમણૂકો કરવા માટે રાજ્ય સરકારશ્રીની પૂર્વ સંમતિ મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેના વાચનાલયની સગવડ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨ થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૯. સરકારી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તરફથી જૂન ૧૯૮૦ થી બી.કૉમ. મુખ્યમાં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. બિઝનેસ મૅનેજમેન્ટના વિષય માટે ઑર્ડિ. ૧૨૦–એ પ્રમાણે જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલય બિઝનેસ મૅનેજમેન્ટને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૦. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આચાર્યની કાયમી ધોરણે નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવામાં બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧૫-૬-૧૯૭૫થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૩૧. એલ. ડી. કૉલેજ ઑફ્ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૦ થી ટેક્સટાઇલ ટેક્નોલોજી તથા કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ્ એન્જિનિયરિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.ઈ.માં ટેક્સટાઇલ ટેક્નોલોજી તથા કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ટેક્સટાઇલ ટેક્નોલોજીના મદદનીશ પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. પ્રાયોગિક કાર્યની સુવિધા થાય તે રીતની જોગવાઈઓ નવા બંધાઈ રહેલા મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ટેક્સટાઇલ ટેક્નોલોજીનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ટેક્સટાઇલ ટેક્નોલોજી માટે રૂ. ૨ લાખ અને કેમિકલ એન્જિનિયરિંગ માટે રૂ. ૧,૫૦,૦૦૦નું બજેટ તૈયાર કરવામાં આવે, જેમાંથી નજીકનાં બે વર્ષોમાં આવશ્યક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, ગ્રેચ્યુઇટી કે અન્ય કોઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

૩૨. સોશ્યલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી ગાંધીધામ ખાતે જૂન ૧૯૮૦ થી હિન્દી માધ્યમની બી.એડ. કૉલેજ શરૂ કરવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડ્યુલ ૨ માં આપેલ અભ્યાસસમિતિઓની રચના માટેના સ્ટે. ૪ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૪. સમાજ વિદ્યાભવનમાં મજૂર કલ્યાણ વિભાગના રીડરની જગ્યા અંગેની વરણી સમિતિની તા. ૨૯–૧–૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૨૯-૧-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં મજૂર કલ્યાણ વિભાગના રીડરની જગ્યા પર ડૉ. વી. કે. ચાવડાની નિમણૂક કરવા માટે ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૨૯–૧–૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ચ'** તરીકે સામેલ છે.)

૩૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-મેથેમેટિકસની વરણી સમિતિની તા. ૩૦-૧-૧૯૮૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૧-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર-ઇન-મેથેમેટિકસની જગ્યા પર ડૉ. એલ. કે. પટેલની નિમણૂક કરવા માટે ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૩૦–૧–૧૯૮૦ની ભલામણની નકલ **પરિશિષ્ટ 'છ'** તરીકે સામેલ છે.)

૩૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના વિભાગ માટે રીડર-ઇન-સ્ટેટિસ્ટિકસની તા. ૩૦-૧-૧૯૮૦ના રોજ મળેલી વરણી સમિતિની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૧-૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના વિભાગ માટે રીડર-ઇન-સ્ટેટિસ્ટિકસની જગા પર ડૉ. વાય. કે. શાહની નિમણૂક કરવા માટે ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૧-૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'જ'** તરીકે સામેલ છે.)

૩૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર-ઇન-ફિઝિકસની એક જગ્યા માટે તા. ૧–૨–૧૯૮૦ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના લેકચરરની એક જ જગ્યા હાલ ખાલી હોઇ વરણી સમિતિની તા. ૧–૨–૧૯૮૦ની સભાની ભલામણ લક્ષમાં લઇને તે ભવનમાં લેકચરર ઇન-ફિઝિકસની તે જગ્યા પર ક્રમાનુવર્તી (૧) ડૉ. વી. એમ. રાવળ અને (૨) ડૉ. ડી. પી. અહલપરાની નિમણૂક કરવા માટે ઍકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧–૨–૧૯૮૦ની સભાની ભલામણની નોંધ **પરિશિષ્ટ 'ઝ'** તરીકે સામેલ છે.)

૩૮. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૮૦થી બી.એસસી. (રૂપે)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલનું ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીના શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પ્રત્યેક માસની તા. ૭મી પહેલાં શિડયુલ્ડ બૅંક દ્વારા પગારની ચુકવણી કરવાની બાંયધરી આપવામાં આવે.

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૩૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૫ની સાથે હાથ ધરવાનું સૂચન સભાગૃહમાં સ્વીકારવામાં આવ્યું, અને તેથી તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) બીજા વર્ષ બી.એ.ના ગણિત વિભાગના મુખ્ય અને ગૌણ તથા વંચારાના ગૌણ વિષયના પ્રશ્નપત્ર ૭ના નિયત કરવામાં આવેલા અભ્યાસક્રમની જાણ જુદા પરિપત્રથી વિનયનની સંલગ્ન કૉલેજોને કર્યાના;

(૨) બીજા વર્ષ બી.એ.ના ગૃહવિજ્ઞાન વિષયનો નિયત કરવામાં આવેલ અભ્યાસક્રમ આ વિષય શીખવતી વિનયનની કૉલેજોને જુદી ટપાલથી મોકલ્યાના;

(૩) જૂના અભ્યાસક્રમ મુજબ ફર્સ્ટ બી.એ.માં પાસ થયેલા વિદ્યાર્થીઓ બીજા વર્ષ બી.એ.માં જોડાય તેમને માટે બીજો ગૌણ વિષય પ્રશ્નપત્ર ૭ તરીકે લેવા અંગેની જે જોગવાઈ છે તે અંગે સ્પષ્ટતા કરવાની કે કૉલેજોમાં જે વિષયોની જોગવાઈ હોય તેમાંથી વિદ્યાર્થીએ પોતાના મુખ્ય અને ગૌણ વિષય તરીકે વિદ્યાર્થીએ પસંદ કરવાની છૂટ આપ્યાના;

(૪) બીજા વર્ષ બી.એ. અને બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજી વિષયના અભ્યાસક્રમની વિગતો તથા બીજા વર્ષ બી.એ.ના મુખ્ય અને ગૌણ વિષયના અભ્યાસક્રમની વિગતો જૂન ૧૯૭૯થી અમલમાં આવે તે રીતે નિયત કર્યાના;

(૫) વૈકલ્પિક અંગ્રેજી વિષય લેવા બાબતમાં નીચે પ્રમાણે નિયત કરવામાં આવ્યું છે :

A student who has passed his Higher Secondary Examination (12th) without English cannot offer English as his Principal or Subsidiary subject in F.Y.B.A. Class. However a student who has passed his Pre-University examination of this University with 'B' Stream can offer this subject as his Principal or subsidiary subject, any student who has passed his Higher Secondary Examination with or without English can offer English as his second subsidiary subject

(૬) (અ) પહેલા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્ર વિષયનાં સૂચિત પુસ્તકો નિયત કર્યાના;

(બ) બીજા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્ર વિષયના વૈકલ્પિક પ્રશ્નપત્ર ૫ તરીકે "ઇન્ડસ્ટ્રિયલ ઇકોનોમિકસ"નો અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો છે અને તે જૂન ૧૯૭૯થી અમલમાં મૂકયાના;

(૭) એમ.એ. ભાગ ૨, સમાજશાસ્ત્રના પ્રશ્નપત્ર ૭–અરબન સોશિયોલોજી અને પ્રશ્નપત્ર ૮–રૂરલ સોશિયોલોજીના અનુક્રમે પેટાવિભાગ ૫ અને ૯ માટે ૧૯૭૮–૭૯ અને ૧૯૭૯–૮૦ માટે નીચે પ્રમાણે વિગતો નિયત કર્યાના :

The following will be the monograph studies prescribed for M.A. Part II papers on Rural Sociology and Urban Sociology:

(1) Rural Sociology : K. Ishwaran
'Tradition and Economy in Village India'
Bombay, Allied Published Pvt. Ltd., 1966

(2) Urban Sociology : Doshi Harish C.
'Traditional Neighbourhood in Modern City'
New Delhi, Abhinav Publications, 1974.

(૮) એમ.એ. ભાગ ૧ ફિલોસોફીના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૨ના મુદ્દા નં. ૩માં "Prasthan-traya" પછી "Jainism"નો મુદ્દો અને "Yoga" પછી "Vedanta"નો મુદ્દો ઉમેરવામાં આવ્યો છે તથા બુકસમાં નીચેનું પુસ્તક ઉમેરી તેનો જૂન ૧૯૭૯થી અમલ કર્યાના–

(10) T. R. Kulkarni : 'Upanisads and Yoga', Bhartiya Vidya Bhavan, Bombay–7.

(૯) ફિલોસોફી એમ.એ. ભાગ-૧ નો જૂન ૧૯૭૮ થી જે અભ્યાસક્રમ સુધાર્યો છે તેના અનુસંધાનમાં અને તેના માળખામાં તૈયાર કરેલો એમ.એ. ભાગ ૨નો ફિલોસોફી વિષયનો અભ્યાસક્રમ સુધારવામાં આવ્યો છે અને તે જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવાના;

(૧૦) એમ.એ.ના અભ્યાસક્રમમાં બે વિષયોના જૂથ પસંદ કરનાર વિદ્યાર્થીઓ માટે નીચેના વિષયોમાં નીચે જણાવ્યા મુજબ વિષય પસંદ કરવાની મંજૂરી આપ્યાના :

(૧) ફિલોસોફી :

(અ) એમ.એ.ના અભ્યાસક્રમમાં ફિલોસોફી વિષય અન્ય કોઈ વિષય સાથે લે તે માટે એમ.એ. ફિલોસોફી ભાગ ૧માંથી પ્રશ્નપત્ર ૧ અને ૨ લઈ શકે અને એમ.એ. ફિલોસોફી ભાગ–૨ માંથી પ્રશ્નપત્ર ૫ અને ૬ રાખી શકશે.

(બ) એમ.એ.માં ફિલોસોફી સાથે જે બીજા સંબંધક એલાઇડ વિષયો સાથે લઈ શકાય તે માટે નીચેના વિષયો સૂચવવામાં આવે છે :

૧. મનોવિજ્ઞાન
૨ સમાજશાસ્ત્ર
૩. ઇતિહાસ
૪. ભૂગોળ
૫ અર્થશાસ્ત્ર
૬. ભારતીય સંસ્કૃતિ
૭. ઇસ્લામિક સંસ્કૃતિ
૮ ગણિત, અને
૯ આંકડાશાસ્ત્ર

(૨) મનોવિજ્ઞાન :

(અ) એમ.એ.ના અભ્યાસક્રમમાં અન્ય કોઈ વિષય લેનાર વિદ્યાર્થી મનોવિજ્ઞાન વિષય સાથે રાખે તેમને માટે ભાગ ૧ અને ભાગ ૨ માટે નીચે મુજબનાં પ્રશ્નપત્રો લેવાનાં રહેશે :

M.A. Part I :

1. Industrial Psychology
2. Advanced Social Psychology

M.A. Part II :

1. Theories and Systems of Psychology
2. Psychology of Personality.

(બ) એમ.એ.ના અભ્યાસક્રમ માટે વિષયપસંદગી માટે નીચેના કોઈ પણ એક વિષય સાથે મનોવિજ્ઞાન વિષય પસંદ કરી શકશે :

૧. તત્ત્વજ્ઞાન
૬. ભૂગોળ
૨. સમાજશાસ્ત્ર
૭. ભારતીય સંસ્કૃતિ
૩. રાજ્યનીતિશાસ્ત્ર
૮. ઇસ્લામિક કલ્ચર
૪. અર્થશાસ્ત્ર
૯. ગૃહવિજ્ઞાન
૫. ઇતિહાસ

૩. ભૂગોળ :

(અ) ભૂગોળ વિષય એમ.એ. કક્ષાએ અન્ય વિષયો સાથે લઈ શકાય તે માટે ભૂગોળના નીચે પ્રમાણેનાં પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓએ લેવાનાં રહેશે :

M.A. Part I

1. Paper—India
2. Paper—Gujarat

M.A. Part I ના Group E Part II & III ના અભ્યાસક્રમ પ્રમાણે

M.A. Part II	M.A. Part II
1. Paper–Climatology	Group A
2. Paper II–	Paper II & III ના
Oceanography	અભ્યાસક્રમ પ્રમાણે

(૫) ભૂગોળ વિષયનાં ચાર પ્રશ્નપત્રો સાથે વિનયન વિદ્યાશાખા હેઠળના નીચેના વિષયો લઈને વિદ્યાર્થી એમ.એ. કરી શકશે :

૧ ઇતિહાસ	૬. તત્વજ્ઞાન
૨. અર્થશાસ્ત્ર	૭. ભારતીય સંસ્કૃતિ
૩. રાજ્યશાસ્ત્ર	૮. હોમસાયન્સ
૪. સમાજશાસ્ત્ર	૯. ગણિત
૫. મનોવિજ્ઞાન	

(૪) (અ) ભારતીય સંસ્કૃતના તથા ઇસ્લામિક કલ્ચર વિષય સાથે જે બીજા સંબંધક (એલાઇડ) વિષયનું જૂથ લેવા માગે તેને માટે હાલના ભારતીય સંસ્કૃતિ અને ઇસ્લામિક કલ્ચરના પહેલા વર્ષ ભાગ–૧ના પ્રશ્નપત્ર ૧ અને ૨ તથા બીજા વર્ષે પ્રશ્નપત્ર ૩ અને ૪ લેવાનાં રહેશે.

(બ) એમ.એ.ના અભ્યાસક્રમમાં ભારતીય સંસ્કૃતિ અને ઇસ્લામિક કલ્ચર વિષય નીચે જણાવેલ સોશ્યલ સાયન્સના વિષયો સાથે લઈ શકાશે :

ભારતીય સંસ્કૃતિ	ઇસ્લામિક કલ્ચર
૧. ઇતિહાસ	૧. ઇતિહાસ
૨. ઇસ્લામિક કલ્ચર	૨. ભારતીય સંસ્કૃતિ
૩. રાજ્યશાસ્ત્ર	૩ રાજ્યશાસ્ત્ર
૪. સમાજશાસ્ત્ર	૪. સમાજશાસ્ત્ર
૫. આર્કિયોલોજી	૫. આર્કિયોલોજી
૬. ભૂગોળ	૬. ભૂગોળ

૧૧. ડીસા નગર પંચાયત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસાને જૂન ૧૯૭૯થી બી.કોમ. (ગૌણ)માં મેથેમેટિકસ ફોર સ્ટેટિસ્ટિકસ ઓર એકચ્યુરિયલ સાયન્સ વિષયને બદલે સ્ટેટિસ્ટિકસ વિષય શીખવવાની વિદ્યાર્થીઓના હિતને અનુલક્ષીને ખાસ અપવાદ તરીકે છૂટ આપવાના;

૧૨. જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખામાં ગૌણ વિષયોના જોડાણ માટે આવેલ અરજીઓ, જે એકેડેમિક કાઉન્સિલની તા. ૯–૧૧–૧૯૭૯ની સભામાં બાબત ક્રમાંક ૨૧થી મૂકવામાં આવી હતી, તેમાં નીચેની જોડાણઅરજીનો ઉમેરો કર્યોનાઃ

(૧) પટેલ જે. બી. ફદેલવાલા આર્ટ્સ, પટેલ એ. એમ. ફદેલવાલા કોમર્સ અને બોરસદ સાયન્સ કોલેજ, બોરસદની બી.કોમ.(ગૌણ)માં "એડવાન્સ્ડ બિઝનેસ મેનેજમેન્ટ" વિષય શીખવવા માટેની;

(૨) નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની બી.કોમ.(ગૌણ)માં "એડવાન્સ્ડ બિઝનેસ મેનેજમેન્ટ" વિષય શીખવવા માટેની;

(૩) શ્રી નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, છોટાઉદેપુરની બી.કોમ.(ગૌણ)માં બેંકિંગ એન્ડ ફાઇનાન્સ અને બિઝનેસ કોમ્યુનિકેશનનો વિષય શીખવવા માટેની.

૧૩. એમ.એ.ના મનોવિજ્ઞાન વિષયમાં પ્રાયોગિક કાર્ય હોવાથી એકસટર્નલ વિદ્યાર્થીઓ તે વિષય રાખી શકતા ન હતા, પરંતુ ૧૯૭૯થી હવે પ્રાયોગિક કાર્યને બદલે નિયત કરેલ વૈકલ્પિક પ્રશ્નપત્ર લઈ શકાય છે તેવી જોગવાઈ થવાથી એમ.એ. એકસટર્નલ ઑર્ડિ. ૨માંથી " Psychology or" શબ્દો અને સદરહુ ઑર્ડિનન્સના પ્રોવિઝો હેઠળની કંડિકા (૩) ૨૬ કર્યાના અને તેને આનુષંગિક કંડિકાઓ ક્રમાંક ૪ અને ૫ ને અનુક્રમે ક્રમાંક ૩ અને ૩ આપ્યાના;

૧૪. ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષના સૂચન પરની શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણ મુજબ ગૃહવિજ્ઞાનના એમ.ફિલ.નો અભ્યાસક્રમ સુધારવાની અને તેને ૧૯૭૯–૮૦ના વર્ષથી અમલમાં મૂકવાના;

૧૫. ગણિતશાસ્ત્ર વિષયની એમ.ફિલ.ની સમિતિની એમ.ફિલ.ના અભ્યાસક્રમના પેપર ૧ ના ભાગ ૨ ના શીર્ષકમાં નીચે મુજબનો ફેરફાર કરવાની ભલામણ સ્વીકારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૩–૧૧–૧૯૭૯ની સભાની ભલામણ મંજૂર રાખ્યાના :

Problems in Topology and the books recommended for the same be changed to :

(*i*) Aspects of Topology by C. O. Chriteeson and G. L. Voxman, Marcel Dekker Inc., 1977

(*ii*) Topology, by O. Dugandji : Allyn and Bacon, 1966.

(*iii*) Counter examples in Topology by Steen A. L. and Seebach J. A—Jr. Holt, Rinehart and Jinston. 1970.

In addition simple problems based on day to day research work may also be included

૧૬. એસ.વાય.બી એસસી. કેમિસ્ટ્રીના વધારાના ગૌણ વિષયનો સુધારેલ અભ્યાસક્રમ તાત્કાલિક અમલમાં લાવ્યાના;

૧૭. એમ.એ. ભાગ ૧ મનોવિજ્ઞાન વિષયના એડવાન્સ્ડ એકસપરિમેન્ટલ સાયકોલોજી(થિયરી)ના પ્રશ્નપત્રના અભ્યાસક્રમમાંથી ટોપિકસ નંબર ૮, ૯, ૧૧ અને ૧૩ તાત્કાલિક ૨૬ કર્યાના.

૧૮. એમ.એસસી. ભાગ-૧ રસાયણવિજ્ઞાનના પ્રશ્નપત્ર—૨ અંગે સ્પષ્ટતા પરિપત્રિત કર્યાના.

૧૯ બી.ઈ.—૧ સેમેસ્ટર-૨ (સી.એમ.ઈ. ઈ.સી આઈ.બી સીએચ ટી.ટી.) ૨૦૫-એન્જિનિયરિંગ ડ્રોઇંગ—૨ના અભ્યાસક્રમમાં :

(*b*) Fastening and pipe jointsનો નીચેનો અભ્યાસક્રમ ૧૯૮૦ની પરીક્ષાથી અમલમાં લાવ્યાના :

Screw threads-forms. Types of bolts. nuts and methods of locking of nuts. Rivets and riverlted joints.

Welding symbols and welding joints keys and splines cotter and kunckle joints. Foundation bolts, pipe specials, pipe joints.

(*a*) Solid geometry ના અભ્યાસક્રમમાં projections of solids such as prisms, pyramids, cylinders, cone, spheres etc. sections of solids ના અભ્યાસ-ક્રમનો સમાવેશ અભિપ્રેત છે તેવી સ્પષ્ટતા કર્યાના.

૨૦. દ્વિતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્રના નીચેના અભ્યાસક્રમો જૂન ૧૯૭૯થી નિયત કર્યાના :

૧. ઇકૉનોમિક્સ પ્રશ્નપત્ર ૩, ૪

૨. ઑપ્શનલ પ્રશ્નપત્રો ૫ :

૧. ક્વૉન્ટિટેટિવ મેથડ્સ

૨. એકાઉન્ટન્સી

૩. રૂરલ ડેવલપમેન્ટ

૪. ઇકૉનોમિક ઈન્વેસ્ટિગેશન

૫. સેકન્ડ સબ્સિડિયરી પ્રશ્નપત્ર ૭

૬. પ્રથમ વર્ષ બી.એ. અર્થશાસ્ત્ર સેકન્ડ સબ્સિડિયરી પ્રશ્નપત્ર ૭

૨૧. બીજા વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્ર વિષયના ઑપ્શનલ પ્રશ્નપત્ર "રૂરલ ડેવલપમેન્ટ" ના તમામ મુદ્દા(ટૉપિકસ)ની ચર્ચા ભારતના સંદર્ભમાં કરવાની સ્પષ્ટતા કર્યાના

૨૨. બી.એડ.ના અભ્યાસક્રમના એજ્યુ. રેગ્યુ. ૫ની પેટાકલમ ૩ નીચે મુજબ સુધારી તાત્કાલિક અમલમાં મૂકવાના—

One filed work per paper from the suggested topics mentioned in the syllabus or the like from the papers I, II & III ... . (60 Marks)

૨૪. બી.એડ.ના ગણિતશાસ્ત્ર તથા વિજ્ઞાનના અભ્યાસક્રમમાં આ વર્ષે જે ફેરફાર કરવામાં આવ્યો છે તેની માહિતી બી.એડ. કૉલેજોને બીજા સત્રમાં મળી હોવાથી તેનો અમલ જૂન ૧૯૮૦થી કરવાનું મંજૂર કર્યાના

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૧. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન-સંસ્કૃતની જગ્યા માટે તા. ૨-૨-૧૯૮૦ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨—૨—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર-ઇન-સંસ્કૃતની જગ્યા પર ડૉ. ટી. એસ. નાન્દીની નિમણૂક કરવા માટે એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

(સદરહુ વરણીસમિતિની તા. ૨—૨—૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ટ'** તરીકે સામેલ છે.)

૪૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-ઝૂલૉજીની જગ્યા માટે તા. ૧-૨-૧૯૮૦ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા ૨—૨—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-ઝૂલૉજીની જગ્યા પર ડૉ. (કુ.) એન. જે. ચિનોયની નિમણૂક કરવા માટે એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૨—૨—૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ઠ'** તરીકે સામેલ છે.)

૪૩. ગુજરાતી ભાષામાં "જ્ઞાનકોશ" તૈયાર કરવા અંગે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસજી-૧૧૭૯-૫૪૦૯-૮૦–ખ, તારીખ ૨૪-૧-૧૯૮૦થી ૧૦ વર્ષના ગાળામાં રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરેલ હોઈ, તે અંગે ઠરાવમાં દર્શાવ્યા મુજબ નીચે પ્રમાણે નિમણૂકો અંગેની કાર્યવાહી હાથ ધરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) મુખ્ય સંપાદક — સંખ્યા એક

(બ) વિભાગીય મુખ્ય સંપાદક — ૧. વિનયન (માનવવિદ્યા, સમાજવિદ્યા અને વાણિજ્ય)
૨. વિજ્ઞાન (યંત્રવિજ્ઞાન સહિત)
૩. કલા (ચિત્ર, રેખાંક મુદ્રણ પ્રોડક્શન સહિત)
(યુનિવર્સિટી પ્રોફેસર કક્ષાના કુલ ત્રણ વિભાગીય સંપાદકો)

(ક) સંપાદકો — જે તે વિષયના નિષ્ણાતો કે જે અધિકરણોની ચકાસણી કરે અને કરાવે, શોધન-વર્ધન સહિત મુદ્રણક્ષમ હસ્તપ્રત તૈયાર કરાવે—કુલ સંખ્યા ૭ (યુનિવર્સિટી રીડરની કક્ષાના)

(ડ) સહસંપાદક — ઉપરની કામગીરીમાં સંપાદકને મદદ કરે અને શક્ય હોય તેટલાં અધિકરણો લખે — કુલ સંખ્યા ૭ (લેક્ચરરની કક્ષાના)

(ઇ) અધિકરણ લેખક — જે તે વિષયનો જાણકાર કે જે સંપાદકોના સૂચન પ્રમાણે અધિકરણો લખી શકે અને કાર્ડ ઇત્યાદિ તૈયાર કરવામાં મદદ કરી શકે — બાર રિસર્ચ સ્કોલરશિપની કક્ષાના, વેતન માસિક રૂ. ૬૦૦/–

એ પ્રેસકોપી તૈયાર કરનાર હસ્તલિખિત નકલ તેમજ ટાઈપ નકલ તૈયાર કરી આપનાર ભાષા-શુદ્ધિની કાળજી રાખી શકે તેવી વ્યક્તિઓ — આઠ જુનિયર ક્લાર્ક કક્ષાના

(એ) કારકુન — ચાર

(ઓ) પટાવાળા — છ

નોંધ.—હાલ તુરત બે વર્ષ માટે મુખ્ય સંપાદક, બે વિભાગીય સંપાદકો અને બે સંપાદકો, ચાર અધિકરણ લેખકો, બે ટાઈપિસ્ટ, બે કારકુનો અને બે પટાવાળાની આમ કુલ પંદર વ્યક્તિની નિયુક્તિ કરવામાં આવે. પછી પ્રતિવર્ષ જરૂરિયાત પ્રમાણે ઉપર નિર્દેશેલી જગાઓ ભરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે જ્ઞાનકોશની યોજના અંગે વિચારણા કરીને તેના કાર્યક્ષમ અમલ માટે ઉપકારક થાય તે હેતુથી તેના સંપાદન અને વહીવટી વ્યવસ્થાની બાબતમાં વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો કરવા માટે નીચે મુજબ સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૩. શ્રી. બળાભાઈ પટેલ
૪. શ્રી. નરહરિ પરીખ
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. શ્રી. કે. ડી. શાહ

૪૪. ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિક્સ કેસની જગ્યા માટે તા. ૮–૨–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮—૨—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિક્સની જગ્યા રીડરની જગ્યામાં ફેરવવા અને રીડર ઇન લિંગ્વિસ્ટિક્સને જગ્યા પર ડૉ. વાય. ડી. વ્યાસની નિમણૂક કરવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૮—૨—૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ડ'** તરીકે સામેલ છે.)

૪૯. કાયદાની વિદ્યાશાખાની તા. ૨–૨–૧૯૮૦ની સભાના નીચેના ઠરાવો પર વિચારણા કરવા બાબત.

I. ૧૯૮૦ એપ્રિલની પરીક્ષાથી શરૂ કરીને નીચે પ્રમાણે ડમી નંબરની પદ્ધતિ લૉની પરીક્ષાઓમાં દાખલ કરવી :

(૧) ૧૯૮૦ એપ્રિલથી એલએલ.એમ. ભાગ—૧ અને ભાગ—૨ તથા ત્રીજી એલએલ.બી.ની પરીક્ષાઓ (બંને સેમેસ્ટરની પરીક્ષા)

(૨) ૧૯૮૦ના ઑક્ટોબરથી ઉપરોક્ત પરીક્ષાઓ ઉપરાંત દ્વિતીય એલએલ.બી.ની પરીક્ષા (બંને સેમેસ્ટરની પરીક્ષા)

(૩) ૧૯૮૧ એપ્રિલથી લૉ ફેકલ્ટી હેઠળની તમામ પરીક્ષાઓ.

II. જ્યારે કોઈ પણ પરીક્ષા માટે ડમી નંબરની પદ્ધતિ અમલમાં આવતી હોય ત્યારે તે પરીક્ષાના બન્ને સેમેસ્ટરનાં તમામ પ્રશ્નપત્રોમાં વિભાગો (સેક્શન) રાખવા નહિ.

અને

૪૫. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫–૪–૧૯૭૯ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીની પરીક્ષાઓની સમગ્ર કામગીરી (મોડરેશન, ડમી પદ્ધતિ, કૉલેજોને સોંપવામાં આવતા પ્રશ્નો, આંતરિક ગુણાંકન પરીક્ષા ઇત્યાદિ) જોઈ-તપાસી તેમાં કયા અને કેટલા ફેરફાર કરવા જરૂરી છે અને શક્ય છે તે જોઈ-તપાસીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા નીમેલી સમિતિની મળેલ સભાઓએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૯ અને ૪૫ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

બાબત નં. ૩૯માં જણાવેલ કાયદાની વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. I ની બાબતમાં ઠરાવવામાં આવ્યું કે થર્ડ એલએલ.બી.ની પરીક્ષામાં ડમી પદ્ધતિ એપ્રિલ ૧૯૮૦ની પરીક્ષાથી દાખલ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. II કાયદાની વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે સ્વીકારવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

બાબત નં. ૪૫ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. વાણિજ્ય વિદ્યાશાખામાં બીજા ગૌણ વિષયના શિક્ષણકાર્ય માટે આવેલ જોડાણ અરજીઓની બાબતમાં પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે એકેડમિક કાઉન્સિલની તા. ૯–૧૧–૧૯૭૯ની સભાએ નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧ જે મુખ્ય વિષય માટે જોડાણની મંજૂરી મળેલી હોય તે વિષય ગૌણ વિષય તરીકે પણ ભણાવી શકશે. આ ઉપરાંત બે ગૌણ વિષયો માટે તેમજ જ્યાં ફાજલ સ્ટાફ હોય ત્યાં વધુ વિષયો માટે દરેક કૉલેજને જોડાણ મળેલું છે તે ચાલુ રાખવા ભલામણ છે.
(જરૂરી પુસ્તકોની ખરીદી અને સ્ટાફની જરૂરિયાત સંતોષાતાં)

૨. આ ઉપરાંત જે કૉલેજોએ વિશેષ ગૌણ વિષયો શીખવવા માટે અરજી કરી છે તે અંગે નીચેની શરતોએ તે શીખવવા મંજૂરી આપની :

(ક) જે તે ગૌણ વિષય માટે વધારાના શૈક્ષણિક કાર્યભાર માટે જરૂરી શૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવાની રહેશે.

(ખ) દરેક ગૌણ વિષય માટે (એસ.પી.) સિવાયના વિષય દીઠ રૂ. ૧,૦૦૦ નાં જે તે વિષયનાં પુસ્તકો ખરીદવાનાં રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે એક પ્રશ્નપત્રના બે કે તેથી વધુ વિભાગો હોય તો તે તમામ વિભાગોમાં એકસરખા ડમી નંબરો આપવાનું રાખવું.

સદરહુ સમિતિની બાકીની ભલામણો ઉપરની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૭. તબીબી વિદ્યાશાખાની તા. ૭--૩--૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ પૂર્વસ્નાતક અભ્યાસક્રમ અંગે સુધારા કરી નવા રેગ્યુલેશનો કર્યા લાઈ પહેલી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૭ તથા રેગ્યુ. એમ.બી.,બી.એસ. ૧ અને ૨ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તેને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા ભલામણ કરવી; તથા આ અભ્યાસક્રમની પરીક્ષા માટે રેગ્યુ. એમ.બી.,બી.એસ. ૩ નીચે મુજબ સુધારવા ભલામણ કરવી :

Standard of passing (First M.B.,B.S. Examination)

(for students joining in First M.B.,B.S. Course in June 1980 and there after)

Reg. M.B.,B.S. 3 :

To pass the Firtst M.B.,B.S. Examination a student must obtain at least 50 per cent in the aggregate of Theory and Practical marks in each of the subjects of Anatomy. Physiology and Biochemistry separately.

Reg. M.B.,B.S. 4 (Same as before)

Reg. M.B.,B.S. 5 (Same as before).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૭ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મુજબ રેગ્યુ. એમ.બી.,બી.એસ. ૧, ૨ અને ૩ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઙ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૪૦ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૪૦. તબીબી વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૮૦ ની સભાની ભલામણ મુજબ બી.એસસી. નર્સિંગ પછીનો પોસ્ટ-બેઝિક કોર્સ ઈન નર્સિંગનો ડિપ્લોમા ઈન સાઈકિયાટ્રિક નર્સિંગ (ડી.પી.એન.)નો અભ્યાસક્રમ તથા તેને લગતાં ધારાધોરણો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સૂચવેલા અભ્યાસક્રમ પ્રમાણે ઓર્ડિ. ડી.પી.એન. ૧ અને ૨ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા રેગ્યુ. ડી.પી.એન. ૧, ૨, ૩, ૪ અને ૫ મંજૂર કરવા.

તે પછી બાબત નં. ૧૧ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૧. માર્ચ-એપ્રિલ, ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક/પરીક્ષકોની નિમણૂક અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓની ભલામણો.

(નોંધ.—તા. ૧૨--૧--૧૯૮૦ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં બાબત નં. ૮૧ યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓ એટલે જે પરીક્ષાઓ તા. ૧૮--૪--૧૯૮૦ કે તે પહેલાં શરૂ થનાર હોય તે પરીક્ષાઓ માટે પ્રાશ્નિકોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ, ૧૯૮૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની યાદીઓ એકિઝકયુટિવ કાઉન્સિલને મોકલી આપવી અને તે અંગે કોઈ પણ સભ્યે સૂચનો કરવાં હોય તો તેમણે બે દિવસમાં ખાનગી રાહે કુલપતિશ્રીને મોકલી આપવાં, જેથી પ્રાશ્નિકો/પરીક્ષકોની આખરી યાદી મંજૂર કરતાં પહેલાં તે સૂચનો ઉપર ઘટતી વિચારણા કરી શકાય.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે તા. ૧૮--૪--૧૯૮૦ કે તે પહેલાં શરૂ થયેલ પરીક્ષાઓ માટે પ્રાશ્નિકોની નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૬. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૬--૧૦--૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ઓબ્જ. રેગ્યુ. ૬માંથી નીચેનો ભાગ રદ કરવા ભલામણ છે :

The marks so obtained (i.e.) marks for practical work and Internal examination marks up to maximum of 400 marks by each candidate shall be put on the college notice board 1 to 9 itemwise at the time of sending them to the University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૧૭. ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કોમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા હવે લેવાનાર નથી તે સંજોગોમાં નવા અભ્યાસક્રમમાં વધારાનો જે ઔણ વિષય દાખલ થયો છે તે વિષયમાં જૂના અભ્યાસક્રમ હેઠળના વિદ્યાર્થીઓ જેઓ નવા અભ્યાસક્રમની પરીક્ષામાં બેસતા હોય તેમને આપવી જરૂરી નથી. તો આવા વિદ્યાર્થીઓને બાકીના વિષયમાં મેળવેલ ગુણને આધારે વર્ગ આપવો કે કેમ અને આવી છૂટ કયાં સુધી આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કોમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા હવે લેવાનાર નથી તે સંજોગોમાં નવા અભ્યાસક્રમમાં વધારાનો જે ગૌણ વિષય દાખલ કરવામાં આવ્યો છે તે વિષયમાં જૂના અભ્યાસક્રમ હેઠળના વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમો મુજબની પરીક્ષામાં બેસવામાંથી બે વર્ષ માટે મુક્તિ આપવી અને આ છૂટ લઈને પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ, અન્યથા તેઓ તે પરીક્ષામાં વર્ગને પાત્ર નીવડે તો, તેમને જે તે વર્ગમાં ઉત્તીર્ણ થયેલા જાહેર કરવા.

૧૮. જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખામાં નવી કૉલેજ-વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી કૉલેજો અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે જરૂરિયાત તપાસવા માટે નિયુક્ત થયેલી સમિતિનો હેવાલ એકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી સભાગૃહ ની સંમતિથી બાબત નં. ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ બુધવાર તા. ૧૨--૩--૧૯૮૦ના રોજ વિચારણા માટે હાથ ધરવાનું રાખવું.

૨૩. જ્ઞાનકોશના કામ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૬--૨--૧૯૮૦ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"(૨) જ્ઞાનકોશના સંપાદન માટે જરૂરી વિદ્વત્ સમિતિની રચના અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મેળવીને સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી."

[નોંધ.—એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩--૨--૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮--૨--૧૯૮૦ની સભામાં વિદ્વત્ સમિતિની નિમણૂક અંગે નીચે મુજબ ભલામણ કરેલ છે :

૧. અધ્યક્ષશ્રી

૨. કાર્યવાહક પ્રમુખ

૩. દશ જુદા જુદા વિષયોના નિષ્ણાત સભ્યો

૪. પાંચ સભ્યો—જેની નિયુક્તિ એકેડેમિક કાઉન્સિલ કરશે

૫. પ્રધાન સંપાદક અને વિભાગીય સંપાદકો (હોદ્દાગત)

૬. શ્રી. કંચનલાલ ચં. પરીખ.

હોદ્દાગત સભ્યો સિવાયના અન્ય સભ્યોની સભ્યપદની મુદત ત્રણ વર્ષની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. (૧) જ્ઞાનકોશના કામકાજની બાબતમાં આ સભાગૃહે તેની તા. ૧૩--૨--૧૯૮૦ની સભામાં નીમેલ સમિતિની તા. ૧૮--૨--૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૧૬—૨—૧૯૮૦ના ઠરાવ અન્વયે (ક) જ્ઞાનકોશની વહીવટી સમિતિ પર બે સભ્યોની નિમણૂક કરવા બાબત; તથા (ખ) જ્ઞાનકોશ માટે બે વિભાગીય સંપાદકો માટેની વરણી-સમિતિ પર બે નિષ્ણાતોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મહરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૮૦થી બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ કૉલેજ, કડી નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂંક કરવામાં આવે :

૧. જરૂરી લાયકાત ધરાવતા એક વ્યાયામ શિક્ષક

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓ:

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળ-માંથી કરેલ કુલ ખર્ચનાં આંકડા મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારીભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી "ગ્રેજ્યુઇટી ફંડ" ઉભું કરવામાં આવે.

૨૬. જૂન ૧૯૮૦ની જાહેરાત માન્યતા મેળવવા આવેલી અરજીઓ પૈકી નીચે જણાવેલ કૉલેજો/માન્ય સંસ્થાના સ્થાનિક તપાસસમિતિના હેવાલ હજુ સુધી આવેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

૧. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. બી. પી. પ્રત્યભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૩. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
૪. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૫. ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર
૬. ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ભીલોડા
૭. બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુર
૮. અમદાવાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જાહેરાત અંગેના સ્થાનિક તપાસસમિતિઓના હેવાલો આવ્યેથી તે પર આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૭. ભાષાનાં પાઠ્યપુસ્તકો નિયત કરતી વખતે અભ્યાસક્રમના ગુણમાં અભ્યાસસમિતિઓએ પુસ્તકોની ખરીદીમાં ફેરફાર કર્યા છે તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭ના સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

R. Arts 7 :

Sanskrit--Paper III :

1.	Rupak	... 50 marks
2.	Kavya	... 20 marks

Prakrit–Paper V :

1.	Translation from Unseen Prakrit	... 20 marks
2.	Translation into Prakrit	... 10 marks
3.	Grammar	... 40 marks

Pali—Paper V :

1.	Translation from Pali	... 20 marks
2.	Translation into Pali	... 10 marks
3.	Grammar	... 40 marks

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

તે પછી સભાગૃહની રજામંદીથી બાબત નં. ૨૮, ૨૯ અને ૩૦ ઉપરની વિચારણા બુધવાર, તા. ૧૨--૩--૧૯૮૦ના રોજ હાથ ધરવાનું રાખ્યું.

૩૧. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦--૨--૧૯૮૦ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો સર્વશ્રી પરેશભાઈ મજમુદાર અને અરવિંદભાઈ શાહના નીચેના પ્રસ્તાવ આ સભાની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં 'રીડર' અને 'પ્રોફેસર' પરની જગ્યાઓ પરની નિમણૂકો માટેનાં લાયકાતનાં ધોરણોમાં નીચેની નોંધ ઉમેરવામાં આવે એવું આ સભા ઠરાવે છે :

Note.—Notwithstanding anything contained above it shall be competent for the Executive Council to appoint on the recommendations of the Selection Committee a person as a Professor or Reader provided he has to his credit independent and original achievement of recognised merit in the subject."

શ્રી. કે. એસ. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે બીજી યુનિવર્સિટીઓનાં ધારાધોરણો જોઈનપાસીને સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો હવાલ રજૂ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવે.

શ્રી. કે. એસ. શાસ્ત્રીનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે ઉપર મુજબ મંજૂર કરવામાં આવેલા પ્રસ્તાવમાં અભિપ્રેત છે તે સમિતિની રચના નીચે મુજબ કરવી :

(૧) વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૩) વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૪) ધારાશાસ્ત્ર વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
(૫) શ્રી. કે. ડી. દેસાઈ
(૬) શ્રી. કે. એસ. શાસ્ત્રી
(૭) ડૉ. એમ. પી. કક્કર.
(૮) ડૉ. કે. જી. દેસાઈ

તે પછી ઠરાવવામાં આવ્યું કે આ સભાગૃહનું કામકાજ બુધવાર, તા.૧૨--૩--૧૯૮૦ના રોજ બપોરે ૪--૦૦ વાગ્યા ઉપર મોકૂફ રાખવામાં આવે.

ઉપરના ઠરાવ મુજબ મોકૂફ રાખવામાં આવેલી સભા બુધવાર, તા. ૧૨--૩--૧૯૮૦ના રોજ બપોરે ૪--૦૦ વાગ્યે મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું અને તા. ૧૧--૩--૧૯૮૦ના રોજ મોકૂફ રાખવામાં આવેલી બાબતો નં. ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૮, ૨૯ અને ૩૦ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૨. તા. ૧૨--૧--૧૯૮૦ના રોજ મળી ગયેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ બાબત ક્રમાંક ૧૩(૨) ઉપર કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે એમ.ફિલ.નો પરીક્ષા માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો સૂચવવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી; અને તે સમિતિનો હેવાલ આવ્યેથી તે પર આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. ડૉ. વી. સી. શાહ
૫. ડૉ. વી. પી. શાહ
૬. પ્રો. એમ. પી. ભટ્ટ
૭. ડૉ. કે. જી. દેસાઈ
૮. ડૉ. આંબાશંકર નાગર
૯. ડૉ. એમ. પી. કક્કર.

૩૩. **બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧—૨—૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

"યુનિવર્સિટી કોર્ટની તા. ૬/૭—૧૨—૧૯૭૯ની સભાએ ઑર્ડિ. ૬૫—ઑફ (૧)(એ) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સત્તામંડળોને ભલામણ કરી છે. તે અંગેનો સુધારો કરવાની ભલામણ નહીં સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫—ઑફ (૧)(એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*i*) A recognised post-graduate teacher, who or (*ii*) a recognised assistant post-graduate teacher with three years' teaching experience at post-graduate level in the subject concerned, who has three research papers, or three articles of high quality or a published monograph in a subject, provided that his research papers, or articles, or the monograph, as the case may be, are/is adjugded by a competent person to be appointed by the Vice-Chancellor of a sufficiently high quality."

૩૪. **બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૧—૨—૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

"ચાલુ વર્ષની એમ.ફિલ. પરીક્ષાઓની સંપૂર્ણ યોજના તૈયાર કરવા કુલપતિશ્રી ઉપરાંત એમ.ફિલ. કમિટીઓના કન્વીનરોની મીટિંગ બોલાવીને ચાલુ વર્ષ પૂરતું યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે એકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખાનું જોડાણ આપવા માટે ઉત્તરપૂર્વ ઉચ્ચ કેળવણી મંડળ,પિલવાઈ તરફથી આવેલ અરજી.

આથી કરાવવામાં આવે છે કે ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.કોમ.ના (એક વર્ગ) અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૮૦થી તા. ૧૪--૬--૧૯૮૧ સુધીનું વર્ષાવનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

૧. એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

૨. વાણિજ્યના એક વ્યાખ્યાતા.

નોંધ.—વધારાના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂંકો માટે રાજ્ય સરકારની પૂર્વ સંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટીને જાણ કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) વાણિજ્ય વિદ્યાશાખા માટે ગ્રંથાલયમાં નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

૧. પુસ્તકો	રૂા. ૫,૦૦૦
૨. સામયિકો	રૂા. ૧,૦૦૦
૩. સંદર્ભગ્રંથો	રૂા. ૧,૦૦૦

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબના શિક્ષક વર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષક વર્ગના તેમજ બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓ માટે તા. ૧--૪—૧૯૭૮થી "ગ્રેજ્યુઈટી ફંડ" ઊભું કરવામાં આવે; અને

(૬) વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં કોઈ પણ વિષયનું શિક્ષણ બંધ કરવામાં નહીં આવે તેવી બાંયધરી આપવામાં આવે.

૩૬. જૂન, ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખાનું જોડાણ આપવા માટે કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી આવેલ અરજી.

આથી કરાવવામાં આવે છે કે કાપડિયા એન એમ. એમ. એસ આર્ટ્સ કોલેજ, સંખેડા, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.કોમ.ના (એક વર્ગ) અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી ૧૪-૬-૧૯૮૧ સુધીનું વધારાનું ન્હેડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

(૧) નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

૧. એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા.

૨. વાણિજ્યના એક વ્યાખ્યાતા.

નોંધ.—વધારાના ન્હેડાણ માટે નવા શિક્ષકોની નિમણૂંકો માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટીને જાણ કરવામાં આવે.

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંઝવી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) વાણિજ્ય વિદ્યાશાખા માટે ગ્રંથાલયમાં નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

પુસ્તકો	રૂ. ૧૫,૦૦૦-૦૦
સામયિકો	રૂ. ૧,૦૦૦-૦૦
સંદર્ભ ગ્રંથો	રૂ ૧,૦૦૦-૦૦

(૪) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબના શિક્ષક વર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લહેણું ચૂકવવાનું બાકી નથી તેનું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષક વર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી "ગ્રેજ્યુઈટી ફંડ" ઊભું કરવામાં આવે, અને

(૬) વિનયન વિદ્યાશાખામાં કોઈપણ વિષયનું શિક્ષણ બંધ કરવામાં નહિ આવે તેવી બાંયધરી આપવામાં આવે.

૩૭. સદરહુ બાબતની વિચારણા બાજુની બાબત નં. ૧૪ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૮. બીજા વર્ષ બી.એસસી.ના નવા અભ્યાસક્રમનું માળખું સુધાર્યું છે તે મુજબ અભ્યાસક્રમનો રેગ્યુ. ૮ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી.ના બીજા વર્ષના નવા અભ્યાસક્રમના સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવા તથા તે મુજબ સુધારેલો રેગ્યુ. ૮ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આપેક્ષિકોના વિષયમાં કેટલા પ્રયોગો રાખવા તથા તેનો સમય કેટલો રાખવો તે તથા પ્રયોગોના અભ્યાસક્રમ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સુધારેલા રેગ્યુ. ૮ની નકલ [illegible] "ણ" તરીકે સામેલ છે.)

૩૯. **કુલપતિશ્રીની ભલામણ અન્વયે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨--૩--૧૯૭૯ની સભામાં ઑ. ૧૬૭ અન્વયે યુનિવર્સિટીમાં કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે પ્રિ. કે. એન. શાહની રૂ. ૨,૫૦૦ ઉચ્ચક માસિક પગારથી ત્રણ વર્ષ માટે નિમણૂક કર્યાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૪ અને ૩૭ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૧. **સેકન્ડ બી.કૉમ. પરીક્ષા માટેના નવા અભ્યાસક્રમમાં અંગ્રેજી વિષયને બદલે "કૉમર્શિયલ કૉમ્યુનિકેશન" વિષય દાખલ કરવામાં આવેલ હોઈ તે વિષયમાં અગાઉના અંગ્રેજીના વિષયની જેમ યુકિતને માટે ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ રાખવા કે સદરહુ પરીક્ષાનાં અન્ય વિષયોનાં જેમ ૪૪ ટકા ગુણ ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સદરહુ પરીક્ષામાં જૂના અભ્યાસક્રમ મુજબના અંગ્રેજીના વિષયમાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમના કૉમર્શિયલ કૉમ્યુનિકેશનના વિષયમાં મુક્તિને પાત્ર ગણવા,

તે પછી તા. ૧૧—૩—૧૯૮૦ના રોજ મોકૂફ રાખવામાં આવેલી બાબતો નં. ૧૯થી ૨૨ અને ૨૮થી ૩૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૯. **ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિન્દીની જગ્યા માટે તા. ૨૯--૨--૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૯--૨--૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિન્દીની જગ્યા પર ડૉ. બી. એસ. પટેલની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯--૨--૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "**ધ**" તરીકે સામેલ છે.)

૨૦. **મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન-સાયકોલોજીની બે જગ્યાઓ (એક અનામત જગ્યા સહિત) માટે તા. ૨૯--૨--૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન સાયકોલોજીની બે જગ્યાઓ પૈકી એક બિનઅનામત જગ્યા પર વરણીસમિતિની તા. ૨૯—૨—૧૯૮૦ ની સભાએ કરેલી ભલામણ મુજબ નીચે પ્રમાણે ક્રમાનુસાર નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. (શ્રીમતી) પી. એચ. રાવલ

૨. ડૉ. (કુ.) કે. કે. ભટ્ટ.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯--૨--૧૯૮૦ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "**ચ**" તરીકે સામેલ છે.)

૨૧. **એચ. કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગમાં રીડર--અધ્યક્ષશ્રીની જગ્યા માટે તા. ૨૯--૨--૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ટરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટેનાં લાયકાતનાં ધોરણો અંગેનો પ્રશ્ન ઉપર બાબત નં. ૩૧ માં નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯--૨--૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૨. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઈન-સોશિયોલોજીની જગ્યા માટે તા. ૩--૩—૧૯૮૦ના રોજ મળેલ વરણી-સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩—૩—૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ઈન સોશિયોલોજીની જગ્યા પર શ્રીમતી ઉષા એસ. કન્હારેની નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩--૩--૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૮. ભાષા-ભવનમાં રીડર-ઈન-ગુજરાતીની જગ્યા માટે તા. ૫—૩--૧૯૮૦ના રોજ મળેલ વરણી-સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૫--૩--૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-ભવનમાં રીડર ઈન ગુજરાતીની જગ્યા પર ડૉ. ડી. આઈ. પરીખની નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૫--૩--૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૨૯. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્રોફેસરની જગ્યા માટે તા. ૮--૩--૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮--૩--૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્રોફેસરની જગ્યા પર ડૉ. જી. પી. કેશવની નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૮--૩--૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૩૦. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડરની બે જગ્યાઓ માટે તા. ૮—૩--૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮--૩--૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડરની બે જગ્યાઓ માટે નીચેના ક્રમમાં નિમણૂકો કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. ડી. જે. મહેતા

૨. શ્રી. બી. એસ. દવે

૩. કુ. વી. આયર.

(સદરહુ વરણીસમિતિની તા. ૮--૩--૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે.કાઉ. / ૩૭૪૯ /૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા, અમદાવાદ--૩૮૦૦૦૯
મે ૧૫, ૧૯૮૦.

કું. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૬

THIRD B.Sc./B.A.

Statistics Paper I to V-same as before (including Practicals)

Paper VI (Optional)

(*a*) Reliability Theory, Defination of reliability, derivation of reliability function, wearout and reliability, Reliability of series and parallel systems; Exponential and normal models in life testing and reliability.

(*b*) Psychometric methods. Scaling of test; terms and test scores, scaling of rating and ranking in terms of normal curve, scaling of qualitative answers to a question are practical methods of estimating test reliability, Intelligent tests and intelligent quotients.

(*c*) Game theory and input-output analysis : Strictly determined and non-strictly determined games, matrix games, games in which one player-two strategies; illustrative approach to input-output analysis.

(*d*) Biometries : Mendelian experiments and Mendel's laws of inheritance. Genotypes-dorminent and recessive. Random mating. Bayes' therem and Mandelian hypothesis sex-linked characters.

(*e*) Genetics : Physical basis of heredity, single gene inheritance, Two or more gene heritance, genetics interaction, genetics of sex.

Books

(1) Igor Bazovsky : Reliability Theory and Practice : (Prentice Hall 1961)
Chapters : 1, 2, 3, 4, 5, 6, 10, 11.

(2) Goon, Gupta & Dasgupta : Fundamentals of Statistics, Vol. II,
(World Press, Calcutta) Chapter 23.

(3) Kemeny, Snell & Thompson, Introduction to Finite Mathematics
(Prentice Hall of India Pvt. Ltd., 1968)
Chapter VI (Articles 4, 5, 6, 7, 8, 9)
Chapter VII (Articles 8 and 9).

(4) K. Mather : Measurement of Linkage in Heredity.
W. D. Stansfield : Theory and Problems of Genetics
Schaum's outline senes Chapters 1, 2, 3, 4, 5.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૯

LL.M.—GROUP IV

Paper III :

General Principles of the Law of Torts

Syllabus :

1. The Nature of Torts
2. General Characteristics of Tretious Liability
3. Remoteness of Damage
4. Abuse of Logal Procedure
5. Death in Relation to Torts
6. Vicarious Liability
7. Employer's Liability
8. Joint Tortfeasors
9. Remedies
10. Capacity
11. Defences
12. Extinction of Liability in Torts
13. Strict Liability—The rule in Rylands V. Fletcher
14. Strict Liability—Animals.

Paper IV :

Specific Torts.

Syllabus :

1. Trespass to the Person
2. Negligence
3. Contributory Negligence
4. Nervous shock
5. Breach of Statutory Duty
6. Liability for Land and Structures
7. Liability for Chattel
8. Liability for Statements
9. Defamation
10. Nuisance
11. Deceit

12. Trespass to Land
13. Trespass to Goods
14. Conversion and other Injuries to Goods
15. Injuries Affecting Family and Service Relationships
16. Interference with Contract or Business
17. Miscellaneous and Doubtful Torts
18. Right to Privacy

Suggested Readings for Papers III and IV

1. Winfield on Tort (edited by Jolewixz and Lewis)
2. Fleming J. G. —The Law of Torts
3. Salmond on the Law of Torts (edited by R. F. V. Houston)
4. S. Ramaswamy Iyer : The Law of Torts
5. Law Commission : 1st Report
6. Ratanlal and Dhirajlal : The Law of Torts
7. Clerk and Lindsell : The Law of Torts
8. Kemp and Kemp : Quantum of Damages in Personal Injury Claims
9. Street : Principles of the Law of Damages
10. Street : Foundations of Legal Liability, Vol. I
11. Harper and James : The Law of Torts (1956)
12. Restatement of the Law of Torts (American Law Institute)
13. Ram Murthy—Malicious Prosecution & Defamation
14. Glandwill Williams : Joint Torts and Contributory Negligence
15. Tonny Weil : Cases on the Law of Torts.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૪

એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫—૪—૧૯૭૯ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીની પરીક્ષાઓની સમગ્ર કામગીરી (મોડરેશન, ૩મી પદ્ધતિ, કૉલેજોને સોંપવામાં આવતા પ્રશ્નો, આંતરિક ગુણાંકન પરીક્ષા ઇત્યાદિ) જોઈ-તપાસી તેમાં ક્યા અને કેટલા ફેરફાર કરવા જરૂરી છે અને શક્ય છે તે જોઈતપાસી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા નીમેલી સમિતિની સભાઓ તા. ૧—૮—૧૯૭૯, ૧૩—૮—૧૯૭૯, ૨૮—૯—૧૯૭૯, ૫—૧૦ ૧૯૭૯, ૧૨—૧૦ ૧૯૭૯, ૨૬—૧૧—૧૯૭૯, ૧૩—૧૨—૧૯૭૯ અને ૧૦—૧—૧૯૮૦ના રોજ મળી હતી અને આ સભાઓએ નીચે મુજબ ભલામણો કરી છે :

પરીક્ષા કૉલેજોને સોંપવા અંગે

૧. શૈક્ષણિક દૃષ્ટિએ વિવિધ પાસાંઓના સંબંધમાં વિચારતાં હાલના તબક્કે કોઈ પરીક્ષા કૉલેજને સોંપવી નહિ

આંતરિક મૂલ્યાંકન

૨. આંતરિક મૂલ્યાંકનમાં જે ૨૫.૧ ગુણાંકનું ધોરણ છે તે ચાલુ રાખવું પરંતુ કસોટી પરીક્ષાઓ અને વિદ્યાર્થીની નિયમિતતા, ટ્યુટોરિયલ્સ, હાજરી ઇત્યાદિ અંગે આંતરિક મૂલ્યાંકન ગુણનું જે વિભાજન છે તેમાં પુનઃ વિચારણા જરૂરી જણાય તો આ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખા સમક્ષ વિચારણા માટે મૂકવાનું રાખવું.

ક્રેડિટ ગુણ

૩. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓનાં પરિણામો નક્કી કરતી વખતે વિદ્યાર્થીએ ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં મેળવેલ ગુણને આધારે ૧૦૦ ગુણના પ્રોરેટા ગણી ક્રેડિટ ગુણ ગણતરીમાં લેવામાં આવે છે.

આ પદ્ધતિ દાખલ કરવા પાછળનો હેતુ વિદ્યાર્થી તેના અભ્યાસના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ દરમિયાન પણ વધુ ક્રેડિટ મેળવવા પ્રયત્નશીલ, મહેનતુ અને અભ્યાસમુખી રહે તે હતો અને છે; પરંતુ આ સમિતિ માને છે કે વિદ્યાર્થીને હજુ પણ વધુ અભ્યાસમાં સતત નિયમિત કાર્યશીલ બનાવવો હોય તો તેણે પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં આ બંને પરીક્ષાના કુલ ગુણમાંથી મેળવેલ ગુણને તેની પદવી પરીક્ષાના મૂલ્યાંકન સાથે સ્થાન આપી પદવી પરીક્ષાના પરિણામનો એક ભાગ ગણી તે પરિણામ નક્કી કરવાનું રાખવું અથવા પ્રથમ અને દ્વિતીય વર્ષની પરીક્ષાનું વેઇટેજ દ્વિતીય વર્ષની પરીક્ષા માટે ૧૦ ટકા ગણવાનું રાખવું. આમ કરવાથી વિદ્યાર્થી ત્રણ વર્ષ અભ્યાસ માટે ગંભીર બની અભ્યાસાભિમુખ બનશે, જેથી આખરી પદવી પરીક્ષામાં સારો દેખાવ કરવાનું ધ્યેય પાર પાડી શકે. આ ભલામણ વાણિજ્ય વિદ્યાશાખાએ કરેલી છે તે પ્રમાણે વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાના અભિપ્રાય મેળવી તે એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવાની આ સમિતિ ભલામણ કરે છે.

પરીક્ષાના ગુણ અંગે

૪. (અ) વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં જુદા જુદા વિષયોની પ્રાયોગિક પરીક્ષા માટે જે ગુણ રાખવામાં આવેલા છે તે ગુણનું વેઇટેજ ઘટાડવું જોઈએ, એમ આ સમિતિને લાગતું હોઈ વિજ્ઞાન વિદ્યાશાખા સમક્ષ આ બાબત વિચારણા માટે મોકલવી, અને તે જે ભલામણો કરે તે એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવામાં આવે.

૪. (બ) જે વિષય કે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષાની જોગવાઈ હોય અને જો પ્રાયોગિક પરીક્ષામાં અલાયદું પાસ થવાનું ધોરણ ન હોય તો ત્યાં પ્રાયોગિક પરીક્ષામાં અલાયદા ઉત્તીર્ણ થવા માટે શું ધોરણ નક્કી કરવું તે બાબત લાગતીવળગતી અભ્યાસસમિતિઓની ભલામણો મેળવીને જે તે વિદ્યાશાખાઓનો અભિપ્રાય મેળવીને એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવાનું રાખવું.

૫. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં પૂર્વસ્નાતક અંગે સ્નાતક પરીક્ષાઓમાં કેટલાક વિષયોમાં એકથી વધુ પેપર હોય છે, પરંતુ પ્રત્યેક પેપરમાં ઉત્તીર્ણ થવા અમુક ગુણ મેળવવાના હોઈ લઘુતમ મર્યાદા નથી તો આ સમિતિ ભલામણ કરે છે કે જે તે વિષયના પ્રત્યેક પેપરમાં ઓછામાં ઓછા ૨૫ ટકા ગુણ મેળવવાનું આવશ્યક ગણવું.

પરીક્ષા સંચાલન

૬. પરીક્ષા ખંડના બ્લોકમાં ૪ ફૂટ લાંબી બેંચ હોય ત્યાં તે પર ૧ વિદ્યાર્થી અને ૬ ફૂટ લાંબી બેંચ હોય તેના પર ૨ વિદ્યાર્થી બેસે તે રીતે બેઠક નંબરો ગોઠવે અને જ્યાં એકસાથે બે પરીક્ષાઓ એક જ કેન્દ્ર પર હોય તો ત્યાં મિક્સ્ડ બ્લોક (Mixed Block) શકય હોય તો રાખવા સૂચવવું અને પરીક્ષાખંડની ભીંતો કે પાટલી પર કોઈપણ પ્રકારના લખાણ હોય તો તે પરીક્ષા શરૂ થતાં પહેલાં દૂર કરવા જે તે સંસ્થાના આચાર્યને તથા સીનિયર સુપરવાઈઝરને ખાસ સૂચના આપવી અને પ્રબંધ કરવા જણાવવું.

૭. પરીક્ષા ચાલતી હોય ત્યારે પ્રત્યેક કેન્દ્રમાં નિરીક્ષકો (Observers) મોકલવાની જે પ્રથા છે તે પ્રથા વ્યવસ્થિત કરી પ્રત્યેક પરીક્ષાનાં કેન્દ્રો પર નિરીક્ષકો મોકલવાની જરૂર આ સમિતિને લાગે છે.

૮. સ્થાનિક નિરીક્ષકો, જુનિયર સુપરવાઈઝર તથા ઓબ્ઝર્વરને તેમની કામગીરી અસરકારક કરવા માટે પૂરતી સવલતો આપવી અને તે માટે પ્રબંધ કરવો.

ડમી પદ્ધતિ

૯. આ યુનિવર્સિટીની બી.એ., બી.એસસી. પદવી પરીક્ષામાં બી.કોમ.ની માફક ડમી પ્રથા દાખલ કરવી અને એમ.એસસી. પરીક્ષામાં પણ એમ.એ., એમ.કોમ. તથા એમ.બી.,બી,એસ.ની માફક ડમી પ્રથા દાખલ કરવી. અનુસ્નાતક પરીક્ષામાં ડમી પ્રથા સાથે પ્રત્યેક પેપરમાં બે વિભાગ અવશ્ય રાખવામાં આવે તેવી નિયમોમાં જોગવાઈ કરવી.

પ્રશ્નપત્રો કાઢવા અંગે

૧૦. (અ) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની છેલ્લી ડિગ્રી પરીક્ષામાં પ્રશ્નપત્ર તૈયાર કરવા પ્રત્યેક પ્રશ્નપત્ર માટે ઈન્ટર્નલ અને એક્ષ્ટર્નલ પ્રાધ્રિન્કોનું બોર્ડ નીમી તેમની પાસેથી પ્રત્યેક પેપરના ઓછામાં ઓછા ત્રણ સેટ તૈયાર કરાવી અને તેમાંથી કોઈ પણ એક સેટનો ઉપયોગ જે તે પરીક્ષા માટે કુલપતિશ્રી કરી શકે તેવો પ્રબંધ કરવો અને બાકી રહેલા બે સેટમાંથી તે વર્ગ દરમિયાન બીજા સેટનો ઉપયોગ કરવો અને તે પરીક્ષાને અંતે ત્રીજા સેટનો નાશ કરવો.

અથવા

વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની છેલ્લી પદવી પરીક્ષાના કેવળ પેપરસેટિંગ માટે પ્રાધ્રિન્કોનાં નામ કુલપતિથી નક્કી કરવાનું રાખે.

૧૦. (બ) થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કૉમ.ની પરીક્ષા પૂરતા, જુદા જુદા વિષયોનાં પ્રશ્નપત્રો કાઢતી વખતે પ્રાશ્નિકોની મીટિંગ બોલાવવાની પ્રથા છે તે રદ કરીને અધ્યક્ષ પ્રશ્નપત્રો કાઢવાની ફાળવણી કરે તે મુજબ સહપ્રાશ્નિકો અધ્યક્ષને પ્રશ્નપત્રોનો ડ્રાફ્ટ મોકલી આપે તે ઉપરથી અધ્યક્ષ બધાં પ્રશ્નપત્રો ફાઇનલાઈઝ (finalise) કરી યુનિવર્સિટીને સુપરત કરે તેવી પ્રથા અપનાવવાની ભલામણ કરે છે.

૧૦. (ક) મેડિકલ અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓની પ્રત્યેક પરીક્ષાઓમાં પણ પ્રશ્નપત્ર તૈયાર કરવા પ્રત્યેક પ્રશ્નપત્ર માટે ઇન્ટર્નલ અને એક્ષ્ટર્નલ પ્રાશ્નિકો પાસેથી પ્રત્યેક પેપરના ઓછામાં ઓછા ત્રણ સેટ તૈયાર કરવા અને તેમાંથી કોઈપણ એક સેટનો ઉપયોગ જે તે પરીક્ષા માટે કુલપતિશ્રી કરી શકે તેવો પ્રબંધ કરવા અને બાકી રહેલા બે સેટમાંથી તે વર્ષ દરમિયાન બીજા સેટનો ઉપયોગ કરવા અને તે પરીક્ષાને અંતે ત્રીજા સેટનો નાશ કરવાની પ્રથા રાખવી કે કેમ તે બાબત જે તે વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

મહેનતાણા અંગે

૧૧. (અ) આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષામાં સુપરવિઝનના કામ અંગે જે મહેનતાણું છે તે ઘણું ઓછું છે. મોટા ભાગના અધ્યાપકો આ કાર્ય સ્વીકારતા નથી. જે અધ્યાપકો જુનિયર સુપરવાઇઝર અને સીનિયર સુપરવાઇઝર નિમાય તેમનો આ કાર્યમાં સહકાર ચાલુ રહે અને પરીક્ષાનું સુપરવિઝનનું કામ વધુ જવાબદાર વ્યક્તિઓ દ્વારા વ્યવસ્થિત રીતે થાય અને પરીક્ષામાં થતી ગેરરીતિઓ અટકે તે હેતુથી સુપરવાઇઝરને આપવામાં આવતું હાલનું વેતન જે છે તેમાં ફેરફાર કરી નીચે પ્રમાણે કરવા વિચારણા કરવી :

જુનિયર સુપરવાઇઝર	... રૂ.	૧૦—૦૦ (સેશન દીઠ)
સીનિયર સુપરવાઇઝર	... રૂ.	૨૦—૦૦ (સેશન દીઠ)

૧૧. (બ) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં ફર્સ્ટ ઇયર, સેકન્ડ ઇયર અને થર્ડ ઇયર પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર કાઢવાના અને ઉત્તરપત્રો તપાસવાના જે મહેનતાણાના દર જુદા છે તેને બદલે વિદ્યાશાખામાં બધી જ કક્ષાએ પરીક્ષાઓનું મહેનતાણું એકસરખું રાખવું, જેથી નીચલી પરીક્ષામાં અનુભવી શિક્ષકો કામ કરવા તૈયાર થાય.

૧૧. (ક) ઉપર પ્રમાણે જે મહેનતાણાના દરમાં ફેરફાર સૂચવ્યા છે તે પ્રમાણે પરીક્ષાના અન્ય કામ અંગે પણ જે જે વ્યક્તિઓને નીમવામાં આવે છે એમને તે પ્રત્યેક કાર્યના મહેનતાણા માટે દર સુધારવા આ સમિતિ ભલામણ કરે છે.

અન્ય બાબતો

૧૨. ઉત્તરવહીના મુખ્ય પાને વિદ્યાર્થીઓને જે સૂચનાઓ આપવામાં આવતી તે છાપવાની બંધ કરી છે તે છાપવી જરૂરી છે, તેથી આ સૂચનાઓ ઉત્તરવહીના પહેલે પાને છપાવી, વિદ્યાર્થીઓને ઉત્તરવહીઓ પરીક્ષા ખંડમાં આપવી.

૧૩. શક્ય હોય ત્યાં સુધી પરીક્ષાના કાર્યક્રમ વિચારતી વખતે બે પરીક્ષાઓ એકી સાથે લેવાય અને પ્રત્યેક કૉલેજમાં એકીસાથે બે પરીક્ષાનાં કેન્દ્ર આપવાં જેથી એક પાટલી પર એક જ પરીક્ષાના બે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવી ન પડે.

૧૪. યુનિવર્સિટી પરીક્ષાઓમાં નીમવામાં આવતા પ્રાશ્નિકો/પરીક્ષકો પાસેથી એફિડેવિટ મંગાવવાની જે પ્રથા છે તે બંધ કરવી.

૧૫. જે પરીક્ષામાં મોડરેશનની પદ્ધતિ હોય ત્યાં પરીક્ષકોએ પોતાના વિષય માટેની સ્કીમ ઑફ એસેસમેન્ટ વિસ્તૃત (detail) આપવાની સૂચના આપવી અને આ માટે રૂ. ૧૦૦—૦૦નું જુદું મહેનતાણું પ્રાધ્યિકોને આપવું. આ સમિતિ પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી., બી.કૉમ. પરીક્ષાઓમાંથી મોડરેશન પ્રથા રદ કરી ફક્ત પદવી પરીક્ષામાં જ્યાં ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ હોય ત્યાં મોડરેશન પદ્ધતિ રાખવાની ભલામણ કરે છે.

૧૬. જુદી જુદી વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓ પ્રાધ્યિક—પરીક્ષકો નીમવા માટે જે ભલામણ કરે તેમાં બને ત્યાં સુધી કોઈ ફેરફાર ન થાય તે ઇચ્છવા યોગ્ય છે, છતાં કોઈ અનિવાર્ય કારણસર તેમાં ફેરફાર કરવાની જરૂર લાગે તો એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે સમિતિ નીમે તેમાં લાગતા-વળગતા ડીનને પણ બોલાવવાનું રાખી જરૂરી ફેરફાર કરવા આ સમિતિ ભલામણ કરે છે.

૧૭. પ્રાધ્યિક—પરીક્ષકોની નિમણૂક અંગે જે ધારાધોરણ પ્રમાણે નિમણૂક કરવી જરૂરી હોય તે ધારા-ધોરણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પહેલેથી નક્કી કરી લાગતીવળગતી સમિતિને જણાવવાં.

૧૮. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રાધ્યિક-પરીક્ષકો નીમવા માટે જે ગુણાંક ગણવામાં આવે છે તે ગુણાંક ગુણવાની પદ્ધતિ નવેસરથી વિચારણા અંગે એકેડેમિક કાઉન્સિલની એક સમિતિ નીમી તે અંગેની પુનઃ વિચારણા કરવા ભલામણ કરે છે.

૧૯. પ્રાધ્યિક—પરીક્ષક નીમવા માટે જે માહિતી મંગાવવામાં આવે છે તે આવેદનપત્રમાં શિક્ષક જે વિષય તથા પ્રશ્નપત્ર પદવી કે અનુસ્નાતક કક્ષાએ શીખવતા હોય તે આવેદનપત્રમાં દર્શાવવાનું રાખવું.

૨૦. ફક્ત પ્રાધ્યિક તરીકે કે ડિક્ટેશન તપાસવા જેમની નિમણૂક થાય તેમના ટર્ન ગણવા નહીં.

૨૧. બી.એડ. પાર્ટ ૧ની પરીક્ષામાં પ્રત્યેક પ્રશ્નપત્ર પ્રમાણે પ્રાધ્યિક—પરીક્ષકોની અલગ પેનલ નીમવાનું રાખવું અને તે બધા જૂથ માટે એક ચીફ કો-ઓર્ડિનેટરની નિમણૂક કરવી.

૨૨. કૉલેજનું સત્ર ૭ મી એપ્રિલ સુધી લંબાતું હોવાથી વેકેશન ઘટ્યું અને પરીક્ષા લેવા માટેનો સમય પણ ઘટ્યો હોવાથી રજાઓના દિવસે પણ પરીક્ષા ચાલુ રાખવાની આ સમિતિ ભલામણ કરે છે.

ઉપરોકત ભલામણો કર્યા પછી સમિતિ સમક્ષ નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી અને તે આધારે સમિતિએ નીચે પ્રમાણે ભલામણો કરી છે :

૨૩. તબીબી પરીક્ષાઓના પરીક્ષકોની નિમણૂક અંગેના નિયમો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦—૭—૧૯૭૯ની સભામાં ઠરાવ અનુસાર વિચારણા કરતાં આ નિયમો તે ફેકલ્ટી પૂરતા સ્વીકાર્ય છે. આ નિયમો અન્ય ફેકલ્ટીને લાગુ પાડવા શકય નથી.

૨૪. યુનિવર્સિટી પરીક્ષાઓમાં પ્રાધ્યિક—પરીક્ષકોની નિમણૂક અંગે ડૉ. એ. એમ. મલાવવાળાના તા. ૨૫-૭—૧૯૭૮ના પત્રમાં જણાવેલ સૂચનો અંગે નોંધ લેવામાં આવી.

૨૫. શ્રી. ભરત આર. પાઠકે તેમના પત્રમાં એમ.એસસી.માં પ્રવેશ મેળવતી વખતે બી.એસસી.ના પ્રેકિટકલના ગુણ ગણવામાં આવે છે તે ગણવા નહીં તે અંગેના સૂચન અંગે વિચારણા કરવા આ સૂચન વિજ્ઞાન વિદ્યાશાખાને અભિપ્રાય માટે મોકલવું.

ઉપરોકત ભલામણો આગામી એકેડેમિક કાઉન્સિલમાં મૂકવા અને બાકીની બાબતો માટે વધુ વિચારણા કરવા આ સમિતિની સભા તા. ૮—૨—૧૯૮૦ના રોજ રાખવામાં આવી છે.

રજની દેસાઈ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૧૯

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader-in-Hindi in the School of Languages, Gujarat University, was held on Wednesday the 29th February, 1980 at 9-00 a.m. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
(2) Dr. A. P. Dixit	Present
(3) Prof. K. K. Pathak	Absent
(4) Dr. Namvarsingh	Present
(5) Dr. A. S. Nagar (Invitee)	Present

The following candidates were called for interview ;

(1) Dr Parkas Kumar	Absent
(2) Dr. P. D. Desai	Present
(3) Dr. Indra Pal Singh	Absent
(4) M. S. P. Mishra	Present
(5) Dr. Gautam R.	Absent
(6) Dr. (Smt.) Usha Mathur	Absent
(7) Dr. J. M. Jain	Present
(8) Dr. B. S. Patel	Present
(9) Dr. K. Sunderlal	Absent

The Committee interviewed the candidates present and considering their respective merits, recommend that Dr. B. S. Patel be appointed as Reader-in-Hindi, in the Department of Hindi, in the University School of Languages.

Prof. K. K. Pathak's letter dated 21st February, 1980 was placed before the Committee. He has also recommended to appoint Dr. B. S. Patel.

Sd/-
P. C. Vaidya
A. P. Dixit
Namvarsingh
A. S. Nagar

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૨૦

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointing to the posts of Reader in Psychology in the School of Psychology, Philosophy and Education, Gujarat University was held on Friday the 29th February 1980 at 12-30 p m. Dr P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Dr. A. S. Patel	Present
3. Dr. P. N. Dave	Present
4. Dr. B. C. Muthayya	Present
5. Dr. H. D. Badami (Invitee)	Present.

The following candidates were called for interview :

1. Dr. A. K. Sexana	Absent
2. Dr. R. K. Parlikar	Absent
3. Dr. B. N. Contractor	Present
4. Dr. J. C. Parikh	Present
5. Dr. Mias K. K. Bhatt	Present
6. Dr. Smt. P. H. Raval	Present
7. Dr. N. M. Patel	Present
8. Shri A. C. Kanawala	Present.

From the candidates called for interview none of them belongs to Economically and Socially Backward Class as per Baxi Commission Report, and hence it is recommended that as per advertisement the reserved post be treated as an unreserved one, and be converted into a general-category post. After, therefore, considering relative merits of the candidates present, the Committee recommends the following two candidates for the two posts of Reader in Psychology in the Department of Psychology in the University School of Psychology, Philosophy and Education, and they be appointed accordingly :

1. Dr. Smt. P. H. Raval
2. Dr. Miss. K. K. Bhatt.

Sd/-
P. C. Vaidya
Vice-Chancellor
A. S. Patel
P. N. Dave
H. D. Badami
(Invitee).

પરિશિષ્ટ "ઇ"

કામકાજ ક્રમાંક ૨૧

Confidential :

A meeting of the Selection Committee for recommendating names for appointment to the post of Reader/Director of Centre for Professional Training was held on Friday the 29th February, 1980 at 5-00 P.M. at University Office, Gujarat University, Ahmedabad-9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :—

(1) Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
(2) Dr. Biharilal Kanaiylal	Absent
(3) Prof. V. S. Vyas	Present
(4) Dr. M. P. Kacker	Present

The following candidates were called for interview :

1. Shri S. C. Kanawala	Present
2. Dr. K. G. Munshi	Present
3. Dr. B. S. Agarwal	Present
4. Dr. J. J. Dave	Present
5. Shri P. M. Inamdar	Present
6. Shri V. P. Trivedi	Present
7. Shri S. V. Parikh	Absent
8, Shri I. G. Dave	Present
9. Shri H. C. Raval	Present

After interviewing the candidates, the Committee was of view that the qualifications for this post should be revised to suit the job requirement.

In the qualifications under (B) "candidates having ability to identify the needs of the Society and design and execute teaching courses accordingly will be preferred". This should be an essential qualification and not a preferential qualification.

In the qualifications under (A), it should be recast imply a post-graduate degree as essential, and preference should be for First or Second Class of that Degree.

The post may be readvertised after such changes.

P. C. Vaidya
V. S. Vyas
M. P. Kacker

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૨૨

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Sociology in the School of Social Sciences, Gujarat University was held on Monday the 3rd March, 1980 at 12-30 p.m. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Dr. A. M. Shah	Present
3. Dr. M. S. Gore	Present
4. Yogendra Singh	Absent
5. Dr. V. P. Shah (Invitee)	Present.

The following candidates were called for interview :

1. Shri D. B. Desai	Present
2. Smt. Usha S. Kanhare	Present
3. Shri A. R. Shah	Present
4. Shri V. A. Joshi	Present.

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends Smt. Usha S. Kanhare for the post of Reader-in-Sociology in the Department of Sociology at the University School of Social Sciences.

Sd/-
P. C. Vaidya
Vice-Chancellor
A. M. Shah
M. S. Gore
V. P. Shah.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૨૮

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader-in-Gujarati in the University School of Languages, Gujarat University was held on Wednesday the 5th March, 1980 at 12—30 p.m. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2.	Prin. A B. Yagnik	Present
3.	Prof. Mansukhlal Zaveri	Present
4.	Dr Bhogilal Sandesara	Present
5.	Dr. Ramanlal J. Joshi (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri C. P. Bhatt	Present
2.	Dr. P. S. Darji	Present
3.	Dr. H. G. Desai	Present
4.	Dr. K. B. Desai	Present
5.	Dr. B. R. Mistry	Present
6.	Shri J. J. Parekh	Absent
7.	Dr. D. I. Parikh	Present
8	Dr. B. R. Patel	Present
9.	Dr. P. T. Patel	Absent
10.	Dr. S. G. Shah	Present
11.	Dr. C. T. Sheth	Absent
12.	Dr. H. A. Vyas	Present

After interviewing the candidates present and considering their respective merits, the committee recommends Dr. D. I. Parikh for the post of a Reader in Gujarati in the University School of Languages.

Sd/-
P. C. Vaidya
A. B. Yajnik
Mansukhlal Zaveri
Bhogilal Sandesara
R. J. Joshi

પરિશિષ્ટ " ૮ "
ક્રમકાર્ય ક્રમાંક ૨૯

Confidential :

A meeting of the Selection Committee for the recommendation of names for appointment to the post of Professor of Business Management in the B. K. School of Business Management, Gujarat University, was held on Saturday the 8th March, 1980 at 10–30 a. m. at the office of the Indian Merchants Chamber, Bombay. Dr. P. C. Vaidya Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2.	Shri Ramu Pandit	Present
3.	Shri Vadilal Dagli	Present
4.	Dr. K. S. Basu	Absent
5.	Dr. M. P. Kacker (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Miss A. S. Iyer	Present
2.	Dr. P. C. Jain	Present
3.	Shri D. J. Mehta	Absent
4.	Shri M. A. Hingorani	Present
5.	Dr. G. P. Keshav	Present
6.	Dr. C. C. Joseph	Absent

On interviewing candidates who were present and considering the merits, the Committee recommends that

(*a*) Dr. G. P. Keshav being found suitable for the post be appointed as Professor in the School of Business Management.

(*b*) Dr. Keshav is at present drawing total emoluments of Rs. 2200/- per month. He has requested that his total emoluments be protected.

Sd/-
P. C. Vaidya
Vadilal Dagli
Ramubhai Pandit
Prof. Kackar

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૩૦

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Reader in Business Management in the B. K. School of Business Management, Gujarat University, was held in Saturday, the 8th March, 1980 at 12-00 Noon at the office of the Indian Merchants Chamber, Bombay. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Shri Ramu Pandit	Present
3. Shri Vadilal Dagli	Present
4. Dr. K. S. Basu	Absent
5. Dr. M. P. Kacker (Invitee)	Present.

The following candidates were called for interview :

1. Shri R. Shrinivasan	Present
2. Smt. Subramaniam Lakshmi	Absent
3. Shri B. S. Dave	Present
4. Dr. R. Saxena	Present

In addition to the candidates mentioned above, the Committee considered the cases of the following candidates for the Reader's post :

1. Miss V. S. Iver
2. Shri D J. Mehta

Who had applied for the post of Professor of these two Shri D. J. Mehta is in the U. S. at present and had written to the Registrar that his case may be considered in absentia and had sent a telegram to that effect also. Both the above candidates have expressed their willingness to be considered for the post of Reader in case they cannot be recommended for the post of Professor.

After interviewing these candidates as well as looking into the credentials of Shri Mehta, the Committee recommends that Shri D. J. Mehta, Shri B S. Dave and Miss. V. Iyer be appointed as Reader in that order in the B. K. School of Business Management; and that Shri D. J. Mehta be offered a starting salary of Rs. 1650.

Sd/-
P. C. Vaidya
Vadilal Dagli
Ramu Pandit
Prof. M Kacker.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૩૭

M.B.,B.S. Course modified as per I. M. C. recommendations

FIRST M.B.,B.S, COURSE

O. M.B.,B.S. 2, 3, 4, 5 and 6 (Same as before)

O. M.B.,B.S. 7 (For students joining in June 1980 and thereafter and appearing in the 1st M.B.,B.S. examination in Oct. 1981 and thereafter).

Candidates before presenting themselves for the first examination shall produce certificates of—

having attended the following courses to the satisfaction of the head of the College :

1. Human Anatomy including Embryology and Histology ;

(*a*) A course of lectures and demonstrations extending over 1½ years on :

(*i*) Principles of human embryology

(*ii*) Principles of human genetics

(*iii*) Histology

(*iv*) Gross anatomy of the entire body including living Anatomy and applied Anatomy.

(*b*) The practical teaching in gross Anatomy done by :

(*i*) students dissecting the human body alongwith demonstrations of dissected parts.

(*ii*) or models and charts of other parts.

(*c*) Practical classes in Histology, Embryology and Genetics.

2. Human Physiology :

A course of lectures and demonstrations and practical work extending over 1½ years — comprising of :

(*a*) General systemic physiology of the human body.

(*b*) principles of bio-physics as applicable to the human body.

(*c*) growth, development, nutrition and dietetics.

(*d*) experimental work involving demonstration of functions of various organ systems on mammalian and other animals including use of instruments required for such demonstration for the purpose of assessment of functions in the human body.

(*e*) general aspects of the applied physiology and clinical human physiology.

3. Bio-chemistry :

A course of lectures, demonstrations and practical work extending for a period of $1\frac{1}{2}$ years—comprising of :

(*a*) Principles of Bio-chemistry as applicable to the human body.

(*b*) bio-chemical examinations of samples of body fluids etc.

(*c*) laboratory work in practical Bio-chemistry.

(*d*) general aspects of the metabolica basis of diseases.

4. Introductory lectures on the following subjects :

(*a*) Principles of Psychology

(*b*) Principles of Bio-Statistics.

(*c*) Role of nutrition in health and diseases.

5. Community Medicine :

The course of theoretical and practical teaching comprising of—

(*a*) Introduction so Community Medicine.

(*b*) Principles of Sociology including demography, population dynimics and elements of bio-statistics, social factors related to health and diseases, urban and rural societies, impact of urbanisation on health and disease, community behaviour and ecology.

(*c*) Elements of normal psychology and social psychology.

(*d*) The students shall also be introduced to the principles of practice of medicine including visits to the hospital for familiarisation with elementary nursing practices, practices of sterilisation, injection and dressing techniques, necessity for record keeping art of communication with patients including history taking, medico social work and immunisation against diseases and health check up.

Note : 1. Teaching of community medicine should be both theoretical as well as practical. The practical aspects of the training programme should include visits to the health establishments and to the community where health intervention programmes are in operation. For this purpose full time staff are necessary. Part time and Honorary staff will not be able to give proper orientation.

Note : 2. In order to inculate in the mind of the students the basic concepts of community medicine to be introduced in this phase of training, it is suggested that the detailed curriculum drawn should include at least 30 hours of lectures, demonstrations, seminars etc., to gether with at least 15 field visits spread over 18 months. (See Appendix-B).

R. M.B.B.S.

The following is the syllabus in the subject of Anatomy at First M.B.,B.S. Examination :

1. Human Anatomy including Embryology & Histology :

(A) (*i*) Two written papers as under of 80 marks each :
Duration 3 hours each.

Paper I. General Anatomy, General Embryology, Head, Neck & Face, Superior extremity & Neuroanatomy.

Paper II. General Histology, Principles of Medical Genetics, Thorax, Abdomen including pelvis, Inferior extremity.

(*ii*) 40 marks of Terminal examinations, 20 marks to be added to each theory paper.

(B) There will be a practical examination and oral as under :

(*i*) Oral (Viva-voce) on :

(1) Axial Skeleton	...13 marks.
(2) Appendicular Skeleton	...12 marks.
(3) Three Histology Slides.	..15 marks.
	Total ...40 marks.

(*ii*) Practicals in

(1) Soft parts of Head, Neck, Face, Superior extremity and Neuroanatomy ..15 marks.

(2) Soft parts of Thorax, Abdomen pelvis and inferior extremity ...15 marks.

and inferior extremity ...15 marks.

(3) Surface Anatomy on (1) Living—5

(2) Dead—5 ...10 marks.

(4) Normal Radiology on (1) Plain X-ray–5

(2) Special techniques–5 ...10 marks.

Total ...50 marks.

Grand Total ...90 marks.

2. Human Physiology including human physiology, experimental physiology, elementary normal psychology.

(A) Theory (1) Two written papers of 80 marks each with duration of 3 hours each.

(2) 40 marks of terminal examinations, 20 marks to be added to each theory paper.

(B) Practical and oral

Practicals	...	50 marks.
Oral	...	40 marks
Day to-day assessment to be added to oral	...	10 marks.

2. Physiology including experimental physiology, human physiology, bio-physics and elementary normal psychology.

(*a*) Two written papers as under :

(*N.B.*—Each written paper shall be divided into two equal sections in one of the 4 sections, one of the questions shall pertain to elementary normal psychology.)

Paper I : Bio-physics, Nerve, Muscle, blood and lymph, respiration and circulation, exeretory system including skin and temperature regulations.

Paper II : Nervous system including autonomic system, special senses, Psychology endoorine and reproductive system.

(*b*) There will be a practical examination in human physiology and experimental physiology and a oral test as under :

(*c*) The scheme of examination :

Practical Examination in Medicine

Practical Examination as detailed below :

In the practical examination in Medicine, the distribution of marks shall be as follows :

Clinical Examination :

(1) Long Case	... 60 marks (Due consideration should be given for elicitation of Physical finding, there interpretation & discussion of the case).
(2) Short Cases :	
Short Case I	... 30 marks
Short Case II	... 30 marks
(3) Viva-Voce I	... 40 marks
(4) Viva-Voce II	... 40 marks

The time to be devoted to the various Practical Examinations in Medicine at the Third M.B.,B.S. Examination shall be as follows:

Not more than 10 candidates will be examined at a time and they will be divided into four groups called A, B, C and D. There will be four pairs of Examiners. They will be numbered as Pair–I, Pair–II, Pair III & Pair IV. The work of practical examination will be distributed as (1), (2), (3) & (4) shown above (other details remain unchanged)."

વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૮૦ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજી એમ.બી.બી.એસ.ની મેડિસિન વિષયની પ્રાયોગિક પરીક્ષા નિયત સમયમાં પરીક્ષકો વચ્ચે સરખે ભાગે કામ વહેંચીને પૂરી કરવા તબીબી વિદ્યાશાખાની તા. ૨૧-૫-૧૯૭૯ની ઉપરની ભલામણ સ્વીકારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. તબીબી વિદ્યાશાખાની પરીક્ષામાં બિનગુજરાતી-ભાષી વિદ્યાર્થીઓને પ્રાયોગિક પરીક્ષા સમયે દુભાષિયાની મદદ આપવા અંગે નિયમો ઘડવા બાબતમાં તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૧-૫-૧૯૭૯ની સભામાં વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનાં નીચેનાં સૂચનો મંજૂર કરવા માટે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦-૭-૧૯૭૯ની સભામાં પુનર્વિચારણા માટે મોકલેલ તે બાબતમાં તબીબી વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૮૦ની

સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"Interpreter in Clinical Examination at Third M.B.,B.S., Diploma and Post-graduate Degree Examinations :

(1) He should be able to translate the patients' language into English and Doctors' instructions or questions into patients language.

(2) He should be able to give names in English of parts of the human body, of liver, stomach, belly, mouth, hand, stools, urine, etc.

(3) He should not be connected with an Hospital, Dispensary or a private practitioner. That is, Nurses, Compounder, etc. are not eligible.

(4) His academic qualifications should not be above the level of the first term of Second M.B.,B.S. student (i.e. first term after passing 1st M.B.,B.S.)."

તબીબી વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. તબીબી વિદ્યાશાખાની તા. ૨૫–૫–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૩–૭–૧૯૭૯ની સભાએ તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલેલી તે બાબતમાં તબીબી વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની પરીક્ષામાં થિયરી અને પ્રાયોગિક પરીક્ષામાં શકય હોય તો ડમી નંબર આપવાની પદ્ધતિ સ્વીકારવા ભલામણ કરવી."

તબીબી વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૮૦ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાઓની જે પરીક્ષાઓમાં હાલ ડમી નંબર પદ્ધતિ ચાલે છે તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી તેમ અભિપ્રાય આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સાથે આ સભાગૃહ સંમત છે.

૨૨. તબીબી વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭૯માં તબીબી વિદ્યાશાખા હેઠળ ૩૫ એ તરીકે ડિપ્લોમા ઇન ફોરેન્સિક મેડિસિન–ડી.એફ.એમ.નો અભ્યાસક્રમ સ્થાપવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ ક્રમાંક ૩૫–એ તરીકે ડિપ્લોમા ઇન ફોરેન્સિક મેડિસિન (ડી.એફ.એમ.)નો બે વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે માટે સ્ટે. ૧૭૯માં જરૂરી સુધારો કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૩. ઇતિહાસની અભ્યાસસમિતિએ તેની તા. ૧૦–૪–૧૯૮૦ની સભામાં પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીય વર્ષ બી.એ. અને એમ.એ. ભાગ ૧ના ઇતિહાસના અભ્યાસક્રમો મંજૂર કરી તેને જૂન ૧૯૮૦ થી અમલમાં મૂકવા ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.–વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કરવા અનુમતિ આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧માં ઇતિહાસના વિષયના સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવા અને તે મુજબ અનુક્રમે રેગ્યુ. આર્ટ્સ–૧, રેગ્યુ. આર્ટ્સ –૭, રેગ્યુ. આર્ટ્સ–૧૨ અને રેગ્યુ. એમ.એ.–૩માં જરૂરી સુધારા મંજૂર કરીને તે સુધારેલા રેગ્યુલેશનો જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા.

૨૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) બી.એ (સબો.)માં આંકડાશાસ્ત્રનો વિષય શીખવાતો હોવા છતાં, સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદની જૂન ૧૯૭૮થી ચાલુ જોડાણ માટેની અરજીમાં તેનો ઉલ્લેખ ન હોઈ ચાલુ જોડાણના અન્ય વિષયો ઉપરાંત આ વિષયનું પણ જૂન, ૧૯૭૮થી કાયમી જોડાણ મંજૂર રાખી તે પ્રમાણે જોડાણ અંગેનું જાહેરનામું સુધાર્યાના;

(૨) ત્રીજા વર્ષ બી.એસસી. ભૌતિકશાસ્ત્રનો અભ્યાસક્રમ મંજૂર કરી જૂન, ૧૯૮૦થી અમલમાં મૂકયાના;

(૩) બીજા વર્ષ બી.એસસી. ભૌતિકશાસ્ત્રના નીચેના અભ્યાસક્રમો તાત્કાલિક અમલમાં મૂકયાના;

પ્રશ્નપત્ર ૪માં "લીનિયર વેકટર સ્પેસ "નો મુદ્દો (Topic) ઇન્ટ્રોડકશનથી રેફરન્સ એકેવિકી સુધી અભ્યાસક્રમમાંથી રદ કરવામાં આવ્યો છે.

૨. પ્રાયોગિક કાર્યમાં નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો છે :
પ્રશ્નપત્ર ૪નો પ્રયોગ ૧ નીચે મુજબ સુધારવામાં આવ્યો છે :
Temperature Coefficient of Resistance Using a P. O. Box.
પ્રશ્નપત્ર ૪નો પ્રયોગ–૫ નીચે મુજબ સુધારવામાં આવ્યો છે.
5 by Photo cell.

પ્રશ્નપત્ર ૪નો નીચેનો પ્રયોગ–૬ રદ કરવામાં આવ્યો છે.

Constants of Ballastic Galvenometer Using Solenoid.

પ્રશ્નપત્ર ૩નો પ્રયોગ–૧૧નું પ્રશ્નપત્ર ૫નો પ્રયોગ–૭ તરીકે ગણવો તથા પ્રશ્નપત્ર ૫નો પ્રયોગ–૭ પ્રશ્નપત્ર ૩નો પ્રયોગ–૧૧ તરીકે ગણવો, જેથી આ સુધારો નીચે મુજબ ગણાશે :

Paper III experiment No. (*ii*) will be read as under Flatness of Plate by Newton's Rings. Paper V Ext. 7 will be read as under (7) Reflective index of liquid by Newtons Rings.

(૪) બીજા વર્ષ બી.એસસી. કેમિસ્ટ્રી થિયરી અને પ્રેક્ટિકલનો અભ્યાસક્રમ તથા ત્રીજા વર્ષ બી.એસસી. કેમિસ્ટ્રી વિષયનો થિયરીનો અભ્યાસક્રમ મંજૂર કરી તેનો જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવાના;

(૫) એમ.એસસી. ભાગ–૨ બોટેનીના પ્રશ્નપત્ર ૬ના રૂપે. પેપરના માર્ક્સ ૭૫ને બદલે ૧૦૦ રાખવામાં આવ્યા છે અને પ્રેક્ટિકલ ૬ ડિઝર્ટેશનના માર્ક્સ ૭૫ને બદલે ૫૦ રાખવામાં આવ્યા છે અને તે તાત્કાલિક અમલમાં મૂકવાના;

(૬) વાણિજ્ય વિદ્યાશાખાની ભલામણ મુજબ બી.વાય.બી.કોમ.ના નીચે જણાવેલ અભ્યાસક્રમો નિયત કરી જૂન, ૧૯૮૦થી અમલમાં મૂકવાના :

(૧) બિઝનેસ ઓર્ગેનાઈઝેશન એન્ડ મેનેજમેન્ટ, પેપર ૩
(૨) બિઝનેસ લૉઝ
(૩) ઇકોનોમિક ઑફ કોટન, પેપર ૩ અને ૪
(૪) એકાઉન્ટિંગ પેપર ૪
(૫) ઑડિટિંગ પેપર ૫
(૬) અર્થશાસ્ત્ર પ્રશ્નપત્ર ૩
(૭) એડવાન્સ્ડ બિઝનેસ મેનેજમેન્ટ, પેપર ૪ અને ૫ (ટોપિકસ ફૉર ડિઝર્ટેશન,
(૮) કોમર્શિયલ કોમ્યુનિકેશન, પેપર ૩

(૭) સેકન્ડ બી.એ., એપ્રિલ, ૧૯૮૦ની પરીક્ષાના અંગ્રેજી સેકન્ડ સબસિડિયરી પેપર ૭માં ૧૪ ગુણના મૌખિક (Viva) પ્રશ્નની પરીક્ષા લેવાનું પાઠ્યપુસ્તકમાં જણાવ્યું છે પરંતુ અભ્યાસક્રમમાં જણાવ્યું ન હોવાથી ચાલુ સાલે આ વિષયની મૌખિક પરીક્ષા ન લેતાં તેને બદલે તે અંગે પ્રશ્નપત્રમાં સમાવી લેવા માટે મંજૂરી આપ્યાના.

(૮) હાયર સેકન્ડરી બોર્ડ ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવતી ત્રણ વર્ષના ગૃહવિજ્ઞાન ડિપ્લોમા પરીક્ષાને આ યુનિ.ની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાની સમકક્ષ માન્યતા આપવી કે કેમ તે બાબતમાં ગૃહવિજ્ઞાન અભ્યાસસમિતિના અધ્યક્ષ તથા વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી સાથે ચર્ચાવિચારણા કરીને જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરતાં સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈક્વિવેલન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૧–૧૨–૭૯ના ઠરાવને અનુલક્ષીને કુલપતિશ્રીએ લીધેલા નીચેના નિર્ણયની નોંધ

લેવા બાબત :

"હાયર સેકન્ડરી બોર્ડના હોમ સાયન્સની ત્રણ વર્ષના ડિપ્લોમાની પરીક્ષાને આપણી યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ.ની સમકક્ષ ગણી શકાય નહિ, અને તેથી આ ડિપ્લોમા પરીક્ષા પાસ કરનાર જ્યાં સુધી ૧૨મું ધોરણ પસાર ન કરે ત્યાં સુધી યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં પ્રવેશપાત્ર ગણાય નહિ."

(**નોંધ.**—ઉપરોક્ત બાબત એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૨—૧૯૮૦, ક્રમાંક ૧૬ મોકૂફ રહી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૫. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫–૪–૧૯૭૯ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીની પરીક્ષાઓની સમગ્ર કામગીરી (મોડરેશન, ડમી પદ્ધતિ, કૉલેજોને સોંપવામાં આવતા પ્રશ્નો, આંતરિક ગુણાંકન પરીક્ષા ઇત્યાદિ) જોઈ તપાસી તેમાં કયા અને કેટલા ફેરફાર કરવા જરૂરી છે અને શક્ય છે તે જોઈતપાસી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા નીમેલી સમિતિની મળેલ સભાઓએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

(તા. ૧૩–૨–૧૯૮૦ની એકેડેમિક કાઉન્સિલની સભામાં આ બાબત ક્રમાંક નં. ૪૫થી મુકાઈ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ એસોસિયેટની બે જગ્યાઓ માટે તા. ૨૫–૩–૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૫–૩–૧૯૮૦ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ એસોસિયેટ્સની બે જગ્યાઓ માટે નીચેના ઉમેદવારોની નિમણૂકો કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. સી. ગોપાલકિશ્નન
૨. મિસ લક્ષ્મી સુબ્રમણ્યમ.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૫–૩–૧૯૮૦ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ " "** તરીકે સામેલ છે.)

૨૭. પ્રૌઢશિક્ષણ વિભાગમાં હંગામી કો-ઑર્ડિનેટરની જગ્યા માટે તા. ૨૧-૪-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૦-૧૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"This meeting of the Board of Studies in Mathematics recommends to the concerned authorities of the University to deem equivalent, to having got the M.Phil. Degree of this University, all these teachers of colleges affiliated to the University who have attended (and who have been given certificates to that effect) the college science improvement programme for one full academic year under the intensive Training Scheme held at the department of Mathematics of Gujarat University during the years 1971–72, 1972-73, and 1973–74."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્વીકારી શકાય તેમ નથી.

૨૯. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦–૩–૧૯૭૯ અને તા. ૨–૪–૧૯૭૯ની સભાએ "રિફર બેક" કરેલ સ્ટે. ૨૦૨ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૪–૧૯૭૯ની સભામાં અને એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૮–૪–૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૦૭થી સદરહુ સ્ટેચ્યૂટ પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીમેલ સંયુક્ત સમિતિએ તેની તા. ૨૧-૩-૧૯૮૦ની સભામાં સ્ટેચ્યૂટ ૨૦૨ સુધારવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો સ્ટે. ૨૦૨ મંજૂર કરવા માટે ભલામણ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૨૦૨ની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૩૦. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદના અધ્યાપકશ્રી એન. આર. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૦–૮૧ના શૈક્ષણિક વર્ષ માટે વિજ્ઞાનની કૉલેજોમાં મહત્તમ વિદ્યાર્થી સંખ્યા ૧૦૦૦ની રાખવી અને વિજ્ઞાનની કોઈ પણ વિષયમાં વિદ્યાર્થીસંખ્યા વધુમાં વધુ ૨૦૦ રાખવી."

અને

૩૭. સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીસંખ્યા મુકરર કરતો ઑર્ડિ. ૧૨૦-બી સુધારવાના શ્રી. કે. એસ. શાસ્ત્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૦ના સંદર્ભમાં બાબત નં. ૩૭ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી, અને બેઉ બાબતો પર સાથે વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સુધારેલો ઑર્ડિ. ૧૨૦–બી મંજૂર કરવા તથા તેને ૧૫મી જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**મંજૂર** કરવામાં આવેલા ઑર્ડિ. ૧૨૦ –બીની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૩૧. ભૂગોળની અભ્યાસસમિતિએ તેની તા. ૯-૪-૧૯૮૦ની સભામાં પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીય વર્ષ બી.એ. અને તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ના ભૂગોળના અભ્યાસક્રમો મંજૂર કરી તેને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારવા તથા તે મુજબ પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીય વર્ષ બી.એ., તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧માં ભૂગોળના સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવા.

૩૨. અર્થશાસ્ત્રની અભ્યાસમિતિની તા. ૧૬/૧૭/૨૪-૪-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્રના નીચેના અભ્યાસક્રમો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને જૂન ૧૯૮૦થી અમલમાં લાવવા

ટી.વાય.બી.એ.

૧. ઇન્ટરનેશનલ ઇકોનોમિકસ એન્ડ પબ્લિક ફાઇનેન્સ
૨. મની એન્ડ મેક્રો ઇકોનોમિકસ—સ્પેશિયલ પેપર ૬
૩. ઇન્ડિયન ઇકોનોમિક પ્રોબ્લેમ્સ પેપર ૨
૪ ઇકોનોમિકસ ઑફ ડેવલપિંગ કન્ટ્રીઝ

ઓપ્શનલ પેપર્સ

૧. કો-ઑપરેશન
૨ મેનેજેરિયલ ઇકોનોમિકસ
૩. ઇકોનોમિકસ ઇન્વેસ્ટિગેશન
૪. મૅથેમેટિકલ ઇકોનોમિકસ—પેપર ૨ (એલિમેન્ટ્સ ઑફ ઇકોનોમેટ્રિકસ)
૫. એસેનું પેપર

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેના ઓપ્શનલ પેપરોનો અભ્યાસક્રમ

૧. ઇકોનોમિક ડેવલપમેન્ટ ઑફ ગુજરાત

અને

૨. હિસ્ટરી ઑફ ઇકોનોમિક થોટ - જે તૃતીય વર્ષ બી.એ.માં હાલમાં ચાલુ છે તેમાં ફેરફાર કરવાની જરૂર નથી અને તે અભ્યાસક્રમમાં ચાલુ રાખવા."

સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ ઉપર વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે તૃતીય વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્રના અભ્યાસક્રમોનું માળખું નીચે મુજબ રાખવું તથા તેના અભ્યાસક્રમો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને સદરહુ સુધારેલા અભ્યાસક્રમો જૂન ૧૯૮૦ થી અમલમાં મૂકવા :

તૃતીય વર્ષ બી.એ.

૬. મની એન્ડ મેક્રો ઇકોનોમિકસ
૭. ઇન્ટરનેશનલ ઇકોનોમિકસ એન્ડ પબ્લિક ફાઇનેન્સ

૮. ઇન્ડિયન ઇકૉનોમિક પ્રૉબ્લેમ્સ
૯. ઇકૉનોમિકસ ઑફ ડેવલપિંગ કન્ટ્રીઝ

ઑપ્શનલ પેપરો (નીચેનામાંથી ગમે તે એક લેવાનું રહેશે.)

૧૦. ૧. કૉ-ઑપરેશન
૧૦. ૨. હિસ્ટરી ઑફ ઇકૉનોમિક થૉટ
૧૦. ૩. ઇકૉનોમિક ઇન્વેસ્ટિગેશન
૧૦. ૪. મૅથેમેટિકલ ઇકૉનોમિકસ–પેપર ૨ (એલિમેન્ટ્સ ઑફ ઇકૉનોમિકસ)
૧૦. ૫. ઇકૉનોમિક ડેવલપમેન્ટ ઑફ ગુજરાત

નીચે જણાવેલ બે ઑપ્શનલ પ્રશ્નપત્રો જે તૃતીય વર્ષ બી.એ.ના જૂના અભ્યાસક્રમમાં આપેલ છે તે ચાલુ રાખવામાં આવેલ છે અને તેના અભ્યાસક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી :

૧. ઇકૉનોમિક ડેવલપમેન્ટ ઑફ ગુજરાત
૨. હિસ્ટરી ઑફ ઇકૉનોમિક થૉટ
૧૧. એસે (નિબંધનું પ્રશ્નપત્ર) (અડવાડિક એક તાસ)

અથવા

૧૧. મૅનેજેરિયલ ઇકૉનોમિકસ (અડવાડિક ત્રણ તાસ)

૩૩. વિનયન વિદ્યાશાખાના નવા માળખા પ્રમાણે નિબંધના પ્રશ્નપત્રના વિકલ્પમાં વ્યવસાયલક્ષી પ્રશ્નપત્ર રાખવાની ભલામણના સંદર્ભમાં સંસ્કૃતની અભ્યાસસમિતિએ તેની તા. ૮-૧૧-૧૯૭૯ની સભામાં નીચે જણાવ્યા પ્રમાણેના વૈકલ્પિક વિષયો અભ્યાસક્રમમાં રાખવાની કરેલ ભલામણ અને તે પૈકીના બે વિષયોની ૧૯૮૧ની પરીક્ષા માટે પુસ્તકો નિયત કરવાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વિષયો :

૧. જ્યોતિષશાસ્ત્રનો પ્રાથમિક પરિચય
૨. આયુર્વેદનો પ્રાથમિક પરિચય
૩. વાસ્તુવિદ્યા
૪. શિલ્પવિધાન.

પુસ્તકો :

૧. જ્યોતિષશાસ્ત્રનો પ્રાથમિક પરિચય :
૧૯૮૧ની પરીક્ષા માટે નીચેનાં પુસ્તકો નિયત કરવામાં આવે છે :
(અ) બાલબોધ—લેખક વૃન્દાવન શાસ્ત્રી
(બ) બૃહત્ચિન્તામણિ—લેખક રામદૈવજ્ઞ.

૨. આયુર્વેદનો પ્રાથમિક પરિચય :
૧૯૮૧ની પરીક્ષા માટે નીચેનું પુસ્તક નિયત કરવામાં આવે છે :
૧. શાર્ઙ્ગધર સંહિતા—આચાર્ય શાર્ઙ્ગધર રચિતા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

તે પછી સભામાં સભ્યોની હાજરીની પરિસ્થિતિ અંગે એક સભ્યે પ્રમુખશ્રીનું ધ્યાન ખેંચ્યું :

તે પછી તે સમયે તે સભામાં હાજર રહેલા સભ્યોની સંખ્યા ગણવામાં આવતાં તે ૧૧ કરતાં ઓછી હોવાથી જરૂરી ગણપૂર્તિ (કોરમ)ના અભાવે સભાનું કામકાજ આગળ ચાલી શકયું નહીં અને તેથી નીચેની બાબતો વિચારણા માટે હાથ ધરી શકાઈ નહીં.

૩૪. એકેડેમિક કાઉન્સિલના સભ્ય શ્રી. અંબુભાઈ દેસાઈ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" વિજ્ઞાનની કોલેજોમાં જુદા જુદા વિષયોમાં જેમ પ્રાયોગિક કાર્યના શિક્ષણ માટે પ્રયોગશાળા હોય છે તેમ વિનયન કોલેજોમાં પણ ગૃહવિજ્ઞાન, ભૂગોળ, મનોવિજ્ઞાન જેવા, વિજ્ઞાનનું સ્વરૂપ ધરાવતા વિષયોમાં પ્રાયોગિક કાર્યના શિક્ષણ માટે પ્રયોગશાળા હોય છે. વિજ્ઞાન કોલેજોની લેબોરેટરીમાં સાધનોની જાળવણી તથા વિદ્યાર્થીઓમાં તેની આપલે માટે અને પ્રયોગના શિક્ષણ વખતે પ્રયોગશાળાનાં સાધનોની સજ્જતા માટે પ્રેકટીકલ લેબોરેટરી સ્ટાફ હોવાનું યુનિવર્સિટીએ આવશ્યક ગણ્યું છે, અને સરકારે તે પ્રમાણે લેબ-આસિસ્ટન્ટ, લેબ-એટેન્ડન્ટ જેવી નિમણૂકોને વિજ્ઞાન કોલેજના નોન-ટીચિંગ સ્ટાફના મહેકમમાં ગ્રાન્ટપાત્ર ગણી છે. એ જ રીતે વિનયન કોલેજોમાં શીખવાતા ગૃહવિજ્ઞાન, ભૂગોળ, મનોવિજ્ઞાન જેવા વિષયોની લેબોરેટરીમાં કીમતી સાધનોની જાળવણી માટે તથા તે સાધનોની વિદ્યાર્થીઓમાં આપ-લે માટે અને પ્રયોગના શિક્ષણકાર્યની સજ્જતા માટે સાધનો અપ-ટૂ-ડેટ રાખવા માટે વિષયની લેબોરેટરી દીઠ ૧ લેબ-આસિસ્ટન્ટ અને ૧ એટેન્ડન્ટની જગ્યાઓને આવશ્યક ગણીને તેને કોલેજોના નોન-ટીચિંગ સ્ટાફના મહેકમમાં ગ્રાન્ટપાત્ર ગણવા આ સભા સરકારશ્રીને અનુરોધ કરે છે. વધુમાં આ જગાઓ સરકાર ગ્રાન્ટપાત્ર ગણવાનું માન્ય રાખે તે ધ્યાનમાં લઈને કોલેજોએ સદરહુ નિમણૂકો કરવાનું જણાવવા આ સભા ઠરાવે છે."

૩૫. શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં શિક્ષણની પુનઃવ્યવસ્થાને લગતી માર્ગ-દર્શનની રૂપરેખા જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેના તા. ૧૯–૯–૧૯૭૮ના પત્રાંક એફ. ૧-૧૪૮/૭૨ પી.એફ.થી આવી હતી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૩-૧૯૭૯ની સભામાં અભ્યાસ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની તા. ૬-૫-૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

૩૬. આ યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાવિજ્ઞાનના લેકચરરની બે જગ્યાઓ માટે તા. ૧૫-૫-૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૩૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૮. ઓરલ ડાયેાગ્નેાસિસ ઍન્ડ ટ્રીટમેન્ટ પ્લાનિંગ ઇન્કલ્યુડિંગ ઓરલ મેડિસિન ઍન્ડ રેડિયેાલેાજીનેા વિષય ત્રીજા વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં છે તે ચેાથા વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં રાખવા અંગે સરકારી ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદના વિદ્યાર્થીઓની અરજી પર વિચારણા કરવા બાબત.

૩૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ મુજબ બી.ઈ.—૪ના નીચે જણાવેલ અભ્યાસક્રમેા નિયત કરી જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવાના :

(૧) સિવિલ ઍન્જિનિયરિંગ બી.ઈ.—૪

(૨) મિકૅનિકલ ઍન્જિનિયરિંગ બી.ઈ.—૪

(૩) ઇલેક્ટ્રિકલ ઍન્જિનિયરિંગ ઈ.સી.-આઈ.સી. બી.ઈ.—૪

(૪) કેમિકલ ઍન્જિનિયરિંગ બી.ઈ.—૪

(૫) ટેક્સ્ટાઈલ ટેકનેાલેાજી બી.ઈ.—૪

(૬) બી.ઈ.—૧, સેમેસ્ટર—૧ અને ૨ના ઍન્જિનિયરિંગ ડ્રૉઇંગ—૧ અને ઍન્જિનિયરિંગ ડ્રૉઇંગ—૨નેા સુધારેલેા અભ્યાસક્રમ.

૪૦. જૂન ૧૯૮૧થી ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, ગાંધીધામ (આદિપુર) તરફથી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી તથા હિંમતનગર કેળવણીમંડળ, હિંમતનગર તરફથી શિક્ષણ તેમ જ કાયદાની કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી બાબતમાં યુનિ. ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત (Need) નક્કી કરવા અંગે એકિઝ. કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૫-૫-૧૯૮૦ની સભાની ભલામણેા પર વિચારણા કરવા બાબત.

૪૧. એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨-૩-૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનેામાં પ્રેાફેસર-રીડરની જગ્યાનાં લાયકાતનાં ધેારણેામાં નીચેની નોંધ ઉમેરવા અંગેના પ્રસ્તાવના સંદર્ભમાં બીજી યુનિવર્સિટીનાં ધારાધેારણેા જોઈતપાસી સદરહુ બાબત સમગ્ર રીતે વિચારણા કરીને પેાતાનેા હેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૨૫-૪-૧૯૮૦, ૩-૫-૧૯૮૦ તથા ૧૯-૫-૧૯૮૦ની સભાએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત :

Note.—Notwithstanding anything contained above, it shall be competent for the Executive Council to appoint on the recommendations of the Selection Committee, a person as a Professor or a Reader, provided he has to his credit independent and original achievement of recognised merit in his subject.

૪૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૩-૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીની પરીક્ષાઓના ઉત્તરપત્રોના પુનઃમૂલ્યાંકન કરવા અંગે નીમેલ સમિતિની તા. ૨૯-૫-૧૯૮૦ની સભાના હેવાલ પર વિચારણા કરવા બાબત.

૪૩. એકેડેમિક કાઉન્સિલના સભ્ય શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

નં. એકે. કાઉ. / ૩૬૦૮૨ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯
તા. ૧૯–૬–૧૯૮૦

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭

A meeting of the Selection Committee for recommending appointment to the post of Chief Accounts Officer was held on Saturday 3rd May, 1980 at 12—30 p.m. at the University office, Gujarat University, Ahmedabad-380 009. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2.	Dr. M. N. Desai	Absent
3.	Prin. K. N. Shah	Present
4.	Shri K. S. Shastri	Absent
5.	Prin. M. C. Shah	Absent
6.	Shri A. R. Shah	Absent
7.	Shri K. C. Parikh, Registrar	Present

The following candidates were called for interview :

1.	Shri V. B. Avashia	Absent
2.	,, R. M. Bhatia	Present
3.	,, D. M. Desai	Present
4.	,, N. C. Dudhia	Present
5.	,, M. P. Jadia	Present
6.	,, K. S. Joshi	Present
7.	,, R. K. Makwana	Absent
8.	,, N. M. Mehta	Absent
9.	,, D. K. Parikh	Absent
10.	,, A. M. Parikh	Present
11.	,, H. K. Patel	Present
12.	,, N. I. Patel	Present
13.	,, Y. J. Raval	Present
14.	,, N. S. Somani	Present

The post of Chief Accounts Officer in the University which is reserved for a candidate belonging to a caste falling under the Bakshi Commission's recommendations was readvertised, as in response to a previous advertisement no qualified candidate had applied for it.

In response to the present advertisement, applications from 27 candidates were received. Out of them 3 candidates belonged to a caste falling under the Bakshi Commission's recommendations. None of them, however, possesses minimum qualifications prescribed for the post. Under the circumstances, therefore, the post of the Chief Accounts Officer has been treated as unreserved.

After interviewing the candidates present, the Committee has found the following two candidates suitable for the post and recommends them for appointment to that post in order of preference mentioned herebelow :

(1) Shri M. P. Jadia
(2) ,, A. M. Parikh

Sd./--
P. C. Vaidya
K. N. Shah
K. C. Parikh

પરિશિષ્ટ "૫"
ઠરાવકાળ ક્રમાંક ૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Placement Officer was held on Wednesday the 2nd April, 1980 at 1.00 p.m. at University Office, Gujarat University, Ahmedabad–9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Dr. Biharilal Kanaiyalal	Present
3. Shri Harish U. Shah	Present
4. Dr. M. P. Kacker (Invited)	Present

The following candidates were called for interview :

1. Smt. Ila S. Joshi	Present
2. Shri K. G. Panchal	Present
3. Shri P. M. Inamdar	Present
4. Shri P. R. Brahmabhatt	Present

(A) After interviewing the candidates present and considering their respective merits, the Committee is of the opinion that the following two candidates are found suitable for the post of Placement Officer in the B. K. School of Business Management and they be appointed in order of preference :

1. Shri P. M. Inamdar
2. Smt. Joshi Ila Subhash.

(B) Shri Inamdar is at present getting a basic salary of Rs. 950/–. It is recommended that he be given a higher starting of Rs. 980/–

P. C. Vaidya
Vice–Chancellor

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૧

A meeting of the Selection Committee for recommendation names for appointment to the posts of Reader in Chemistry was held on Thursday the 24th April, 1980 at 2-00 p.m. at University Office, Gujarat University, Ahmedabad–9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. P. C Vaidya, Vice-Chancellor	Present
2.	Dr. H. J. Arnikar	Present
3.	Prof. J. N. Gaur	Present
4.	Prof. V. V. S. Murty	Present
5.	Dr. M. N. Desai (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Dr. N. V. Thakkar	Absent
2.	Dr. P. B. Patel	Absent
3.	Dr. Lalit Prakash	Absent
4.	Dr. J. D. Talati	Absent
5.	Dr. A. A. Bhalekar	Absent
6.	Dr. A. A. Shaikh	Present
7.	Dr. I. M. Bhatt	Present
8.	Dr. J. C. Vora	Present
9.	Dr. M. P. Tyagi	Present
10.	Dr. A. K. Ghose	Present
11.	Dr. H. S. Varma	Present
12.	Dr. I. G. Vashi	Present
13.	Dr. S. L. Oswall	Present
14.	Dr. R R Astik	Absent

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends the following candidates for the three posts of Reader in Chemistry in the Chemistry Department and they be appointed in the following order :

1. Dr. I. G. Vashi
2. Dr. J. C. Vora
3. Dr. I. M. Bhatt
4. Dr. S. L. Oswall

P. C. Vaidya
Vice-Chancellor

H. J. Arnikar
J. N. Gaur
V. V. S. Murti
M. N. Desai
(Invitee)

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૧૨

A meeting of the Selection Committee for recommendation names for appointment to the post of Professor of Chemistry was held on Thursday the 24th April, 1980 at 12–30 p.m. at University Office, Gujarat University, Ahmedabad–9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2.	Dr H. J. Arnikar	Present
3.	Prof. J. N. Gaur	Present
4.	Prof. V. V. S. Murty	Present
5.	Dr. M. N. Desai (Invitee)	Present

The followiug candidates were called for interview :

1.	Dr. R. K. Shah	Present
2.	Dr. J. P. Trivedi	Absent
3.	Shri A. K. Ghose	Present
4.	Dr. Syamal Arun	Absent
5.	Dr. A. R. Parikh	Absent

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends Dr. R. K. Shah for the post of Professor of Chemistry.

–Dr. P. C. Vaidya,
Vice-Chancellor

–Dr. H. J. Arnikar

–Prof. J. N. Gaur

–Prof. V. V. S. Murty

–Dr. M. N. Desai (Invitee)

પરિશિષ્ટ "ચ"
ઠરાવાંક ક્રમાંક ૧૩

A meeting of the Selection Committee for recommendation names for appointment to the post of Redear in English was held on Wednesday the 23rd April, 1980 at 12-30 p.m. at University Office, Gujarat University, Ahmedabad-9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Dr. G. C. Bannerjee	Present
3. Dr. R. B. Patankar	Present
4. Dr. S. Nagrajan	Absent
5 Dr. R. A. Malagi (Invitee)	Present.

The following candidates were called for interview :

1. Dr. N. M. Rao	Present
2. Dr. (Smt.) Saguna Ramnathan	Present
3. Dr. S. D. Kapoor	Present
4. Dr. Bhagwati Singh	Present
5. Shri P. K. Thaker	Absent
6. Shri A. K. Bhatt	Present.

After interviewing the candidates present and considering their respective merits, the Committee is of the opinion that the following two candidates are found suitable for the post of Reader in English :

1. Dr. Saguna Ramnathan
2. Dr. Bhagwati Singh.

P. C. Vaidya
Vice-Chancellor
G. C. Bunnerjee
R. A. Malagi.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૧૪

A meeting of the Selection Committee for recommendation names for appointment to the post of Reader in Language Laboratory for English & Foreign Languages was held on Wednesday the 23rd April, 1980 at 2–00 p.m. at University office, Gujarat University, Ahmedabad–9. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attedance of the Selection Committee members was as under :

1, Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Dr. G. C. Bannerjee	Present
3. Dr. R. B. Patankar	Present
4. Dr. S. Nagrajan	Absent
5. Dr. R. A. Malagi (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri P. K. Thaker	Present
2. Shri A. K. Tiwari	Present
3. Dr. P. S. Padmanabhan	Absent

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends Shri P. K. Thaker for the post of Reader in English for the Language Laboratory.

P. C. Vaidya,
Vice–Chancellor
G. C. Bannerjee
R. B. Patankar
R. A. Malagi
Invitee

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૧૫

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in History was held on Saturday, the 26th April 1980 at 3-30 p.m. at University Office, Gujarat University, Ahmedabad-9. Dr. P. C. Vaidya Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2.	Dr. S. C. Misra	Present
3.	Dr. (Smt.) A. J. Syed	Present
4.	Dr. R. S. Sharma	Absent.

The following candidates were called for interview :

1.	Dr. (Smt.) Shirin M. Mehta	Present
2.	Shri M. R. Patel	Present

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends Dr. (Smt.) Shirin M. Mehta for the post of a Reader in History in the History Department.

P. C. Vaidya
Vice-Chancellor

S. C. Misra

A. J. Syed

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૨૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the three posts of Teaching/Research Associates in Business Management in the School of Business Management, Gujarat University, was held on Tuesday the 25th March 1980 at 12-30 p.m. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under:

1. Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
2. Shri V. G. Patel	Present
3. Prof. M. N. Vora	Present
4. Dr. M. P. Kacker (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri P. C. Raijiwala	Present
2. Shri Venkaterman Panchadi	Absent
3. Shri S. S. Modal	Absent
4. Shri Sudhir Desai	Absent
5. Shri C. Gopalkrishnan	Present
6. Shri J. M. Arul	Present
7. Miss Lakshmi Subramaniam	Present.

(*a*) After interviewing the candidates present and considering their respective merits, the Committee is of the opinion that the following two candidates are found suitable for the three posts of Teaching/Research Associate at the B. K. School of Business Management, and they be appointed accordingly :

1. Shri C. Gopalkrishnan
2. Miss Lakshmi Subramaniam.

(*b*) Both the candidates will be drawing a salary of Rs. 820/- per month in June 1980. The Committee recommends a starting salary of Rs. 820/- to the two candidates.

(*c*) In case of candidate Miss Lakshmi Subramaniam, her total experience comes to two years; whereas the rules framed for Lecturer at the B. K. School require three years' experience. Since the salary scale of Teaching Research Associate is lower than that of a Lecturer, the Committee recommends that in her case this deficiency in qualification may be condoned.

Sd/-

P. C. Vaidya
Vice-Chancellor

V. G. Patel

M. N. Vora

M. P. Kacker
(Invitee)

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૨૯

Statute 202 :

There shall be the following Departments to provide post-graduate instruction, training and research work in the University :

(1) Department of Gujarati
(2) Department of Hindi
(3) Department of English
(4) Department of Sanskrit
(5) Department of Prakrit, Pali etc.
(6) Department of Persian, Arabic & Urdu
(7) Department of Linguistics
(8) Department of History
(9) Department of Economics
(10) Department of Sociology
(11) Department of Political Science
(12) Department of Labour Welfare
(13) Department of Philosophy
(14) Department of Psychology
(15) Department of Education
(16) Department of Library Science
(17) Department of Physics (Pure & Applied) and all its branches
(18) Department of Chemistry (Pure & Applied) and all its branches
(19) Department of Botany (Pure & Applied) and all its branches
(20) Department of Zoology (Pure & Applied) and all its branches
(21) Department of Microbiology (Pure & Applied) and all its branches
(22) Department of Mathematics (Pure & Applied) and all its branches

(23) Department of Statistics (Pure & Applied) and all its branches
(24) Department of Geography
(25) Department of Commerce
(26) Department of Law
(27) Department of Business Management
(28) Department of Computer Training.

In addition to the above, other departments may be instituted and maintained by the University as and when found necessary by the University

Over and above the Post-graduate teaching and research, all University departments may also impart such instruction in diploma courses, certificate courses etc. as may be instituted by the University from time to time.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૩૭

O. 120-B :

(*i*) There shall not be more than three faculty units in a college.

(*ii*) The maximum number of students admissible in an affiliated Arts, Science, Commerce or Law College (including a college having two of three faculty units) shall be 1250.

(*iii*) The maximum number of students admissible in an affilated Education College shall be determined by the Executive Council from time to time for each college.

(*iv*) The maximum number of students admissible in an affiliated Engineering College shall be 2000.

(*v*) No affiliated Arts, Science or Commerce College shall have more than four divisions of a class.

(*vi*) No affiliated Law College shall have more than five divisions of a class.

(*vii*) In an affiliated Arts, Science, Commerce or Law College, each or a division thereof shall be not more than 100 students. However, the Vice-Chancellor may, in his discretion, permit admission of not more than 10 students in a class (all divisions taken together) only in cases where the students of the same college are left our in cases of migration from other States or in peculiar circumstances like choice of medium or combination of subjects, subject to a maximum total of 1250 students.

(*viii*) In an affiliated Engineering college the Vice-Chancellor may, in his discretion, permit admission of ten percent additional students provided that such permission will be considered effective only if and when the college obtains necessary approval thereto by the Government of India.

(*ix*) In an affiliated Medical College the Vice-Chancellor may, in his discretion, permit admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in any division thereof.

(*x*) Each affiliated College shall first admit is own students (including those who have been allowed to keep terms) to the higher class. However, those students who fail to secure their admission within a week from the date of the declaration of their result shall forfeit their right of admission to the higher class or their own college.

Gujarat University Press, Ahmedabad-9.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૦ના વર્ષની ચોથી સભા શુક્રવાર, તા. ૨૭–૬–૧૯૮૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૬-૧૯૮૦
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર
૨.	શ્રી. બબાભાઈ એસ. પટેલ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૫.	પ્રિ. કે. ડી. શાહ	ગેરહાજર
૬.	શ્રી. જે. પી. જોશીપુરા	હાજર
૭.	પ્રિ. બી. એમ. ત્રિવેદી	ગેરહાજર
૮.	ડૉ. કશ્યપ ભાર્ગવ	ગેરહાજર
૯.	ડૉ. સી. આઈ. ઝાલા	ગેરહાજર
૧૦.	ડૉ વી. સી. શાહ	હાજર
૧૧.	ડૉ. આર. એ. મલગી	ગેરહાજર
૧૨.	શ્રી. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૩.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર
૧૪.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૫.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર
૧૬.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૭.	પ્રિ. જે. એન. શુકલ	ગેરહાજર
૧૮.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૯.	ડૉ. કે. આર. ચંદ્રા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૬-૧૯૮૦
૨૦.	ડૉ. એ. એન. કુરેશી	હાજર
૨૧.	શ્રીમતી આર. પી. મહેતા	હાજર
૨૨.	શ્રી. સી. વી. રાવલ	હાજર
૨૩.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૨૪.	પ્રિ. બી. સી. પટેલ	હાજર
૨૫.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૨૬.	ડૉ. એમ. પી. કક્કર	ગેરહાજર
૨૭.	ડૉ. પી. વાય. પરમાર	હાજર
૨૮.	શ્રી. સી. બી. મહેતા	હાજર
૨૯.	ડૉ. બી. એમ. દેસાઈ	હાજર
૩૦.	પ્રિ. સી. સી. ત્રિવેદી	હાજર
૩૧.	શ્રી. આઈ. એ. મહેતા	ગેરહાજર
૩૨.	ડૉ. આર. બી. ડૉક્ટર	ગેરહાજર
૩૩.	ડૉ. એસ. કે. મજુમદાર	હાજર
૩૪.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૩૫.	ડૉ. કે. જી. દેસાઈ	ગેરહાજર

૧. તા. ૨૦–૫–૧૯૮૦ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૮૭ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૦–૫–૧૯૮૦ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૮૦ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. (ક) જૂન ૧૯૮૧થી ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, ગાંધીધામ (કચ્છ-ભુજ) તરફથી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી તથા હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર તરફથી શિક્ષણ તેમ જ કાયદાની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી બાબતમાં યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત (નીડ) નક્કી કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની સભામાં નીમેલ સમિતિની તા. ૫–૫–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(બ) જૂન ૧૯૮૧થી અમદાવાદ શહેરમાં નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલી અરજીઓ પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત (નીડ) નક્કી કરવા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની તા. ૬–૬–૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(ક) સદરહુ બાબતના સંદર્ભમાં ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડનો તા ૨૪–૬–૧૯૮૦નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ બહુમતે ઠરાવવામાં આવ્યું કે ઉપર નિર્દિષ્ટ 'નીડ' સમિતિની ભલામણો સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સમિતિની તા. ૧–૫–૧૯૮૦ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

(ખ) (૧) આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૧માં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન વિદ્યાશાખા માટેની કોલેજોની જરૂરિયાત નહીં હોવા અંગેનો સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવા તથા (૨) માધ્યમિક શાળાની પરીક્ષાનું પરિણામ છેલ્લાં ત્રણ વર્ષની સરખામણીમાં સારું આવેલું હોઈ ચાલુ વર્ષે વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રવેશ માટે ધસારો છે પરંતુ તે પ્રવાહ આવતે વર્ષે સતત રહેવાની શકયતા આ સભાને જણાતી ન હોઈ ૧૯૮૧–૮૨ના શૈક્ષણિક વર્ષમાં વાણિજ્ય કોલેજોની જરૂરિયાત હોવા અંગેની સદરહુ સમિતિની ભલામણ નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૧૨-૩-૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યા-ભવનોના પ્રોફેસર-રીડરની જગ્યા માટે લાયકાતનાં ધોરણોના સંદર્ભમાં અન્ય કેટલીક યુનિવર્સિટીઓનાં ધારાધોરણો જોઈ-તપાસીને સદરહુ બાબત સમગ્ર રીતે વિચાર કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૨૫–૪–૧૯૮૦, ૩-૫-૧૯૮૦ અને ૧૯–૫–૧૯૮૦ની સભામાં કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ પ્રસ્તાવ પરની ચર્ચાવિચારણા દરમ્યાન શ્રી. નરહરિભાઈ પરીખે સુધારો રજૂ કર્યો કે પ્રોફેસર અને રીડરની જગ્યાઓ માટેનાં સૂચિત લાયકાતનાં ધોરણોમાં સંશોધનકાર્યનો અનુભવ આવશ્યક ન ગણતાં શૈક્ષણિક લાયકાત ઉપરાંત ફક્ત શિક્ષણકાર્યનો અનુભવ પર્યાપ્ત ગણીને સદરહુ નિયમો સુધારીને મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

શ્રી. નરહરિભાઈ પરીખના ઉપરના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે ઊડી ગયો.

તે પછી સદરહુ સમિતિના બહુમતી સભ્યોએ રજૂ કરેલા રિપોર્ટમાં જણાવેલ ભલામણો મુજબનાં લાયકાતનાં ધોરણો સભામાં સૂચવેલા સુધારા સાથે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું બહુમતે ઠરાવવામાં આવ્યું.

(સદરહુ સુધારા સાથે મંજૂર કરવામાં આવેલાં લાયકાતનાં ધોરણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૦ની સભામાં પરીક્ષાઓના ઉત્તરપત્રોનું પુનઃ મૂલ્યાંકન કરવા અંગે નીમેલ સમિતિની તા. ૧૯–૫–૧૯૮૦ની સભાના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી અને તે પર થોડી ચર્ચાવિચારણા થઈ તે પછી પ્રોક્ટરશ્રીનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) નથી.

તે પછી હાજર રહેલા સભ્યોની સંખ્યા ગણતાં જરૂરી ગણપૂર્તિ નહિ રહેવાના કારણે સભાનું કામકાજ આગળ ચાલી શકયું નહીં અને તેથી સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને તેના બાકીના બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાઈ નહીં.

૫. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૪-૧૯૭૯ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીની પરીક્ષાઓની સમગ્ર કામગીરી (મોડરેશન, ડમી પદ્ધતિ, કૉલેજોને સોંપવામાં આવતાં પ્રશ્નો, આંતરિક ગુણાંકન પરીક્ષા ઇત્યાદિ) જોઈ-તપાસી તેમાં કયા અને કેટલા ફેરફાર કરવા જરૂરી છે અને શકય છે તે જોઈ-તપાસી પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા નીમેલી સમિતિની મળેલ સભાઓએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.--ભલામણો ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ ઉપર તા. ૧૧/૧૨-૩-૧૯૮૦ની એકેડેમિક કાઉન્સિલની સભામાં ઠરાવ ક્રમાંક ૧૪થી નિર્ણય લેવાઈ ગયેલ છે એટલે હવે બાકીની ભલામણોની વિચારણા કરવાની રહે છે.)

૬. તબીબી વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૮૦ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે હવે ભવિષ્યમાં વધારાના વિદ્યાર્થીઓ નોંધવા નહીં."

૭. તબીબી વિદ્યાશાખાની તા. ૯-૪-૧૯૭૯ની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૭-૧૯૭૯ની સભાએ પુનર્વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં તબીબી વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The degree of M.Sc. (Med.) for Medical graduates awarded before 1970. i.e. when there was no M.S. or M.D. degree available in the pre-clinical subjects, should be distinguished from the degree of M.Sc. (Med.) for Non-Medical students which has been introduced in Gujarat University from 1970. and which was granted by some other University like M.S.U even earlier to that –

It is resolved that –

(1) The M.Sc. (Med.) degree for Medical graduates should be treated at par in all respects with M.S. or M.D. degree in the subject concerned.

(2) The degree of M.Sc. (Medical) for Non-Medical graduates should be specified fully as such without omitting the phrase "For Non-Medical Graduates" whenever and wherever it is used.

(3) It is understood that the degree of M.Sc. (Medical) for both Medical as well as non-Medical graduates can be designated so only if the terms kept for study and work have been put up in a recognised Medical college, college where M.B.B.S. courses are taught. Terms put in any other institution should not be recognised for such a degree."

તબીબી વિદ્યાશાખાની તા. ૭--૩--૧૯૮૦ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

૮. તબીબી વિદ્યાશાખાની પરીક્ષામાં બિનગુજરાતી-ભાષી વિદ્યાર્થીઓએ પ્રાયોગિક પરીક્ષા સમયે દુભાષિયાની મદદ આપવા અંગે નિયમો ઘડવા બાબતમાં તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૧—૫—૧૯૭૯ની સભામાં વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનાં નીચેનાં સૂચનો મંજૂર કરવા માટે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦—૭—૧૯૭૯ની સભામાં પુનર્વિચારણા માટે મોકલેલ તે બાબતમાં તબીબી વિદ્યાશાખાની તા. ૭—૩—૧૯૮૦ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

" Interpreter in Clinical Examination at Third M.B.,B.S. Diploma and Post-graduate degree Examinations—

(1) He should be able to translate the patients' languages into English and Doctors' instructions or questions into patients' language.

(2) He should be able to give names in English of parts of the human body, of liver, stomach, belly, mouth, hand, stools, urine etc.

(3) He should not be connected with any Hospital, Dispensary or a private Practitioner. That is, Nurses, Compounders etc. are not eligible.

(4) His academic qualifications should not be above the level of the first terms of second M.B.,B.S. student (i.e. First term after passing Ist M.B.B.S.) "

તબીબી વિદ્યાશાખાનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

૯. શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં શિક્ષણની પુનઃવ્યવસ્થાને લગતી માર્ગદર્શનની રૂપરેખા જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેના તા. ૧૯—૯—૧૯૭૮ના પત્રાંક એફ. ૧, ૧૪૮.૭૨ પી.એફ.થી આવી હતી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫—૪—૧૯૭૯ની સભામાં અભ્યાસ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની તા. ૬—૫—૧૯૮૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

૧૦. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાવિજ્ઞાનના લેક્ચરરની બે જગ્યાઓ માટે તા. ૧૫—૫—૧૯૮૦ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૧. એકેડેમિક કાઉન્સિલના સભ્ય શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

૧૨. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૧૨—૫—૧૯૮૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે પ્રાકૃતનો અનુસ્નાતક સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫—૩—૧૯૮૦ની સભામાં મંજૂર કર્યું છે. તે મુજબ પ્રવેશ વગેરે માટેનાં ધારાધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા ભલામણ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સર્ટિફિકેટ અભ્યાસક્રમ માટે વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવો."

૧૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(ક) ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ મુજબ બી.ઈ.-૪ના નીચે જણાવેલ અભ્યાસક્રમો નિયત કરી જૂન ૧૯૮૦થી અમલમાં મૂકવાના :

(૧) સિવિલ એન્જિનિયરિંગ બી.ઈ.—૪
(૨) મિકેનિકલ એન્જિનિયરિંગ બી.ઈ.—૪
(૩) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ઈ.સી., આઇ.સી.,બી.ઈ.—૪
(૪) કેમિકલ એન્જિનિયરિંગ બી.ઈ.—૪
(૫) ટેક્સટાઈલ ટેકનોલોજી બી.ઈ.—૪
(૬) બી.ઈ. ૧, સેમેસ્ટર ૧ અને ૨ના એન્જિનિયરિંગ ડ્રોઇંગ-૧ અને એન્જિનિયરિંગ ડ્રોઇંગ—૨નો સુધારેલ અભ્યાસક્રમ.

(ખ) અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭/૨૪—૪—૧૯૮૦ની સભાની ભલામણના સંદર્ભમાં વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણ અન્વયે તૃતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમને લગતી નીચેની નોંધ મંજૂર કરી જૂન, ૧૯૮૦થી અમલમાં લાવ્યાના :

Note : A student can offer any one optional subject at Third B.A. examination from the list of optional subjects irrespective of the optional subjects offered at Second B.A. Examination."

(ગ) નીચે દર્શાવેલ અભ્યાસક્રમો નિયત કરી જૂન ૧૯૮૦થી અમલમાં લાવ્યાના :

૧. બાયોલોજી--એફ.વાય.બી.એસસી.
૨. બોટની—એસ.વાય.બી.એસસી. અને થર્ડ બી.એસસી.
૩. ઝૂલોજી--એસ.વાય.બી એસસી. અને થર્ડ બી.એસસી.
૪. બાયોકેમેસ્ટ્રી—એસ.વાય.બી.એસસી. અને થર્ડ બી.એસસી.
૫. ગણિત—એસ.વાય.બી.એસસી. સેકન્ડ સબ્સિડિયરીનું પ્રશ્નપત્ર અને થર્ડ બી.એસસી.
૬. માઈક્રોબાયોલોજી—એસ.વાય.બી.એસસી. અને થર્ડ બી.એસસી.

(ઘ) (૧) પ્રથમ વર્ષ બી.કૉમ.ના સુધારેલા નીચે દર્શાવેલ અભ્યાસક્રમો મંજૂર કર્યાના :

(૧) અર્થશાસ્ત્ર (૨) આંકડાશાસ્ત્ર (૩) એકાઉન્ટન્સી (૪) સેક્રેટેરિયલ પ્રેક્ટિસ (૫) કૉમર્શિયલ કૉમ્યુનિકેશન નિયત કરી જૂન, ૧૯૮૦થી અમલમાં લાવ્યાના—

(૨) તૃતીય વર્ષ બી.કૉમ.ના નીચે દર્શાવેલ અભ્યાસક્રમો મંજૂર કર્યાના :

(૧) આંકડાશાસ્ત્ર (૨) બૅંકિંગ પ્રશ્નપત્ર ૪ અને ૫ નિયત કરી જૂન ૧૯૮૦થી અમલમાં લાવ્યાના.

૧૪. ઓરલ ડાયાગ્નોસિસ એન્ડ ટ્રીટમેન્ટ પ્લાનિંગ ઇન્ક્લ્યુડિંગ ઓરલ મેડિસિન એન્ડ રેડિયોલોજીનો વિષય ત્રીજા વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં છે તે ચોથા વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં રાખવા અંગે સરકારી ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, અમદાવાદના વિદ્યાર્થીઓની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વિદ્યાર્થીઓની અરજી ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૮—૧૧—૧૯૭૯ની સભા સમક્ષ મૂકી હતી. અભ્યાસસમિતિએ સમિતિ નીમી છે જેની સભા મળી નથી.

(૨) સરકારી ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ, અમદાવાદના ફુલટાઈમ શિક્ષકો તરફથી ઓરલ ડાયાગ્નોસિસ વિષય ફાઈનલ બી.ડી.એસ.ના વર્ષમાં રાખવા અંગે પત્ર આવ્યો હતો તે અંગે ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની તા. ૯—૧૧—૧૯૭૯ની સભાએ બાબત વિચારણા માટે વધુમતે મુલતવી રાખી છે.]

૧૫. એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલના હિન્દી વિષયના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. આઇ. સી. ઉપાધ્યાયને છૂટા કર્યા બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૨—૧૦—૧૯૭૭ની સભામાં કરેલ ઠરાવ અન્વયે સને ૧૯૭૬—૭૭ના વર્ષની પગાર સહિતની મળવાપાત્ર રકમની ચુકવણી કરી તેની જાણ કરવા જણાવ્યું હતું; પરંતુ કૉલેજ તરફથી તેમ નહીં કરવામાં આવતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૫-૧૯૮૦ની સભામાં બાબત ક્રમાંક ૩૮થી નીચે મુજબ ઠરાવ કર્યો છે તે પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં કાપ મૂકવા માટેની કાર્યવાહી કરવાના સૂચન સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી."

૧૬. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૫-૪-૧૯૮૦ની સભાની ભલામણોના સંદર્ભમાં વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણ અન્વયે તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ જે હાલમાં ચાલુ છે તે ૧૯૮૦-૮૧ના વર્ષ માટે ચાલુ રાખ્યાના તથા અસાધારણ મનોવિજ્ઞાન (એબ્નોરમલ સાયકોલોજી)નું પ્રશ્નપત્ર દ્વિતીય વર્ષ બી.એ.ના અભ્યાસક્રમમાં ફરજિયાત કરેલ હોવાથી તૃતીય વર્ષ બી.એ.ના ૧૯૮૦-૮૧ના અભ્યાસક્રમમાંથી તેને વૈકલ્પિક પ્રશ્નપત્રોની યાદીમાંથી રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૧૭. લેંગ્વેજ લેબોરેટરી ભાષા-સાહિત્ય ભવનના કયા વિભાગ સાથે સંયોજિત કરવી તે પરત્વે વિચારણા કરવા બાબત.

નં. એકે. કાઉ. / ૫૪૯૨૭ / ૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૧૪—૭—૧૯૮૦

કે. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨ (ક)

જૂન ૧૯૮૧થી વિનયન, વાણિજ્ય, કાયદા અને શિક્ષણની નવી કૉલેજને શરૂ કરવા અંગેની અરજીઓ બાબતમાં જરૂરિયાત (Need) નક્કી કરવા અંગે એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦—૨—૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની સભા તા. ૧૧—૪—૧૯૮૦ના રોજ બપોરે ૩—૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સમિતિએ સૂચવેલ માહિતી મંગાવ્યા બાદ ફરી આ સભા તા. ૫—૫—૧૯૮૦ના રોજ બપોરે ૩—૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રા. બબાભાઈ પટેલ (અધ્યક્ષ, શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા)	ગેરહાજર
૨. આચાર્ય બી. એમ. પીરજાદા (અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાશાખા)	ગેરહાજર
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. શ્રી. એ. આર. શાહ	ગેરહાજર
૫. પ્રા. એચ. કે. ત્રિવેદી	ગેરહાજર
૬. આચાર્ય કે. ડી. શાહ	હાજર
૭. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર.

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન શ્રી. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણાને અંતે ગાંધીધામ મુકામે હિન્દી માધ્યમની તથા હિંમતનગર મુકામે શરૂ થનાર શિક્ષણની નવી કૉલેજને અંગે ઠરાવવામાં આવ્યું કે—

(૧) ગુજરાત રાજ્યમાં અત્યારે જુદી જુદી યુનિવર્સિટી સંલગ્ન લગભગ ચાલીસેક જેટલી બી.એડ. કૉલેજને અસ્તિત્વમાં છે. તેમાંથી આ વર્ષે ૪,૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ માર્ચ / એપ્રિલની યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાના છે. ઉપરાંત સી.પી.એડ., ડી.પી.એડ., જી.બી.ટી.સી. અને ચિત્ર શિક્ષક તાલીમી સંસ્થાઓમાંથી આ વર્ષે લગભગ ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. આ રીતે અત્યારે આપણા આખા રાજ્યમાં માધ્યમિક શિક્ષક તાલીમી સંસ્થાઓમાં બધા મળીને લગભગ ૫૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે તેની સામે પ્રતિવર્ષે વધુમાં વધુ ગુજરાત રાજ્યમાં ૧૫૦૦ જેટલા શિક્ષકોની જરૂરિયાત દેખાય છે તે દૃષ્ટિએ લગભગ ૪,૦૦૦ જેટલા શિક્ષકો તાલીમ પામ્યા પછી પણ નોકરી ન મેળવી શકે તેવી શકયતા દેખાય છે. વળી અત્યારે ગુજરાત રાજ્યમાં ૧૭૦૦૦ જેટલા તાલીમ પામેલા શિક્ષકો ગુજરાત રાજ્યમાં બેકાર નોંધાયેલા છે જેમાં પ્રતિવર્ષે ૪૦૦૦ બેકાર તાલીમી શિક્ષકોનો ઉમેરો થશે.

ફક્ત ગુજરાત યુનિવર્સિટીની ૪૪ બી.એડ. કૉલેજોમાં કૉમર્સના વિષય લઈને બેસનાર વિદ્યાર્થી-ઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે. (અલગ વિષયોની જોગવાઈ તો પૂરતા પ્રમાણમાં છે જ).

ક્રમાંક	સેન્ટર	બી.એમ.	ઈકોનોમિકસ	કૉમર્સ	એકાઉન્ટ્સ	એમ.આઈ. કલ્ચર
૧.	અમદાવાદ	૧૯૦	૯૩	૧૪	૩૫	—
૨.	બોરસદ	૧૨	૨૩	૩૧	૦	—
૩.	ખંભાત	૨૩	૯	૦	૦	—
૪.	ડભોઈ	૬	૧૨	૧૦	—	—
૫.	ગોધરા	૧૯	—	—	—	—
૬.	બોડા	૨૩	—	—	—	—
૭.	મહેસાણા	૨૨	૨૪	—	—	—
૮.	મોડાસા	૮	૮	—	—	—
૯.	પાલનપુર	૪	—	—	—	૧૩
૧૦.	પાટણ	૧૬	૧૦	—	—	—
૧૧.	પેટલાદ	૧૩	૨૧	—	—	—
૧૨.	વીસનગર	૨૬	૨૪	—	—	—
૧૩.	મુન્દ્રા	૧૫	૨૨	—	—	—
૧૪.	દરામલી	૧૩	૧૭	—	—	—
		૩૯૦	૨૬૩	૫૫	૩૫	૧૩

ઉપરની પરિસ્થિતિને લક્ષમાં લેતાં આ સમિતિ ભલામણ કરે છે કે આ કૉલેજોની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૨) નવી લૉ કૉલેજ માટે શહેર વિસ્તાર સિવાયની કાયદાની કૉલેજોની નીચે જણાવેલ વિદ્યાર્થી-સંખ્યા જોતાં તેમ જ જૂન ૧૯૮૧થી બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, દિલ્હીના પરિપત્ર અનુસાર પૂરા સમયની બપોરની લૉ કૉલેજ માટેની વ્યવસ્થા કરવાની થાય તે જોતાં હિંમતનગર મુકામે નવી લૉ કૉલેજની જરૂરિયાત નથી તેમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	કૉલેજનું નામ	ફર્સ્ટ એલએલ.બી.	સેકન્ડ એલએલબી.	થર્ડ એલએલ.બી.
(૧)	એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	૧૬૫	૧૧૪	૬૯
(૨)	શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ	૧૦૮	૫૫	૪૬
(૩)	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા	૮૨	૫૬	૨૭

ક્રમાંક	કૉલેજનું નામ	ફેર્સ્ટ એલએલ.બી.	સેકન્ડ એલએલ.બી.	થર્ડ એલએલ.બી.
(૪)	શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	૩૬	૧૯	૧૫
(૫)	શ્રી એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા	૭૬	૩૦	૧૪
(૬)	લૉ કૉલેજ, ગોધરા	૧૨૫	૬૮	૫૭
(૭)	એમ. એન. લૉ કૉલેજ, પાટણ	૮૮	૪૧	૨૦

(૩) વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાની બે નવી કૉલેજો અમદાવાદ ખાતે શરૂ કરવા અંગે નિર્ણય લેવા માટે તા. ૧૯–૫–૧૯૮૦ના રોજ બપોરે ૩–૦૦ કલાકે સદરહુ સમિતિની સભા બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ફ. ત્રિવેદી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩

યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રોફેસર-રીડરની જગ્યાઓ પર નિમણૂકો માટેની ઓછામાં ઓછી લાયકાતનાં સુધારેલાં ધારાધોરણો :

(1) Professor

(1) A First or Second Class Bachelor's Degree in the subject

and

A First or Second Class Master's Degree in the subject.

(2) Doctorate Degree in the subject or equivalent–Research work–the equivalence to be determined by two external eminent experts to be appointed by the Executive Council in the subject other than the experts on the Selection Committee. These shall be of the level of Ph.D. referees.

(3) Independent Research work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research. Thesis for the Masters or Ph.D. Degree or the work determined of equivalent level, experience of successfully guiding research; and

(4) About ten years experience of teaching in the subject; at a University or a College of which five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

(2) Reader :

(1) A First or Second Class Master's degree in the subject with a First or a Second Class Bachelor's degree in the subject.

(2) B grade in the seven point scale shall mean not less than 50 % of the total number of marks obtained at the post-graduate examination concerned.

Gujarat University Press, Ahmedabad-9.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની બીજી સભા, શુક્રવાર, તા. ૧-૭-૧૯૮૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. અને તે પછી તે સભામાં નક્કી થયા મુજબ મોકૂફ રહેલી આ સભા મંગળવાર, તા. ૭-૭-૧૯૮૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ફરી મળી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧-૭-૧૯૮૧	તા. ૭-૭-૧૯૮૧
૧.	ડૉ. એમ. એન. દેસાઈ, કાર્યકારી કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. બબાભાઈ એસ. પટેલ	હાજર	હાજર
૩.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર	ગેરહાજર
૪.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર	હાજર
૫.	પ્રિ. બી. વી. ચાર	હાજર	ગેરહાજર
૬.	પ્રિ. બી. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૭.	ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર	હાજર
૮.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૯.	ડૉ. વી. સી. શાહ	હાજર	હાજર
૧૦.	ડૉ. આર. એ. મલગી	હાજર	ગેરહાજર
૧૧.	પ્રો. એમ. પી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૧૨.	ડૉ. આર. જે જોશી	હાજર	હાજર
૧૩.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર	હાજર
૧૪.	પ્રિ. જી. બી. પરીખ	હાજર	હાજર
૧૫.	શ્રી. એ. આર. શાહ	હાજર	હાજર
૧૬.	ડૉ. એ. એસ. નાગર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧–૭–૧૯૮૧	તા. ૭–૭–૧૯૮૧
૧૭.	ડૉ. એમ. જે. મહેતા	હાજર	હાજર
૧૮.	શ્રી. પી. એન. શેઠ	હાજર	ગેરહાજર
૧૯.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૦.	ડૉ. ઉમાપ્રસાદ ડી. પટેલ	હાજર	હાજર
૨૧.	શ્રી. ડી. એસ. પ્રસન	હાજર	હાજર
૨૨.	પ્રિ. વી. સી. ઉપાધ્યાય	હાજર	હાજર
૨૩.	શ્રી. એન. એન. ઉદવાડિયા	હાજર	હાજર
૨૪.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર	હાજર
૨૫.	શ્રી. એલ. બી. પટેલ	હાજર	હાજર
૨૬.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર	હાજર
૨૭.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૨૮.	શ્રી. એ. ડી. પંડ્યા	હાજર	હાજર
૨૯.	ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર	હાજર
૩૦.	ડૉ. એસ. જે. દામાણી	ગેરહાજર	ગેરહાજર
૩૧.	શ્રી. આઈ. એ. મોદી	ગેરહાજર	ગેરહાજર
૩૨.	ડૉ. સી. પી. ઓઝાણી	હાજર	ગેરહાજર
૩૩.	શ્રી. એન. એમ. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૩૪.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૩૫.	ડૉ. સુમન્ત કે. મજમુદાર	—	ગેરહાજર
૩૬.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૩૭.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર	ગેરહાજર

બાબત ક્રમાંક ૯, ૧૦, ૩૪, ૩૫ અને ૩૬નાં વિચારણા તા. ૭–૭–૧૯૮૧ના રોજ કરવામાં આવી હતી, પરંતુ સરળતા ખાતર તેનો નોંધ ક્રમાનુસાર આપવામાં આવી છે.

૧. તા. ૪–૫–૧૯૮૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની પહેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૪–૫–૧૯૮૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની પહેલી સભાના કામકાજની નોંધને નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(અ) બાબત નં. ૧૧ અંગે કરેલા ઠરાવમાં જણાવેલી શરતોમાં નીચે પ્રમાણેની શરત, શરત નં. ૮ તરીકે ઉમેરવી.

"૮. કૉલેજના કર્મચારીઓના પગાર યુનિવર્સિટીના નિયમો પ્રમાણે બૅંક મારફતે ચૂકવવામાં આવે."

(બ) બાબત નં. ૩૧ અંગેનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના વિકાસ કો-ઑર્ડિનેટરની જગ્યા ઊભી કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી અને તેના વિચારણા આવ્યેથી આગળનાં પગલાં લેવા

માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. શ્રી. એસ. બી. વોરા
૫. શ્રી. વિમલભાઈ શાહ
૬. ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૭. શ્રી. ડી. એસ. પુરોહિત
૮. ડૉ. વી. પી. શાહ
૯. શ્રી. નંદકુમાર પાઠક
૧૦. ડૉ. વિશ્વનાથ
૧૧. ડૉ. દિગીશ મહેતા
૧૨. ડૉ. સી. ટી. ભોપટકર
૧૩. શ્રી. જયંતભાઈ પી. દેસાઈ
૧૪. શ્રી. ધીરેન્દ્ર અવાસિયા
૧૫. પ્રો. જે. એલ. ચોળકિયા
૧૬. ડૉ. સુમન્ત કે. મજમુદાર
૧૭. શ્રી. પ્રવીણભાઈ શેઠ
૧૮. શ્રી. પી. સી. જૈન
૧૯. શ્રી. આર. જે. મોદી
૨૦. શ્રી. સુભાષ જોશી
૨૧. શ્રી. હસમુખભાઈ બારાડી

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) બીજા વર્ષ બી.કૉમ.ના સેક્રેટરિયલ પ્રૅક્ટિસનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરી જૂન ૧૯૮૧થી અમલમાં લાવ્યાના;

(૨) એસ.વાય. બી.કૉમ. અને ટી.વાય. બી.કૉમ.ના કૉમર્શિયલ "કૉમ્યુનિકેશન" વિષય માટે ૧૯૮૦—૮૧ના વર્ષ માટે જે ટેક્સ્ટબુક્સ હતી તે ૧૯૮૧—૮૨ના વર્ષ માટે ચાલુ રાખ્યાના;

(૩) દ્વિતીય વર્ષ બી.એસસી. ભૂલોજીનો સુધારેલો અભ્યાસક્રમ, તેનું પ્રાયોગિક કાર્ય તથા સેકન્ડ સપ્લિમેન્ટરી વિષયનો અભ્યાસક્રમ નિયત કરી તેને જૂન ૧૯૮૧થી અમલમાં લાવ્યાના;

(૪) સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ રની હંગામી જગ્યા પર રૂ. ૪૭૫ના મૂળ માસિક પગારથી રૂ. ૪૭૫—૨૦—૬૧૫—઼ઈ.બી. ૨૦—૬૭૫—૨૫—૮૦૦ના પગારધોરણમાં શ્રી. રાજપન્ન કે.ની એક વર્ષ માટે હંગામી નિમણૂક કર્યાના;

(૫) સને ૧૯૮૦—૮૧ના વર્ષના વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષ્યમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં તેમના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે અને નાપાસ થાય કે પરીક્ષામાં ન બેસે તેમને ઉપરના વર્ગમાં ચઢાવવામાં આવે તેવા વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે આવે તેમને પારસ્પરિક ધોરણે પ્રવેશપાત્ર ગણવા અંગે કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનાન્સ-૭ને મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ તરફથી ચાલુ વિનયન વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવા માટે આવેલ જોડાણઅરજી.

આથી વધુ મને ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ, અમદાવાદ શહેર વિસ્તારમાં વાણિજ્યની કૉલેજ અંગેની જરૂરિયાત બાબતમાં કોર્ટના ચુકાદાને આધીન શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઓર્ડિઝકચુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૭-૧૯૮૧ સુધીમાં કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખામાં,પ્રથમવર્ષ બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૮૧ થી તા. ૧૪-૬-૧૯૮૨ સુધીનું જોડાણ આપવા ઓર્ડિઝકચુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. વાણિજ્યના અભ્યાસક્રમોને અનુલક્ષીને આર્ડિ. ૧૨૦-એ. ના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણ નીમવામાં આવે. (શિક્ષકોની નિમણૂક અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે).

(૨) કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લાંબા, જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

૩. શિક્ષકો માટેના ખંડ

૪. વિદ્યાર્થીઓ માટે ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો)

૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટે ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

૬. વાણિજ્ય વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડોવાળા સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

૭. પીવાના પાણી માટેના ખંડ

૮. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

(૩) ઉપર પ્રમાણેની જોગવાઈ ઉપરાંત સંલગ્ન બાથરૂમ તથા જરૂરી સવલતો સહિતના ખંડો તથા કૉલેજમાં ચાલતા બધા જ પીરિયડો સાથે ટ્યુટોરિયલ લઈ શકાય. તે માટેના જરૂરી વ્યાખ્યાન-ખંડો, ઉપરાંત ટ્યુટોરિયલ ખંડોની વ્યવસ્થા કૉલેજના મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે.

(૪) પુસ્તકો અને સામયિકો માટે કૉલેજની શરૂઆતમાં રૂ. ૨૦,૦૦૦નો ખર્ચ કરે અને દરવર્ષે વિદ્યાર્થીની સંખ્યાદીઠ ૧૫ રૂ. નો ખર્ચ કૉલેજ કરે. જો કૉલેજ આવર્તકખર્ચ માટે પાત્ર બને તો આ ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂ. ૨૫ નો કરવાનો રહેશે. કારણ કે વિદ્યાર્થીની લાઈબ્રેરી ફી ઉપરાંત ૨૫ રૂપિયા સુધીના ખર્ચ માટે સરકાર ૩૧ ટકા ગ્રાન્ટ આપે છે, જે વિદ્યાશાખા દીઠ રૂ. ૪,૦૦૦/- કરતાં ઓછું હોવું ન જ જોઈએ.

જોડાણના વિષયો માટેના દરેક વિષય માટે શિક્ષકો અને અભ્યાસી વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તેવા ઓછામાં ઓછા બે બે જર્નલ્સનાં સવાજમ ભરવામાં આવે.

(૫) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે.

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડાભથ્થું તથા પ્રોવિડંટ ફંડના લાભ આપવામાં આવે તેમજ તેમના પગાર બૅંક મારફત ચૂકવવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

(૭) પછાત વર્ગ (અક્ષીપંચ સહિત) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબના વિદ્યાર્થીઓના પ્રવેશની જરૂરી સંખ્યા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવે.

(૮) રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ પાછળ વિદ્યાર્થીની એકઠી થયેલી ફી ઉપરાંત એકઠી થયેલી ફી ના ૧૦ ટકા કૉલેજ તરફથી દર વર્ષે ખર્ચ કરવામાં આવે.

(૯) કૉલેજને સરકારી આવક કે ગ્રાન્ટ તત્કાલ પ્રાપ્ત નહીં બને. (ત્રણ વર્ષ સુધી) તેથી સંસ્થાના સંચાલનમાં આવર્તક ખોટ આવવાની સંભાવના છે. તેને પહોંચી વળવા માટે યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે સંસ્થા વતી રૂ. ૧,૦૦,૦૦૦ના બૅલેન્સ કૉમર્સ વિદ્યાશાખા માટે અનામત તરીકે બૅંકની ફિક્સ્ડ ડિપોઝિટમાં કે અન્ય માન્ય રોકાણમાં રાખવામાં આવે, જેની આવક કે મૂડીનો ઉપયોગ માત્ર કૉલેજની ખોટને પહોંચી વળવા માટે 'ઇયર માર્ક' કરવામાં આવે.

(૧૦) કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

(૧૧) વાણિજ્ય વિદ્યાશાખાની રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનના અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કયામત છે તેવું ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૪. મનોવિજ્ઞાન ભવનમાં રીડર-ઇન-સાયકોલોજીની જગ્યાના સંદર્ભમાં બક્ષી પંચે નિયત કરેલ પછાત જાતિના એક ઉમેદવાર ડૉ. એસ. પી. ગોસાઈએ કરેલી રિટ (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૪૦૬-૧૯૮૦) અંગેના સંદર્ભમાં નામદાર જસ્ટિસ શ્રી. બી. કે. મહેતાએ આપેલા ચુકાદામાં નીચેની સૂચના એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮-૯-૧૯૮૦ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

The result is that this petition fails and is dismissed and the Rule is discharged.

Before parting with this judgement, I would like to put on record that the authorities of the respondent-University should immediately take steps so as to provide by issuing executive regulations till suitable provisions are incorporated in the statutes for reservation of seats for the candidates from these handicapped class and communities and also provide a detailed scheme for carry forward of these seats and for incidental matters such as relaxation of qualifications, issuances of advertisement, holding of interviews etc. So as that the candidates like the petitioner who has by a dint of effort and par-sevarance achieved such high qualifications, may not feel frustrated in their attempts to shape career according to their inclination.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ખામતનો વિચારણા મોકૂફ રાખવો.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્ર વિભાગમાં સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટની જગ્યા માટે આમાં ઓછી લાયકાતનું ધોરણ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિભાગના વડાએ આ જગ્યા માટે નીચે પ્રમાણે લાયકાતનું ધોરણ રાખવા સૂચન કર્યું છે :

" એમ.એસસી. (સ્ટેટિસ્ટિકસ) અને સંશોધનમાં રજિસ્ટ્રેશન કરવાનું જરૂરી રહેશે.

પગાર રૂ. ૪૦૦ (ફિકસ).'']

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્ર વિભાગમાં સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટની જગ્યા માટેના ઉમેદવારોની આમાં ઓછી લાયકાતનું ધોરણ બી.એસસી. અને એમ.એસસી. કક્ષાએ બીજો વર્ગ તથા સંશોધન માટે રજિસ્ટ્રેશન કરાવવાનું જરૂરી રહેશે, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૩—૪—૧૯૮૧ ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ. પદવી ધરાવતા શિક્ષકોને એજ્યુકેશન વિષય માટે માન્યતા આપવા માટે જરૂરી શૈક્ષણિક અનુભવ એમ.એડ. પછીનો ગણવા માટે એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૩-૪-૧૯૮૧ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૭. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૩-૪-૧૯૮૧ ની સભાએ વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૮/૧૯-૧૨-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ માન્ય રાખવી નહીં તેમ એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા

ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

" અત્યારે અનુસ્નાતક કક્ષાએ કામ કરતા શિક્ષક અને મદદનીશ શિક્ષકને એકસરખા ધોરણે ભથ્થું મળે છે અને એકસરખા જ વિષયો ભણાવે છે. તેમના કામનો પ્રકાર અને કક્ષા જોતાં આ પ્રકારનું વર્ગીકરણ ચાલુ રાખવું વાજબી લાગતું નથી. તેથી આ સભા ભલામણ કરે છે.

(હાલમાં મદદનીશ શિક્ષકની પાત્રતા ધરાવતા અને મદદનીશ શિક્ષકની લાયકાત ધરાવતા તમામને પી.જી. ટીચર તરીકે જ ગણવા જોઈએ. આ માટે ઑર્ડિનાન્સમાં જરૂરી ફેરફાર કરવા આ સભા એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.) "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ અંગે યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓની સમિતિ નીમવી અને તેઓની ભલામણ પ્રમાણે આગળનાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સ્પેશિલ એજ્યુકેશન ફોર નોન-નોર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.)નું નામાભિધાન "પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સ્પેશિયલ એજ્યુકેશન (મેન્ટલી હેન્ડિકેપ્ડ) ડી.એસ.ઈ. (મેન્ટલી હેન્ડિકેપ્ડ) એ પ્રમાણે જ સુધારવા બી. એમ. ઈન્સ્ટ્રક્ટ્યૂટ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી આવેલા તા. ૨૦—૫—૧૯૮૧ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશન ફોર નોન-નોર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.)નું નામાભિધાન 'પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલી હેન્ડિકેપ્ડ) ડી.એસ.ઈ. (મેન્ટલી હેન્ડિકેપ્ડ) એ પ્રમાણે સુધારવું અને તે પ્રમાણે સ્ટે. ૧૭૮ સુધારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ સ્વાયત્તતા માટેની યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલી અરજીની બાબતમાં નિયુક્ત થયેલી તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિયુકત થયેલ તપાસસમિતિનો હેવાલ મંજૂર કરવા અને ભાષા ભવનના જુદા જુદા વિભાગોને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં ધોરણો પ્રમાણે સ્વાયત્તતા આપવા સૈદ્ધાન્તિક સ્વીકાર કરવો તથા તે અંગે ઘટતાં પગલાં લેવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વહીવટી સ્વાયત્તતા માટે પણ શકય અમલ કરવો.

૧૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અનુસાર સ્વાયત્તતા મેળવવા માટે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલી અરજીના સંદર્ભમાં નિયુક્ત થયેલી તપાસસમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિયુકત થયેલ તપાસસમિતિનો હેવાલ મંજૂર કરવા અને વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગોને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં ધોરણો પ્રમાણે સ્વાયત્તતા આપવા સૈદ્ધાન્તિક સ્વીકાર કરવો તથા તે અંગે ઘટતાં પગલાં લેવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

વધુમાં ઠરાવવામાં આવે છે કે વહીવટી સ્વાયત્તતા માટે પણ શકય અમલ કરવો.

૧૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૩(૨) વર્ગ-ખ અન્વયે યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના સભ્યો પૈકી શ્રી. કે. એસ. શાસ્ત્રીની વરણી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૯-૧૧-૧૯૭૯ની સભામાં કરવામાં આવી હતી, પરંતુ શ્રી. કે. એસ. શાસ્ત્રીએ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે નિમાતાં, એકેડેમિક કાઉન્સિલ પરથી રાજીનામું આપેલ હોઈ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એકેડેમિક પ્રતિનિધિની વરણી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અરવિંદભાઈ આર. શાહની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવી.

૧૨. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧

" એકેડેમિક કાઉન્સિલ તથા વિનયન વિદ્યાશાખા સમક્ષ છેલ્લા એકબે વર્ષ દરમિયાન પ્રાધ્યાપક પરીક્ષકોની નિમણૂક માટેની ' અગ્રતાક્રમ-ગુણાંક પદ્ધતિ'માં ફેરફારો સૂચવતા પ્રસ્તાવો આવેલા અને તે માટે ભલામણો મેળવવા સમિતિઓ નિયુક્ત થઈ હતી છતાં હજુ સુધી તે અંગે કોઈ આખરી ભલામણોનો મુસદ્દો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે આવી શક્યો નથી. યુનિવર્સિટીએ દરેક શિક્ષકના ' અગ્રતાક્રમ-ગુણાંક ' માટે કાર્ડ પદ્ધતિનો અમલ કરવાનું વિચાર્યું છે ત્યારે આ ' અગ્રતાક્રમ-ગુણાંક'ના મુસદ્દાને જરૂરી ફેરફારો કરી લઈ આખરી રૂપ આપવાનું તાકીદનું કામ બન્યું છે તેથી તે અંગેના હાલનાં ધારાધોરણોમાં સૂચિત ફેરફારો સહિતનો મુસદ્દો વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલની આ સભા સમક્ષ રજૂ કરું છું. જરૂર લાગે તો એક સમિતિ નિયુક્ત કરીને આ પછીની બીજી સભામાં આખરી ભલામણો પર વિચારણા કરી નિર્ણય લેવામાં આવે તેમ સૂચવું છું."

યુનિવર્સિટીની બધી જ વિદ્યાશાખાઓના શિક્ષકોને ' અગ્રતાક્રમ-ગુણાંક ' ગણવા માટે જે તે વિદ્યાશાખાને નીચે લાગુ પડતાં નીચેનાં ધારાધોરણો અમલી બનાવવાનાં આવે :

શિક્ષકોના " અગ્રતાક્રમ-ગુણાંક ' ગણવાનાં સૂચિત ધોરણો

શૈક્ષણિક લાયકાત	પાસ કલાસ	સેકન્ડ કલાસ	ફર્સ્ટ કલાસ	કલાસની જોગવાઈ ન હોય ત્યાં
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
ડિગ્રી બી.એ.,બી.એસસી. બી.કોમ.	૧	૨	૩	છેલ્લા વર્ષના ગુણ પ્રમાણે
એમ.એ.,એમ એસસી.,એમ.કોમ.	૧	૨	૩	,,
એમ.ફિલ.	—	—	—	૩
પીએચ.ડી.	..	..	..	૩
સી.એસસી.ડિ.લિટ	..	..	..	૩

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
બી.ઈ.	૧	૨	૩	
એમ.ઈ.	૧	૨	૩	
બી. ફાર્મ.	૧	૨	૩	
એમ. ફાર્મ.	૧	૨	૩	
એમ.બી.બી.એસ.,બી.ડી.એસ	૧	૨	૩	
એમ.ડી.,એમ.એસ.,એમ.ડી.એસ.	૧	૨	૩	
એલએલ.બી.	૧	૨	૩	
એલએલ.એમ.	૧	૨	૩	
બી.એડ., બી.લિબ.એસસી.	૧	૨	૩	
એમ.એડ., એમ.લિબ.એસ.સી.	૧	૨	૩	
સી.એ.	૧	૨	૩	

૨. શૈક્ષણિક અનુભવ :

હાલના આ અંગેના મુસદ્દા પછી ક્રમ ૩, ૪, ૭, ૮, ૯ અને ૧૧ યથાવત રાખવી. કલમ નં. ૬ નીચે પ્રમાણે સુધારીને મૂકવી :

"૬. પીએચ.ડી. ગાઇડ તરીકે માન્ય થયેલા શિક્ષકને માન્યતા મળે તે પછીના પ્રત્યેક પૂરા વર્ષ દીઠ એક ગુણ અને વધુમાં વધુ ૪ ગુણ તથા પીએચ.ડી.ની પદવી માટે વિદ્યાર્થીનો મહાનિબંધ સ્વીકૃત થયો હોય તેવા વિદ્યાર્થી દીઠ એક ગુણ અને વધુમાં વધુ ૪ ગુણ આપવા."

(નોંધ.—હાલના મુસદ્દાની કલમ ૧૦ નોંધરૂપે યથાવત મૂકવી.)

પ્રસ્તાવ ૨

"કોઈ એક કન્વીનર–મોડરેટર હેઠળ નિયુક્ત તથા પ્રાશ્નિકો–પરીક્ષકોને શક્ય હોય ત્યાં સુધી કામની ફાળવણી સરખા ભાગે કરવામાં આવે અને તેમ છતાં કોઈ વિશિષ્ટ સંજોગોમાં તેમ ન થઈ શક્યું હોય તો પ્રત્યેક પ્રાશ્નિક–પરીક્ષકને ફાળવાયેલી કામગીરીને આધારે થતાં વેતનબિલોમાં જો રૂ. ૫૦થી વધુ રકમનો ફરક રહેતો હોય ત્યાં તેવા દરેક પ્રાશ્નિક–પરીક્ષકને તેમને પરીક્ષાની કરેલી કામગીરી પ્રમાણે થતા વેતનબિલની ચુકવણી કરવામાં આવે અને કન્વીનર–મોડરેટરને દરેક વ્યક્તિએ કરેલી કામગીરી પ્રમાણેનાં બિલો રજૂ કરવાનું સૂચવવામાં આવે."

ઉપરોક્ત સૂચન સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલની આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૩

પી.જી. ફલ નં. ૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારી લેવા અને એ સિવાયના શબ્દો–વાકયો તેમાંથી રદ કરવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

"No post-graduate student shall be allowed to appear for Part I or Part II Examination by papers unless he has attended not less than two–thirds of the total number of lectures delivered in the subject or group of subjects in each term during two terms of Part I or Part II, as the case may be."

પ્રસ્તાવ ૪

"ઑર્ડિનન્સ ૬૫-પી(એચ)માં પહેલી લીટીમાં 'પર પેપર' એ શબ્દો રદ કરીને તેને સ્થાને 'ઇન ધી સબ્જેક્ટ' એ શબ્દો ઉમેરવામાં આવે, તેવી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તાવ નં. ૧ અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(અ) પ્રો. અંબુભાઈ ટી. દેસાઈ

(બ) આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ

(ક) યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓ.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તાવ નં. ૨ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તાવ નં. ૩ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તાવ નં. ૪ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવો.

૧૩. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૩-૧૦-૧૯૮૦ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" વધુમાં ઠરાવવામાં આવ્યું કે બી.એડ.ની પરીક્ષામાં (૧) મોડરેશન પ્રથા દાખલ કરવા ભલામણ છે. (૨) ફ્રી સલિતની મોડેલ પ્રશ્નપત્રો સાથેની માર્કિંગ સ્કીમની પ્રથા દાખલ કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૩--૧૦--૧૯૮૦ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" એમ.એ. પ્રાકૃત મુખ્ય વિષયમાં એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને બેસવાની છૂટ છે તે રીતે એમ.એ. પાર્ટ ૨ (સપ્લિમેન્ટરી) એમ.એ. (પ્રિન્સિપલ) માટે અને પી.જી. સર્ટિફિકેટ ઇન પ્રાકૃતની પરીક્ષા માટે છૂટ આપવા આ વિદ્યાશાખા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧--૧૯૮૧ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૧૫. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮—૧—૧૯૮૧ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) "એમ.એ. સંસ્કૃત સાથે પાસ થયેલા શિક્ષક કે જેઓએ પી.જી. સર્ટિફિકેટ કોર્સ ઇન પ્રાકૃત પાસ કરેલ હોય તેમને 'એલાઈડ સબ્જેક્ટ' ગણીને થર્ડ બી.એ. સુધી પ્રાકૃતનો વિષય શીખવવાની છૂટ આપવા આ વિદ્યાશાખા ભલામણ કરે છે."

(૨) "નવીન ભારતીય આર્ય ભાષાઓ જેમકે ગુજરાતી, મરાઠી, હિંદી વગેરે સાથે એમ.એ. પાસ થયેલા અને પી.જી. સર્ટિફિકેટ્સ કોર્સ ઇન પ્રાકૃતની પરીક્ષા પાસ કરેલ હોય તેમને પહેલા અને બીજા વર્ષ બી.એ.ના પ્રાકૃતનો ગૌણ વિષય શીખવવાની છૂટ આપવા આ વિદ્યાશાખા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ની સભાની ઉપરની ભલામણો મંજૂર કરવી નહીં.

૧૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૮—૧-૧૯૮૧ ની સભામાં લાઇબ્રેરી સાયન્સની એડહોક સમિતિની તારીખ ૩૦—૧૦—૧૯૮૦ ની સભાની નીચેની ભલામણ સ્વીકારવા ભલામણ કરી હોય તે પર વિચારણા કરવા બાબત :

"૧. બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફરમેશન સાયન્સ વર્ગોમાં હાલ નીચે મુજબ પ્રશ્નપત્ર છે :

પ્રશ્નપત્ર ૨ :	અનુલય સેવા	... ૧૦૦ ગુણ
પ્રશ્નપત્ર ૩ :	પુસ્તકપસંદગી વાઙમયસૂચિ અને ડૉકયુમેન્ટેશન	... ૧૦૦ ગુણ
	તેને બદલે નીચે જણાવેલ ફેરફાર પ્રશ્નપત્રોમાં કરવાં :	
પ્રશ્નપત્ર ૨ :	અનુલય સેવા અને ડૉકયુમેન્ટેશન	... ૧૦૦ ગુણ
પ્રશ્નપત્ર ૩ :	પુસ્તકપસંદગી અને વાઙમયસૂચિ	... ૧૦૦ ગુણ

આનો અમલ જૂન ૧૯૮૧ના વર્ષથી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ત્રીજા વર્ષ બી.એ. માટે દરેક વિષયના નિબંધના પ્રશ્નપત્ર માટે પણ અડવાડિયાના ત્રણ તાસ રાખવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૮-૧-૧૯૮૧ની સભામાં પ્રો. બી. એસ. અગ્રવાલનો નીચેનો પ્રસ્તાવ ૧ સ્વીકારવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧ :

"સરકારશ્રીની ૧૦ વત્તા ૨ વત્તા ૩ની નવી નીતિને કારણે અનેક પ્રાધ્યાપકોને વિવશ થઈને સંખ્યાધિક બનીને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણકાર્ય માટે જવું પડ્યું હતું. આ પૈકી જે પ્રાધ્યાપકો કૉલેજમાં પુનઃ સ્થાપિત થયા છે તેમને કૉલેજ શિક્ષણકાર્યનો અનુભવ ગુમાવવો પડ્યો છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ દરમિયાનના અનુભવને કૉલેજ શિક્ષણનો અનુભવ ગણવામાં આવતો નથી. પરિણામે પુનઃ સ્થાપિત શિક્ષકોને પરીક્ષક તરીકેની નિમણૂકો અને અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ઇત્યાદિમાં ઘણું સહન કરવું પડ્યું છે. આ અન્યાયને દૂર કરવા આ સભા ઠરાવે છે કે પુનઃસ્થાપિત પ્રાધ્યાપકના ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના અનુભવ કામને કૉલેજ શિક્ષક તરીકે ઓછામાં ઓછા અનુસ્નાતક શિક્ષણ અને પરીક્ષણ કાર્યના સંદર્ભમાં લાયક ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ વિદ્યાશાખાનો સ્નાતક જેણે પરીક્ષા ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ કરી હોય તેમને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરવા અને તે માટે ધારાધોરણો સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા અને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને રિસર્ચની વિચારણા માટે મોકલવી.

૨૦. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮—૧-૧૯૮૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૨—૧૦—૧૯૮૦ની સભાની ભલામણ પર વિચારણા કરી આ વિદ્યાશાખા ઠરાવે છે કે એજ્યુ. રેગ્યુ. ૬માં વિદ્યાર્થીઓના ગુણ કૉલેજના નોટિસબોર્ડ પર મૂકવા ઉલ્લેખ છે તે સુધારીને એજ્યુ. રેગ્યુ. ૬ નીચે મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Edu. R. 6 :

The total number of marks for part II shall be 500.

1. For the practical work done by the candidate and the internal examination marks upto a maximum of 400 shall be assigned by

the Head of the College in which he is studying and will be communicated to the University before the University practical examination commences. Marks so assigned may be revised in the case of a candidate who foils to pass in the internal evaluation and applied for such provision, provided –

(*a*) that he puts in regular attendance for a period of one month at least at the college in which he has previously studied, and

(*b*) that during this period he give under the supervision of the college authorities six additional lessons in teaching practice (and does other practical work) to the satisfaction of the Head of the college. The marks so obtained i.e. marks for practical work and internal examination marks upto maximum of 400 marks by each candidate shall be put on the college notice board 1 to 9 itemwise after the marks are communicated to the Universtiy.

2. For the remaining 100 marks, a candidate shall appear for a practical test of one full period lesson in each of the two subjects selected by him for paper V, Part I

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાનો ઉપરનો ભલામણ મંજૂર કરવો.

૨૧. શિક્ષણ સહિતનો વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૮–૧–૧૯૮૧ નો સભામાં ગણિતની અભ્યાસસમિતિનો તા. ૨૮–૬–૧૯૮૦ નો સભાનો નીચેનો ભલામણ સ્વીકારવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખામાં મુખ્ય વિષય તરીકે ગણિતનો અભ્યાસક્રમ સરખો હોવાથી ત્રીજા વર્ષ બી.એસસી.ની જેમ ત્રીજા વર્ષ બી.એ.માં ગણિતનાં પાંચ પ્રશ્નપત્રો રાખવા તથા તેના માર્કસ ત્રીજા વર્ષ બી.એ.ના અભ્યાસક્રમના માળખા મુજબ પ્રોરેટા ગણીને મૂકવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

૨૨. વિનયન વિદ્યાશાખાની એમ.એ. પાર્ટ ૧ અને ૨ પરીક્ષામાં ૬ઠ્ઠી નંબરની પ્રથા છે તે પ્રથા રદ્દ કરવા અંગે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૨–૧૯૮૦ ની સભા સમક્ષ બાબત ક્રમાંક ૪૫ થી તે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો તે પર એકેડેમિક કાઉન્સિલની સભાએ સદરહુ પ્રસ્તાવ વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલેલ તે બાબતમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮–૧–૧૯૮૧ની

સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ પરીક્ષામાં ડબા નંબરની પ્રથા રાખવી તથા દરેક પ્રશ્નપત્રમાં બે વિભાગો પાડી જુદા જુદા પરીક્ષકોને તપાસવા માટે મોકલવામાં આવે છે તે પ્રથા બંધ કરી અગાઉની માફક ડબલ એસેસમેન્ટની પ્રથા દાખલ કરવી."

સદરહુ બાબતના સંદર્ભમાં પ્રા. અંબુભાઈ દી. દેસાઈનો તા. ૩૦-૬-૧૯૮૧નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા લાલ પૂરતી મોકૂફ રાખવી. શ્રી. અંબુભાઈ દેસાઈનો તા. ૩૦-૬-૧૯૮૧નો પત્ર અંગે ઠરાવવામાં આવ્યું કે અનુસ્નાતક પરીક્ષાઓમાં ચાલુ વર્ષે ડબલ એસેસમેન્ટ રાખવાની જરૂર નથી.

૨૩. લલિતકળાની એડહોક સમિતિની તા. ૯-૧૦-૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ એડહોક સમિતિને લાગે છે કે ફાઇન આર્ટ્સ વિષયોનું વિસ્તૃતીકરણ અને આધુનીકરણ થતું હોવાથી વિવિધ પાસાંઓના આશરે નવ તજ્જ્ઞોની નીચે પ્રમાણેની એડહોક સમિતિ હોવી જરૂરી છે :

૧. શ્રી. જશવંત ડાકર
૨. શ્રીમતી મૃણાલિની સારાભાઈ
૩. પ્રો. સુધાબહેન દેસાઈ
૪. ડૉ. ચિનુભાઈ નાયક (એચ. કે. કૉલેજ)
૫. શ્રીમતી કુમુદિની લાખિયા (લાખિયા ટ્રસ્ટ, લાલદરવાજા, અમદાવાદ-૧)
૬. શ્રી. યશવંત કેલકર (મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા)
૭. શ્રી. ક્ષેમુ દિવેટિયા (પરિમલ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬)
૮. શ્રી. ગૌતમ કોપી (આઈ. એન. ટી., મુંબઈ)
૯. શ્રી. અતુલ દેસાઈ (શાંતિસદન સોસાયટી, દ્વારા ગિરીશચંદ્ર દેસાઈ, એલિસબ્રિજ, અમદાવાદ-૬)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. ફોટોગ્રાફીના ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવાનું શ્રી. એસ. બી. વોરાનું સૂચન વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨-૧૧-૧૯૭૯ની સભામાં સ્વીકાર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શ્રી. એસ. બી. વોરા પાસેથી વિગતો મંગાવવી અને તે આવ્યા બાદ સદરહુ બાબતની વિચારણા કરવી.

૨૫. એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના મંત્રીશ્રી તરફથી "ઇન્ટીગ્રેશન ઑફ મોરલ એન્ડ સ્પિરિચ્યુઅલ વેલ્યુઝ" અંગે તેમના તા. ૧૨-૭-૧૯૮૦ના પત્રથી આવેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨–૬–૧૯૮૦ના પત્રાંક એફ. ૧–૪૯–૭૯ (સીપી)ની બીજી કંડિકામાં ઉલ્લેખ થયાના લાગતા અભ્યાસક્રમો અંગે (ફાઉન્ડેશન કોર્સીઝ) અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓના અભિપ્રાય મંગાવવા.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮/૧૯–૧૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા સર્વાનુમતે ફરીથી ભલામણ કરે છે કે પહેલા, બીજા અને ત્રીજા વર્ષનાં બધાંજ પ્રશ્નપત્રોના ગુણ સમાન ધોરણે ગણતરીમાં લઈ પદવી કક્ષાએ વર્ગ આપવો જોઈએ અને તે માટે જરૂરી રેગ્યુલેશન અને અન્ય ધારાધોરણો ઘડી એકેડેમિક કાઉન્સિલની અનુમતિ (approval) મેળવવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮/૧૯–૧૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે એકસ્ટર્નલ વિદ્યાર્થીઓના ઉપયોગ માટે 'ટેકસ્ટબુક લાઇબ્રેરી' જુદાં જુદાં સેન્ટરમાં રાખવાની જોગવાઈ કરવી."

"આ માટે એકસ્ટર્નલ ફીની રકમમાંથી વાજબી રકમ ફાળવવી તથા યુ.જી.સી.ને પણ 'ટેકસ્ટબુક લાઇબ્રેરી' માટે જરૂરી ફંડ આપવા વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮/૧૯–૧૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા બી.કોમ. અને એમ.કોમ. પાર્ટ ૧ અને ૨ની પરીક્ષામાં ડમી નંબરની પ્રથા રાખવાના ઠરાવને ફરીથી અનુમોદન આપે છે અને વધુમાં ભલામણ કરે છે કે ડમી નંબરની પ્રથા વધુ પદ્ધતિસરની અને વૈજ્ઞાનિક (સિસ્ટેમેટિક એન્ડ સાયન્ટિફિક) બની રહે તે માટે પગલાં લેવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૨૨–૧૨–૧૯૮૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી.ફાર્મ.ની પરીક્ષાના પરીક્ષકોની લાયકાત માટે લેકચરરની સાથે ડેમોન્સ્ટ્રેટર/ટયૂટર શબ્દ મૂકી નિયમ નીચે મુજબ સુધારવા ભલામણ કરવામાં આવે છે :

Post-graduate qualifications minimum in second class at the graduate and Post-graduate examinations in the subject and three years' teaching experience

in the subject as a Demonstrator / Tutor / Lecturer in the subject in the Degree classes or seven years' industrial or research experience in the subject or a person with Doctorate qualification in the pharmaceutical subject and three years' industrial or research experience in the subject."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૧. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૨૨-૧૨-૧૯૮૦ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

At present, all Pharmacy examinations are held twice in a year, i.e. in the months of April and October. It was felt that if the October examination is prepended to the end of June the candidates passing in the supplementary examination can join their studies in next higher class and there will be a saving of one valuable year.

Hence, it is resolved that appropriate changes are made in Pharm. rule Nos. 16, 25, 32, 38, 13 of 1st, 2nd, 3rd and 4th B.Pharm. examination, to give the effect for holding supplementary examination in the month of June.

It was further resolved that such rules should also be made for 1st and 2nd year Diploma examinations and also for 1st and 2nd year of M.Pharm. examinations.

Note.— Such practice of conducting supplementary examination immediately after the annual examination is there in different Universities like Delhi, Banaras and such other ones.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૩૨. ઇકિવવેલેન્સ ઓફ એકઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૬-૬-૧૯૮૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૬-૬-૧૯૮૧ની સભાની ભલામણો પૈકી ભલામણ નં. ૧૮ સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

સદરહુ સમિતિની ભલામણ નં. ૧૮ અંગે વધુમાં ઠરાવવામાં આવ્યું કે તેને બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૬-૬-૧૯૮૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૩. બી.એડ.ની પરીક્ષા એક વાર એક કન્ટેન્ટ અને મેથડ રાખી ઉત્તીર્ણ કરનારને ફરી એ પરીક્ષા કન્ટેન્ટ અને મેથડના વિષયો બદલી વિદ્યાર્થી આપવા માગે તો તે વિષય પૂરતી જ આપવા દેવા અંગેની જોગવાઈ યુનિવર્સિટીના નિયમમાં કરવા અંગે વિચારણા કરીને યોગ્ય લાગે તો એજ્યુ. રે. ૮ ની નીચેનો મુસદ્દો મંજૂર કરવા બાબત :

Edu. R. 8 :

"On a new application being forwarded and fresh fee paid and with the fresh terms a candidate who has already passed the B.Ed. examination for any one content and Method is allowed to present himself / herself again only for the examination in the other subject of content and Method not offered by him/her for content and Method at the previous examination. He/she will not be permitted to appear in the remaining compulsory subjects of the examination.

A candidate thus passing the examination is not entitled for any award scholarship or class or for confirment of degree but he/she will be given a certificate to the effect that he/she has passed the examination in the content and Method of the examination."

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુ. આર. ૮નો સદરહુ મુસદ્દો મંજૂર કરવો.

૩૪. યુનિવર્સિટી પરીક્ષાઓની સમય કામગીરી, મોડરેશન, ૬ઠ્ઠી પદ્ધતિ, આંતરિક ગુણાંકન વિગેરે અંગે વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૭-૧૯૮૦ ની સભાના ઠરાવ અન્વયે તેમજ યુનિવર્સિટી ઉત્તરપત્રોનું પુનર્મૂલ્યાંકન કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫-૩-૧૯૮૦ ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા માટે નિમાયેલ પેટાસમિતિએ રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) પુનર્મૂલ્યાંકન કરતાં જે કેસમાં ૧૫ ટકા કે તેથી વધારે તફાવત હોય તે કેસમાં વધુ એક પરીક્ષક નીમી મૂલ્યાંકન કરાવવું અને પુનર્મૂલ્યાંકન માટે નિમાયેલ આ બન્ને પરીક્ષકોમાંથી જેનું પરિણામ મૂળ પરિણામની નજીક હોય તે આખરી ગણવાનું રાખવું.

(૨) જે વિદ્યાર્થીઓ પુનર્મૂલ્યાંકન માટે માગણી કરી હોય તેની આગળના પાંચ તથા પાછળના પાંચ નંબરોના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પણ સદરહુ વિદ્યાર્થીની ઉત્તરવહીઓ તપાસતી વખતે ધ્યાનમાં લેવાનું રાખવું.

(૩) જે અરજીમાં પુનર્મૂલ્યાંકન કરતાં પરિણામમાં ફેર પડે તે વિદ્યાર્થીને તે અંગેની ફી પરત કરવી.

(૪) પરીક્ષકને પુનર્મૂલ્યાંકન માટે ઓછામાં ઓછા રૂ. ૧૦/- વત્તા ઉત્તરવહી પરત કરવાનો ટપાલ ખર્ચ આપવો.

(૫) ઉપરોકત ભલામણનો અમલ માર્ચ--એપ્રિલ ૧૯૮૨માં લેવાનાર નીચેની પરીક્ષાઓ માટે પ્રાયોગિક ધોરણે કરવો :

૧. બી.એડ.
૨. એમ.એડ.
૩. થર્ડ બી.એ.
૪. થર્ડ બી.એસસી.
૫. થર્ડ બી.કોમ.
૬. એમ.એ. ભાગ ૧
૭. એમ.એ. ભાગ ૨
૮. એમ.એસસી. ભાગ ૧
૯. એમ.એસસી. ભાગ ૨
૧૦. એમ.કોમ. ભાગ ૧
૧૧. એમ.કોમ. ભાગ ૨
૧૨. સેકન્ડ એલએલ.બી.
૧૩. થર્ડ એલએલ.બી.
૧૪. એલએલ.એમ.
૧૫. એમ.એલ.ડબલ્યુ
૧૬. ફર્સ્ટ એમ.બી., બી.એસ.
૧૭. સેકન્ડ એમ.બી., બી.એસ.
૧૮. થર્ડ એમ.બી., બી.એસ.
૧૯. ફર્સ્ટ બી.ડી.એસ.
૨૦. સેકન્ડ બી.ડી.એસ.
૨૧. થર્ડ બી.ડી.એસ.
૨૨. ફાઈનલ બી.ડી.એસ.
૨૩. બી.ફાર્મ
૨૪. બી.ઈ. સેમેસ્ટર ૮ (બધી શાખાઓ)
૨૫. બી.ઈ. સેમેસ્ટર ૧૦ (બધી શાખાઓ

(સદરહુ સમિતિના હેવાલની નકલ પરિશિષ્ટ " **ખ** " તરીકે સામેલ છે.)

૩૫. ચાલુ વર્ષ એમ.એ., એમ એસસી., એમ.કોમ. પાર્ટ ૧ની પરીક્ષાઓમાં નિયમિત વિદ્યાર્થીઓને (Regular students not External) સામૂહિક રીતે ઉપર ચઢાવવામાં (માસપ્રમોશન) આવ્યા હોય તેમને પાર્ટ ૨ ના વર્ગમાં પ્રવેશ આપવાનું નક્કી થયું છે તે જોતાં આગામી વર્ષ (૧૯૮૨)માં આ વિદ્યાર્થીઓ પાર્ટ ૨ ની પરીક્ષા આપે ત્યારે તેઓનાં પરિણામો કેવી રીતે નક્કી કરવાનું રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી., એમ.કોમ. પાર્ટ ૧ ની ઓકટોબરની સ્વૈચ્છિક પરીક્ષામાં જે નિયમિત વિદ્યાર્થીઓ બેસે નહીં તેના પાર્ટ ૨નાં ચાર પેપર ઉપર કલાસ આપવો અને તેના પાર્ટ ૧ના ગુણને બદલે 'પ્રમોટેડ' એમ બતાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઓકટોબરની સ્વૈચ્છિક પરીક્ષામાં જે નિયમિત વિદ્યાર્થીઓ બેસે તેઓનું ઓકટોબર ભાગ ૧નું તથા માર્ચ--એપ્રિલ ૧૯૮૨, ભાગ ૨નું પરિણામ ધ્યાનમાં લઈને કે ફકત માર્ચ--એપ્રિલ ૧૯૮૨નું પરિણામ ધ્યાનમાં લઈ જે રીતે તેના લાભમાં હોય એ પ્રમાણે જે તે પરીક્ષાના ગુણ ગણીને વર્ગ આપવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઓકટોબરની સ્વૈચ્છક પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નાપાસ થાય તો પરિણામમાં 'પ્રમોટેડ' એમ બતાવવું અને ગુણ બતાવવા નહીં.

૩૬. જૂન, ૧૯૮૨ થી નવી કૉલેજો—વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત (Need) નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિની તા. ૨૦—૬—૧૯૮૧ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત (Need) નક્કી કરવાની બાબતમાં બોડેલી વિભાગ કેળવણી મંડળ (બોડેલી) તરફથી આવેલી અરજી સિવાયની અન્ય અરજીઓ પરની જરૂરિયાત (Need) નહીં સ્વીકારવાની સદરહુ સમિતિની ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. જ્યારે બોડેલીની આજુબાજુના વિસ્તારમાં આવેલી વાણિજ્ય અને વાણિજ્ય વિદ્યાશાખા ધરાવતી કૉલેજો વાહનવ્યવહારની દૃષ્ટિએ સારા એવા અંતરે આવેલી હોઈ તે મંડળની વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવાની જરૂરિયાત (Need) સ્વીકારવા એગ્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) નીચેની અરજીઓ પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત (Need) નક્કી કરવા માટે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં જૂન ૧૯૮૨ થી વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા આવેલી અરજી
૨. પ્રભુદાસ ઠક્કર કૉલેજમાં જૂન, ૧૯૮૨થી વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા આવેલ અરજી :
૩. લોકજાગૃતિ કેન્દ્ર, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૨થી વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવા આવેલી અરજી.

૩૭. ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, નડિયાદ તરફથી જૂન, ૧૯૮૧ થી નડિયાદ ખાતે વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલવતી એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ટ્રસ્ટ, નડિયાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૭—૧૯૮૧ સુધીમાં કરે તો તેને નડિયાદ ખાતે વાણિજ્ય કૉલેજમાં પ્રથમ વર્ષ તથા દ્વિતીય વર્ષ માટે કૉમર્સમાં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૧થી તા. ૧૪—૬—૧૯૮૨ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. આચાર્ય :

ન્યૂનતમ લાયકાત કરતાં વિશેષ લાયકાત ધરાવતા અનુભવી અથવા પોતાના અભ્યાસના ક્ષેત્રમાં કે વહીવટમાં સિદ્ધિ મેળવેલા આચાર્યની નિમણૂક કરવામાં આવે, જરૂર પડે તો આચાર્ય માટે સીનિયર સ્કેલની જોગવાઈ પણ કરવામાં આવે;

૨. વાણિજ્યના અભ્યાસક્રમને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૮—એના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણ એકાઉન્ટન્સી, કૉમર્સ અને ઇકૉનોમિકસ વિષયમાં હેડઝ ઑફ ધી ડિપાર્ટમેન્ટ બનવાની લાયકાત ઓછામાં ઓછા ૭ વધુ વ્યાખ્યાતા અને અંગ્રેજીમાં એક વ્યાખ્યાતાની.

૩, વ્યાયામશિક્ષક

૪. ગ્રંથપાલ

[**નોંધ.**—૧. આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.

૨. શિક્ષકોની નિમણૂક અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે.]

(૨) કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચોરસફૂટ લાંબા જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

૩. શિક્ષકો માટેનો ખંડ

૪. વિદ્યાર્થીઓ માટે ખંડ કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ બેસી શકે તેવા)

૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટે ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

૬. વાણિજ્ય વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચન ખંડ કે વાચન ખંડો સહિત ગ્રંથાલય

૭. આચાર્ય માટેનો ખંડ

૮. પીવાના પાણી માટેનો ખંડ

૯. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

(૩) ઉપર પ્રમાણેની જોગવાઈ ઉપરાંત સંલગ્ન બાથરૂમ તથા જરૂરી સવલતો સહિતના ખંડો તથા કૉલેજમાં ચાલતા બધા પિરિયડો સાથે ટ્યુટોરિયલ લઈ શકાય તે માટેની જરૂરી વ્યાખ્યાન ખંડો ઉપરાંત આઠ ટ્યુટોરિયલ ખંડો સાથે કૉલેજ પોતાના મકાનમાં જૂન ૧૯૮૨થી ખસેડવામાં આવે.

(૩) ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે કૉલેજની શરૂઆતમાં રૂ. ૨૫,૦૦૦નો ખર્ચ કરે અને દર વર્ષે વિદ્યાર્થીની સંખ્યા દીઠ ૧૫ રૂ.નો ખર્ચ કરે. જો કૉલેજ આવર્તક ગ્રાન્ટ માટે પાત્ર બને તો આ ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂ. ૨૫નો કરવાનો રહેશે. કારણ કે વિદ્યાર્થીની લાઇબ્રેરી ફી ઉપરાંત ૨૫ રૂપિયા સુધીના ખર્ચ માટે સરકાર ૭૫ ટકા ગ્રાન્ટ આપે છે. જે રૂ. ૪,૦૦૦ કરતાં ઓછું હોવું ન જોઈએ. એકાઉન્ટન્સી, ઇકૉનોમિકસ અને કૉમર્સ–મૅનેજમેન્ટના દરેક

વિષયો માટે શિક્ષકો અને અભ્યાસી વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તેવા ઓછામાં ઓછાં બે-બે જર્નલ્સનાં એટલે છ સંશોધન જર્નલ્સનાં લવાજમ ભરવામાં આવે. આ માટે અમોએ જરૂરી સૂચન કર્યાં છે.

(૫) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે.

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

(૭) આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

(૮) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ,, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તેમ જ તેમનો પગાર બૅંક મારફત ચૂકવવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

(૯) પછાતવર્ગ (બક્ષી પંચ સહિત) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબના વિદ્યાર્થીઓના પ્રવેશની જરૂરી સંખ્યા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવે.

(૧૦) રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ પાછળ વિદ્યાર્થીની એકઠી થયેલી ફી ઉપરાંત એકઠી થયેલી ફીના ૫૦ ટકા ફાઉન્ડેશન તરફથી દર વર્ષે ખર્ચ કરવામાં આવે. ગ્રાન્ટ મળતાં આ ખર્ચ વહીવટી ખર્ચની ગ્રાન્ટને પાત્ર બની શકે છે.

(૧૧) કૉલેજને સરકારી આવક કે ગ્રાન્ટ તત્કાળ પ્રાપ્ત નહીં બને. (ત્રણ વર્ષ સુધી) તેવી સંસ્થાના સંચાલનમાં આવર્તક ખોટ આવવાની સંભાવના છે. તેને પહોંચી વળવા માટે યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે ફાઉન્ડેશન વતી રૂ. ૨,૦૦,૦૦૦ના બૅલેન્સ કૉમર્સ કૉલેજ માટે અનામત તરીકે બૅંકની ફિક્સ્ડ ડિપોઝિટમાં કે અન્ય માન્ય રોકાણમાં રાખવામાં આવે જેની આવક કે મૂડીનો ઉપયોગ માત્ર કૉલેજની ખોટને પહોંચી વળવા માટે હયર માર્ક કરવામાં આવે.

(૧૨) કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

(૧૩) વાણિજ્ય વિદ્યાશાખાની રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો હેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે કરમુક્ત અસ્કયામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કૉલેજના પ્રથમ વર્ષ કૉમર્સના ચાર તથા દ્વિતીય વર્ષ કૉમર્સના બે વર્ગો કરવાની પરવાનગી આપવામાં આવે. ”

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ સભાની સંમતિથી મંગળવાર, તા. ૭--૭--૧૯૮૧ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યા પર મોકૂફ રાખવામાં આવ્યું.

તે પછી મોકૂફ રાખવામાં આવેલી સભા મંગળવાર તા. ૭--૭--૧૯૮૧ના રોજ બપોરે ૧૨--૩૦ ૧૨--૩૦ વાગ્યે ફરી મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૩૮. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદ તરફથી જૂન, ૧૯૮૨થી બી.ઇ. (સિવિલ) અને બી.ઇ. (ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઓકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪--૧૯૮૨ સુધીમાં કરે તો તેને બી.ઇ. (ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન) તથા બી.ઇ. (સિવિલ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૮૨થી તા. ૧૪--૬--૧૯૮૩ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે ઓકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. સિવિલ એન્જિનિયરિંગના એક પ્રાધ્યાપક.
૨. સિવિલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા.
૩. એપ્લાઈડ મિકેનિક્સના એક વ્યાખ્યાતા.

(૨) અભ્યાસક્રમની શરૂઆત કરતાં પહેલાં ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશનની મંજૂરી મેળવવામાં આવે.

(૩) સિવિલ અને ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કોમ્યુનિકેશનના શિક્ષણ અંગે સ્થાનિક તપાસસમિતિના હેવાલમાં દર્શાવ્યા પ્રમાણે પ્રયોગશાળાઓ સુસજ્જ કરવામાં આવે.

(૪) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૫) ગ્રંથાલયમાં ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન તેમજ સિવલિ એન્જિનિયરિંગના અભ્યાસક્રમ માટે રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે અને છ સામયિકો મંગાવવામાં આવે.

(૬) પુસ્તકો અને સામયિકો માટે સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પ્રમાણે ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

(૭) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

(૮) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

(૯) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧--૪--૧૯૭૨થી "ગ્રેચ્યુઈટી ફંડ" ઊભું કરવામાં આવે.

૩૯. પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી ના વિજ્ઞાનના વિષયોનાં પ્રશ્નપત્ર જે હાલ બે કલાકનાં છે તે ત્રણ કલાકનાં રાખવા અંગે અને તેનો અમલ જૂન, ૧૯૮૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી કરવાનું રાખવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૪-૫-૧૯૮૧ની સભામાં ઠરાવ્યું છે તેના સંદર્ભમાં પહેલા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ-૧, બીજા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ-૩ તથા ત્રીજા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ-૧૪માં વિજ્ઞાનના વિષયોના દરેક પ્રશ્નપત્રનો સમય બે કલાકને બદલે ત્રણ કલાકનો સુધારવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશનો જૂન, ૧૯૮૧થી શરૂ થતા સત્રથી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગણિત અને સ્ટેટિસ્ટિક્સ વિષયનાં પ્રશ્નપત્રો હાલ ત્રણ કલાકનાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ--૧, બીજા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ--૩ તથા ત્રીજા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ--૧૪ ઉપર મુજબ સુધારવા તથા તેનો અમલ જૂન ૧૯૮૧થી કરવો.

૪૦. ૧૯૮૧ ના વર્ષમા વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની પ્રથમ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને સામૂહિક રીતે ઉપર ચઢાવવામાં (માસ પ્રમોશન) આવ્યા હોઈ આ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ ઑક્ટોબર ૧૯૮૧માં સ્વૈચ્છિક વિકલ્પે પરીક્ષા આપે તેવા વિદ્યાર્થીઓના અંતિમ પદવી પરીક્ષામાં પ્રથમ વર્ષ-દ્વિતીય વર્ષના ક્રેડિટ ગુણ ગણવા કે કેમ તથા તે સિવાય વિદ્યાર્થીઓના ક્રેડિટ ગુણ કઈ રીતે ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ કે બીજા વર્ષની જે પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓ આપી હોય તેના જે માર્કસ હોય તે માર્ક્સ માસ પ્રમોશન અંગેની પરીક્ષા માટે પણ ગણવા, પરંતુ જે વિદ્યાર્થી ઓક્ટોબર ૧૯૮૧માં સ્વૈચ્છિક પરીક્ષા આપે તેના ક્રેડિટ માર્ક્સ, જો તેને તે ફાયદાકારક હોય તો, તે લેવાનું રાખવું.

વંચુમાં કરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ પૂરતું ઉપરોકત વિદ્યાશાખાઓની પરીક્ષાઓ જેમાં આંતરિક મૂલ્યાંકનની જોગવાઈ છે તે રદ ગણી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની પરીક્ષામાં મેળવેલ ગુણને આંતરિક મૂલ્યાંકનના સંદર્ભમાં પ્રોરેટા ગણી પરિણામો તૈયાર કરી જાહેર કરવાનું રાખવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

એકે. કાઉ. નં. ૪૧૧૦૯/૧૯૮૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા, અમદાવાદ-૯.
તા. ૨૪ જુલાઈ, ૧૯૮૧.

ભૂ. મ. પટેલ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૨

સ્ટૅન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની એક સભા તા. ૨૧–૪–૧૯૮૧ના રોજ ૩–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

ક્રમાંક	સભ્યનું નામ	
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	હાજર
૩.	આચાર્યશ્રી પી. આર. દેસાઈ	હાજર
૪.	આચાર્યશ્રી વી. વી. ચાર	હાજર
૫.	આચાર્યા ભાનુબહેન એમ. ત્રિવેદી	હાજર
૬.	ડૉ. કાશ્યપ ભાર્ગવ	હાજર
૭.	શ્રી બળાભાઈ એસ. પટેલ	ગેરહાજર
૮.	ડૉ. પી. પી. મહેતા	હાજર

૧. તા. ૧૧–૧૨–૧૯૭૯ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૧–૧૨–૧૯૭૯ના રોજ મળેલ સ્ટૅન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. અન્ય યુનિવર્સિટી કે બોર્ડો દ્વારા લેવાયેલ કોઈ પરીક્ષામાં જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ પ્રયત્ને (બાય કમ્પાર્ટમેન્ટ્સ)થી પરીક્ષા પસાર કરે તો તેમણે કામચલાઉ ધોરણે આગળ અભ્યાસ માટે પારસ્પરિક ધોરણે પ્રવેશ આપવા સંમત છે તેમ જણાવતા યુનિવર્સિટી ઑફ જમ્મુ, જમ્મુ તરફથી આવેલ તારીખ ૭–૩–૧૯૮૦ના પત્રાંક એફ. એસી. ડી. ૭—૨—૧૯૮૦ના પત્રાંકને આધારે આવો લાભ આપવો, તે યુનિવર્સિટીની પરીક્ષા કમ્પાર્ટમેન્ટ્સ કરી પાસ કરી આવનારને આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ જમ્મુની પરીક્ષા (બાય કમ્પાર્ટમેન્ટ્સ) એટલે કે એક કરતાં વધુ પ્રયત્ને ત્યાંના કોઈ વિષય કે વિષયોમાં નાપાસ હોવા છતાં તે યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ આગળ અભ્યાસ માટે મંજૂરી મેળવી હોય એટલે તે યુનિવર્સિટીમાં કોઈ એક વિષયમાં અનુત્તીર્ણ થવાને કારણે આગળ અભ્યાસ કરવા છૂટ આપવામાં આવી હોય એવા વિદ્યાર્થીઓને આપણે ત્યાં આગળ અભ્યાસ માટે પ્રવેશ નહિ આપવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ભોપાલ યુનિવર્સિટી સંલગ્ન રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ દ્વારા લેવામાં આવતી (બી.એડ. સમર સ્કૂલ કમ કૉરસ્પોન્ડન્સ) પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.એડ. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૨૬–૪–૧૯-૮૦ના પત્રાંક ૨૧૮૫–આર. ઈ. જી. આર. એસ. ડી. ૮૦ પર વિચારણા કરવા બાબત.

નોંધ : ઇક્વિવેલેન્સ સમિતિની જે સભા તા. ૧૪-૯-૧૯૭૨ના રોજ મળેલ તેમાં બાબત ક્રમાંક ૭ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે :

"આથી ઠરાવવામાં આવે છે કે રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલની બી.એ. બી.એડ., બી.એસસી. બી.એડ., બી.કૉમ. બી.એડ. (એક વર્ષનો અભ્યાસક્રમ) અને એમ.એડ. પદવી પરીક્ષાઓને માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવ્યું કે બી. ટેક. (એજ્યુકેશન કોર્સ અને સમર સ્કૂલ કમ કૉરસ્પોન્ડન્સ (બી.એડ.) પરીક્ષાઓને માન્ય કરવી નહીં એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી. દરમિયાનમાં રાજ્ય સરકારને પછી આ પરીક્ષા નોકરી માટે તેઓએ માન્ય રાખી છે કે કેમ તે અંગેની માહિતી આવે રજૂ કરવાનું રાખવું.

૪. એમ.એસ. યુનિવર્સિટી ઑફ વડોદરા, વડોદરા દ્વારા લેવામાં આવતી એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પાંચ વર્ષના તથા ચાર વર્ષના અભ્યાસક્રમની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની એન્જિ-નિયરિંગ વિદ્યાશાખાની જે-તે પરીક્ષાઓ સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય રાખવાની યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧–૭–૧૯૮૦ના પત્રાંક એસી. ૨/૧૪૩૬ ઉપર વિચારણા કરવા બાબત.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The Second, Third and Fourth year examinations of five year Degree course of M. S. University, Baroda can be considered equivalent to First, Second and Third year examinations of the Gujarat University respectively, recognition may be given on reciprocal basis.

Four year Course of M. S. University, Baroda may be considered equivalent to (4 years) four years course of Gujarat University yearwise on reciprocal basis.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. યુનિવર્સિટી વડોદરા, વડોદરાના પાંચ વર્ષના એન્જિનિયરિંગ અભ્યાસક્રમને બીજી, ત્રીજી અને ચોથી પરીક્ષાઓ અનુક્રમે આપણા ચાર વર્ષના એન્જિનિયરિંગના અભ્યાસક્રમને પહેલી, બીજી અને ત્રીજી પરીક્ષાઓ સમકક્ષ ગણી પારસ્પરિક ધોરણે માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની ચાર વર્ષના એન્જિનિયરિંગના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા વર્ષની પરીક્ષાઓ અનુક્રમે આ યુનિવર્સિટીના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા વર્ષના અભ્યાસક્રમ સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર દ્વારા લેવામાં આવતી સેમેસ્ટર પદ્ધતિની એન્જિનિયરિંગની વિદ્યાશાખાની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સેમેસ્ટર પદ્ધતિની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની જે-તે પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The IIIrd IVth, Vth, VIth, VIIth, VIIIth and X Semester examinations of Engineering Faculty of Sardar Patel University may be considered equivalent to 1st, 2nd, 3rd, 4th, 5th, 6th, 7th and 8th Semester of Engineering Faculty of Gujarat University in the corresponding branches.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર દ્વારા લેવામાં આવતી એન્જિનિયરિંગની વિદ્યાશાખાની ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમા અને દસમા સેમેસ્ટરની પરીક્ષાઓ ઇયરવાઇઝ (yearvise) અનુક્રમે આપણી યુનિવર્સિટીના એન્જિનિયરિંગના નવા અભ્યાસક્રમ હેઠળના સેમેસ્ટર ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ની પરીક્ષાઓ સમકક્ષ (yearvise) પારસ્પરિક ધોરણે માન્ય રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૬. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ (ધોરણ—૧૨)ની પરીક્ષા સોશ્યલિ યુઝફુલ પ્રોડક્ટિવ વર્કને (એસ.યુ.પી.ડબ્લ્યુ) ફરજિયાત વિષય તરીકે રાખ્યાની તથા અન્ય વિષયોના માળખામાં ફેરફાર કરીને તે વિષયો સાથે બોર્ડની ૧૨મા ધોરણની પરીક્ષા પસાર કરીને આવનાર વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે તે સંસ્થાના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧-૮-૧૯૮૦ના પત્રાંક એફ.જન-૧૫૪—૩૭૪૫૭૮૪ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.—સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી (ધોરણ ૧૨) સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષાને ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય માન્ય કરેલ છે.

(પત્રની નકલ પરિશિષ્ટ "અ" "ક" તરીકે સામેલ છે). (અત્રે છાપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ (ધોરણ ૧૨)ની પરીક્ષાના અભ્યાસક્રમમાં સોશ્યલિ યુઝફુલ પ્રોડક્ટિવ વર્ક (એસ.યુ.પી.ડબલ્યુ.)નો વિષય ઉમેર્યાની તથા આજ પ્રમાણે કાઉન્સિલ ફોર ધી ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ તરફથી લેવામાં આવતી ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષામાં પણ આ વિષય ઉમેર્યો છે તેની નોંધ લેવી. પરંતુ આ પરીક્ષાઓ વર્તમાન જે નિયમો અને શરતોને આધીન માન્ય રાખવામાં આવી છે તેમાં કોઈ ફેરફાર કરવો નહીં તેમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. નેશનલ કાઉન્સિલ ઑફ ધી ટીચર એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી એલીમેન્ટરી ટીચર એજ્યુકેશન સર્ટિફિકેટ પરીક્ષાને ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી સર્ટિફિકેટ પરીક્ષા તુલ્ય ગણવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તા. ૩-૧૧-૧૯૮૮ના પત્રાંક એફ. ૧૬-૧૧-૧૨-સી-૩૮૮૮ એન સી.ટી.ઈ. ઉપર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

"શ્રી. કે. જી. દેસાઈનો અભિપ્રાય સ્વીકાર્ય હોવાથી ન્યૂ દિલ્હીની એલીમેન્ટરી ટીચર એજ્યુકેશન સર્ટિફિકેટ" પરીક્ષાને ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી સર્ટિફિકેટ પરીક્ષાની સમકક્ષ ગણીને પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશપાત્ર ગણવા.

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ કાઉન્સિલ ફોર ધી ટીચર્સ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી એલીમેન્ટરી ટીચર એજ્યુકેશન સર્ટિફિકેટ પરીક્ષાનો આ યુનિવર્સિટીના એફ.વાય.બી.એ.ના વર્ગ માટે જ પ્રવેશપાત્ર ગણવા, ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય માન્ય ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી

૮. ગવર્નમેન્ટ ઑફ મણિપુરના એક્ટ ૮, ૧૯૮૦ના અન્વયે નવી અસ્તિત્વમાં આવેલ મણિપુર યુનિવર્સિટી, ઇમ્ફાલ દ્વારા લેવામાં આવનાર નીચે મુજબની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે-તે પરીક્ષાઓ સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે સદરહુ યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૫-૧૦-૧૯૮૦ના પત્રાંક ડી.ઓ. એમયુ. રેફરન્સ, ૮૦, ૭૫૦ ઉપર વિચારણા કરવા બાબત.

(૧) પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય (૨) બી.એ. (૩) બી.એસસી. (૪) બી.કોમ. (૫) એલએલ.બી. (૬) ફાઇનલ એમ.બી.બી.એસ

નોંધ : ૧. મણિપુર યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો અગાઉ ગૌહત્તી યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી અને ગૌહત્તી યુનિવર્સિટીના નિયમો અને અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષાઓ લેવામાં આવનાર છે તેમ તેમના પત્રમાં જણાવેલ છે.

૨. ગૌહત્તી યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓ પારસ્પરિક ધોરણે માન્ય રાખવામાં આવેલ છે.

ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ, બી.એસસી., બી.કોમ., ફર્સ્ટ એમ.બી.બી.એસ., સેકન્ડ એમ.બી.બી એસ., થર્ડ એમ.બી.બી.એસ.

વધુમાં ભારતની અન્ય સ્ટેચ્યૂટરી યુનિવર્સિટીની પરીક્ષાઓને પણ આપણી યુનિવર્સિટીની જે-તે પદવી પરીક્ષા સમકક્ષ ગણી પારસ્પરિક ધોરણે માન્ય કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ઑફ મણિપુર એક્ટ ૮/૧૯૮૦ના અન્વયે નવી અસ્તિત્વમાં આવેલી મણિપુર યુનિવર્સિટી (ઇમ્ફાલ) દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીના જે-તે પરીક્ષાઓ સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) બી.એ. (૨) બી.કોમ (૩) બી.એસસી. (૪) એલએલ.બી. (૫) એમ.બી.બી.એસ.

૯ આ સાથેની યાદીમાં જણાવેલ વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ અભ્યાસક્રમ માટે તદર્થ ધોરણે પ્રવેશપાત્ર ગણી તેમને પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર આપવા મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી. યાદી પરિશિષ્ટ "બ" (અત્રે છાપેલ નથી.) તરીકે સામેલ છે.

૧૦. શિક્ષણસહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૮-૧-૧૯૮૧ની સભામાં ડૉ. જે. એ. યાજ્ઞિકના તા. ૨૮-૧-૧૯૮૧ના પત્રથી આવેલ નીચેનો પ્રસ્તાવ સ્વીકારવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચને ભલામણ કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત.

"રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હીની આચાર્ય પદવી ધરાવનાર આપણી યુનિવર્સિટીના એમ.એ. તે સમકક્ષ ગણવામાં આવે છે."

સંપૂર્ણાનંદ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, વારાણસીની આચાર્યપદની પદવી પણ એ જ રીતે એમ.એ. ને સમકક્ષ ગણવામાં આવે તેવી આ સભા ભલામણ કરે તેવી વિનંતી છે. દિલ્હીની સંસ્થાના અભ્યાસક્રમો કરતાં વારાણસીની સંસ્થાના અભ્યાસક્રમો કોઈ રીતે નિમ્ન કક્ષાના નથી, પણ ઊલટાના વધુ સારા છે તે બાબતની સ્પષ્ટતા અને ખાતરી માટે બંનેના અભ્યાસક્રમો સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષ ડૉ. સી. એલ. શાસ્ત્રીએ જોયા છે અને તે અંગે સંમતિદર્શક અભિપ્રાય નીચે મુજબ આપ્યો છે :

સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય

"આ અભ્યાસક્રમો મેં જોયા છે અને સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસીની આચાર્ય પરીક્ષાને એમ એ. સમકક્ષ ગણી શકાય એમ કહી શકાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસીની આચાર્યપદની પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષા સમકક્ષ ગણી શકાય નહીં એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હી, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, શીરીયાન આરબ રિપબ્લિક દ્વારા લેવાતી જનરલ સર્ટિફિકેટ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (બાર વર્ષના અભ્યાસક્રમની) તથા મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ યુથ વેલફેર, ગવર્નમેન્ટ ઑફ ધી સ્ટેટ ઑફ કતાર દ્વારા લેવાતી જનરલ સેકન્ડરી એજ્યુકેશન સ્ટેજ સર્ટિફિકેટ પરીક્ષા (બાર વર્ષના અભ્યાસક્રમની) ને ભારતમાં ૧૦+૨ની નવી કેળવણી પ્રથા હેઠળ ૧૨ વર્ષના અભ્યાસક્રમને અંતે લેવાતી પરીક્ષા સમકક્ષ માન્ય કરેલ છે તો તે પરીક્ષાઓને ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી ધોરણ ૧૨ તુલ્ય માન્ય રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શીરીયાન આરબ રિપબ્લિક દ્વારા લેવામાં આવતી જનરલ સર્ટિફિકેટ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (બાર વર્ષના અભ્યાસક્રમની) તથા મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન ઍન્ડ યુથ વેલફેર, ગવર્નમેન્ટ ઑફ કતાર દ્વારા લેવાતી જનરલ સેકન્ડરી એજ્યુકેશન સ્ટેટ સર્ટિફિકેટ પરીક્ષા (બાર વર્ષના અભ્યાસક્રમની) ઉત્તીર્ણ કરી આગળ અભ્યાસ માટે આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓના કેસો વ્યક્તિગત ગુણવત્તા અને તદર્થ ધોરણે વિચારી પ્રવેશપાત્રતા નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટી, ન્યૂ દિલ્હીના તા. ૧૭-૬-૧૯૮૦ના પત્રાંક ઈ.વી-૭/૧૧૩/૮૦/૧-૧૩૯૯૧-૧૪૧૦૩ ઉપર વિચારણા કરવા બાબત

સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ક"** (અત્રે છાપેલ નથી.) તરીકે સામેલ છે

આથી ઠરાવવામાં આવે છે કે ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટી, ન્યૂ દિલ્હીના ઉપર્યુક્ત પત્રાંકની નોંધ લેવી.

૧૩. ઈરાનથી આવતા વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયની કસોટી પરીક્ષા અંગે ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૨૫-૧૦-૧૯૮૦ના પત્રાંક ઈવી ૨. ૧૮૩-૭૦ ઉપર વિચારણા કરવા બાબત.

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈરાનથી આવતા વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયની કસોટી પરીક્ષા લેવા બાબતમાં ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હી તરફથી આવેલા ઉપર્યુક્ત પત્રની નોંધ લેવી.

૧૪. ઇન્દિરા કલા સંગીત વિશ્વવિદ્યાલય, ખૈરાગર (એમ. પી.) દ્વારા લેવામાં આવતી નીચે મુજબની પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે સંસ્થા તરથી આવેલ તા. ૧૮-૧૧-૧૯૮૦ના પત્રાંક જન. ૮૦-એમ. ૬૨૬૦ ઉપર વિચારણા કરવા બાબત.

બી.એ. (ઑનર્સ) મ્યુઝિક (થ્રી યર ડિગ્રી કોર્સ)

એમ.એ. (મ્યુઝિક) (ટુ યર પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ)

[**નોંધ :** તે સંસ્થાએ આપણી બી.એ. તથા **એમ.એ.** પદવી પરીક્ષાઓને પારસ્પરિક ધોરણે માન્ય કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્દિરા કલા સંગીત વિશ્વવિદ્યાલય, ખૈરાગર (એમ. પી.) દ્વારા લેવામાં આવતી ઉપર્યુક્ત પરીક્ષાઓ માન્ય રાખી શકાય નહીં એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. મરાઠાવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદે તેના તા. ૧-૧૨-૧૯૮૦ના પત્રાંક એકઝામ. ઇકિવ. ૭૦-૭૮-૭૯ આપણી યુનિવર્સિટીની ડી.જી.ઓ., ડી.એ. અને ડી.સી.પી. પરીક્ષા ઉપરાંત ડી.એમ.આર.ઈ. પરીક્ષાને માન્ય કરેલ હોઈ તે યુનિવર્સિટીની ડી.એમ.આર.ઈ. પરીક્ષાને પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ :** ડી.જી.ઓ., ડી.એ. અને ડી.સી.પી. પરીક્ષાઓ, આપણે તે યુનિવર્સિટીની માન્ય કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે મરાઠાવાડ યુનિવર્સિટી, ઔરંગાબાદ દ્વારા લેવામાં આવતી આપણી યુનિવર્સિટીની ડી. જી. ઓ., ડી.એ. અને ડી.સી.પી. તથા ડી.એમ.આર.ઈ. પરીક્ષાને માન્ય કરી છે તે બાબતની નોંધ લેવા અને તે યુનિવર્સિટીની ડી.એમ.આર.ઈ. પરીક્ષાને આપણી ડી.એમ.આર.ઈ. પરીક્ષા સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. કર્ણાટક યુનિવર્સિટીના ઍક્ટ ૧૯૮૦ અન્વયે નવી અસ્તિત્વમાં આવેલ ગુલબર્ગ યુનિવર્સિટી, ગુલબર્ગ દ્વારા લેવામાં આવતી પદવી તથા અનુસ્નાતક પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે-તે પરીક્ષાઓ સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે સદરહુ યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૨૩–૧૨–૧૯૮૦ના પત્રાંક જીયુજી. એકા. ૨૬૭–૮૦–૮૧ ૨૯૦૬ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ** : (૧) ગુલબર્ગ, બિડર, રાયપુર અને બરેલી રાજ્યની કૉલેજો અગાઉ કર્ણાટક યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી તે હવે ગુલબર્ગ યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલ છે.

(૨) કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડની નીચેની પરીક્ષાઓ આપણે માન્ય કરેલ છે :

All examinations up to Bachelors Degree F.Sc. (Agri.)=F.Y.B.Sc. S.S.C (Agri.) F.Sc. (Agri.), 3rd Sc. (Agri.)=S.S.C. (Agri.) B.Sc. (Agri.)=B.Sc. (Agri.) (Old) First & Final Examinations of B.A. B.Sc. (Three year degree course) M.Sc. B.A. with Economics joined second B.Com. as per R. 5 Com. B.

ભારતની તમામ સ્ટેચ્યૂટરી યુનિવર્સિટીઓની પદવી પરીક્ષાઓને અરસપરસના ધોરણે માન્ય કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કર્ણાટક યુનિવર્સિટીથી છૂટી પડેલ ગુલબર્ગ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે-તે પરીક્ષાઓ સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય રાખવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) બી.એ. (૨) બી.એસસી (૩) બી.કૉમ.

૧૭. પંજાબ યુનિવર્સિટી, પતિયાળા દ્વારા લેવામાં આવતી "ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન" પદવી પરીક્ષા ઉત્તીર્ણ કરનારને આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

કાયદા વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય : ફક્ત "ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન" ધરાવનારને ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મેળવવાપાત્ર ગણાય નહીં.

આથી ઠરાવવામાં આવે છે કે પંજાબ યુનિવર્સિટી, પતિયાળા દ્વારા લેવામાં આવતી "ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન" પદવી પરીક્ષા ઉત્તીર્ણ કરનારને આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ એલએલ.બી.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા નહીં એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. મેંગલોર યુનિવર્સિટી, મેંગલોર કર્ણાટક યુનિવર્સિટીના ઍક્ટ ૧૯૮૦ના અન્વયે તા. ૧૦ સપ્ટેમ્બર ૧૯૮૦થી અસ્તિત્વમાં આવેલ હોઇ તે યુનિવર્સિટી દ્વારા લેવાતી પદવી પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૬–૧–૧૯૮૧ના પત્રાંક એમ. યુ. (એસ.સી.). મીસે ૨૦/૮૦/૮૧ (નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી.) પર વિચારણા કરવા બાબત.

[**નોંધ**.—(૧) માયસોર યુનિવર્સિટીની નીચે દર્શાવેલી પરીક્ષાઓ આપણે પારસ્પરિક ધોરણે માન્ય કરેલ છે : પ્રી-યુનિવર્સિટી, ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એ., બી.એસસી., બી.ઈ., બી.એ., એલએલ.બી, એમ.એ , એમ.બી.બી એસ., પ્રી-પ્રોફેશનલ, બી.કોમ., બી.ફાર્મ., **બી.એ.એડ. બી.કોમ.એડ અને બી.એસસી.એડ.**

(૨) ભારતની સ્ટેચ્યૂટરી યુનિવર્સિટીઓની તમામ પદવી પરીક્ષાઓને આપણે જે-તે પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કર્ણાટક યુનિવર્સિટીમાંથી છૂટી પડેલ મેંગલોર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી નીચેની પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે-તે પરીક્ષા સમકક્ષ પારસ્પરિક ધોરણે માન્ય રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) બી.કોમ. (૨) બી.ફાર્મ. (૩) બી.એ.એડ. (૪) બી.કોમ.એડ (૫) બી.એસસી.એડ. (૬) એમ.બી.બી.એસ. (૭) બી.ઈ. (૮) બી.ઇ. (૯) એમ.એ.

૧૯. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરી ઑફ ઇન્ડિયા, દ્વારા લેવાતી, "કંપની સેક્રેટરીઝ ડિપ્લોમા" પરીક્ષાને એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હીએ વાણિજ્ય, કાયદા તથા મેનેજમેન્ટની અનુસ્નાતક પદવી પરીક્ષા તુલ્ય ગણી પીએચ.ડી. અભ્યાસક્રમના રજિસ્ટ્રેશન માટે માન્ય કર્યાનું તેમજ આપણી પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટે રજિસ્ટ્રેશન માટે માન્ય રાખવાનું જણાવતાં તેમના તા. ૨૧-૧-૧૯૮૧ના પત્રાંક ઈવી. II(૪૦૮)૮૧ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ :** તેમણે ઉપર્યુક્ત કંપની સેક્રેટરીઝ ડિપ્લોમા પરીક્ષાને કંપની લૉ, કંપની સેક્રેટરિયલ પ્રેક્ટિસ અધર કૉર્પોરેટ લૉઝ માટે શિક્ષક તરીકેની નિમણૂક માટે પણ માન્ય રાખેલ છે.]

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "મ"** તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરી ઑફ ઇન્ડિયા દ્વારા લેવામાં આવતી "કંપની સેક્રેટરીઝ ડિપ્લોમા" પરીક્ષા બી.કોમ.ની પદવી પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ ઉત્તીર્ણ કરવામાં આવી હોય (કંપની સેક્રેટરી પરીક્ષા) તો જ આ પરીક્ષાને વાણિજ્ય, કાયદા તથા મેનેજમેન્ટની અનુસ્નાતક પદવી પરીક્ષા સમકક્ષ ગણી પીએચ.ડી. અભ્યાસક્રમના રજિસ્ટ્રેશન માટે માન્ય કરવાનું રાખવું એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, રીપબ્લિક ઑફ ઇરાક, દ્વારા લેવાતી "બેકેલ્યુરિએટ Baccalaureate (૧૨ વર્ષ કોર્સ) પરીક્ષાને ભારતમાં લેવાતી ૧૦+૨ની નવી તરાહ નીચે ધોરણ ૧૨ તુલ્ય માન્ય કર્યાનું જણાવતાં એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હી તા. ૨૭-૨-૧૯૮૧ના પત્રાંક ઈવી. II ૨૬૮-૮૧ની નોંધ લેવા તેમજ આ પરીક્ષાને આપણે ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા તુલ્ય ગણવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન રીપબ્લિક ઑફ ઇરાક, દ્વારા લેવામાં આવતી "બેક્કેલ્યુરિએટ" (Baccalaureate) ૧૨ વર્ષ કોર્સ પરીક્ષા ઉત્તીર્ણ કરી આગળ અભ્યાસ માટે આપણી યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓના કેસો વ્યક્તિગત અને તદર્થ ધોરણે વિચારી પ્રવેશ-પાત્રતા નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી

૨૧. ૧૦+૨+૩ની નવી તરાહના સંદર્ભમાં ગુજરાત રાજ્યના રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી લેવામાં આવતા નીચેના ડિપ્લોમા અભ્યાસક્રમને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩-૨-૧૯૮૦ બાબત ક્રમાંક ૧૬થી સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૧-૧૨-૧૯૭૯ની ભલામણોને મંજૂર કરીને સેકન્ડ બી.કૉમ.ના વર્ગ માટે સને ૧૯૮૦-૮૧ના વર્ષ માટે શરતી પ્રવેશપાત્ર ગણ્યા છે. તેના સંદર્ભમાં સદરહુ છૂટછાટ ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩ના શૈક્ષણિક વર્ષ માટે ચાલુ રાખવા માટે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, પાટનગર યોજનાભવન, એલિસબ્રિજ, અમદાવાદ તરફથી આવેલા તા. ૬-૩-૧૯૮૧ તથા તા. ૧૬-૮-૧૯૮૦ના પત્રાંક અનુક્રમે ઉમશ-વ્ય અ ૮૦ ૮૧ ૨૯૧૪૯ તથા ઉમણ/વીસીસી/ધ.ક. માન્યતા ૧૪૫૮૨ પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) ડિપ્લોમા ઇન બૅન્કિંગ
(૨) ડિપ્લોમા ઇન એકાઉન્ટન્સી
(૩) ડિપ્લોમા ઇન સેલ્સમેનશિપ ઍન્ડ માર્કેટિંગ અને
(૪) ડિપ્લોમા ઇન સેક્રેટરિયલ આસિસ્ટન્ટશિપ

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યના રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી લેવામાં આવતી નીચેની ડિપ્લોમાઓની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી આવનાર વિદ્યાર્થીઓને ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧૧-૧૨-૧૯૭૯ની ભલામણો મુજબ સેકન્ડ બી.કૉમ.ના વર્ગમાં જે શરતોને આધીન પ્રવેશપાત્ર ગણ્યા છે તે છૂટછાટ ૧૯૮૧-૮૨ના વર્ષ પૂરતી ચાલુ રાખવી, પરંતુ ૧૯૮૨-૮૩ના શૈક્ષણિક વર્ષથી આવી રીતે શરતી પ્રવેશ પણ આપવાનું રાખવું નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) ડિપ્લોમા ઇન બૅન્કિંગ
(૨) ડિપ્લોમા ઇન એકાઉન્ટન્સી
(૩) ડિપ્લોમા ઇન સેલ્સમેનશિપ ઍન્ડ પીકેટિંગ
(૪) ડિપ્લોમા ઇન સેક્રેટરિયલ આસિસ્ટન્ટશિપ

૨૨. શ્રીમતી વાસંતી વી. નાયરે આપણી યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ. પરીક્ષા પસાર કરી હોવા છતાં કેરાલા યુનિવર્સિટીએ આ વિદ્યાર્થિનીને એસ.વાય.બી.એ.ના વર્ગમાં તે યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ. પરીક્ષા ઉત્તીર્ણ કરવાની શરતે પ્રવેશ આપ્યો છે તેના સંદર્ભમાં તે યુનિવર્સિટીની કોઈ પરીક્ષા ઉત્તીર્ણ કરી આવે તો શરતી પ્રવેશ આપવો કે કેમ તે પર વિચારણા કરવા બાબત.

(કેરાલા યુનિવર્સિટીએ આ અંગે વિદ્યાર્થી બાબતમાં કરેલ ઑર્ડરની નકલ સામેલ છે. તે **પરિશિષ્ટ "ફ"** તરીકે છે.) (અત્રે છાપેલ નથી.)

આ બાબતમાં કેરાળા યુનિવર્સિટી સાથે થયેલ આપણા પત્રવ્યવહારનો હવાલો આપી ઑસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીને યોગ્ય પત્ર લખવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ક. રા. જોશી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૪

એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૪-૧૯૭૯ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીની પરીક્ષાઓની સમગ્ર કામગીરી (મોડરેશન, ઇમા પદ્ધતિ, કૉલેજને સોંપવામાં આવતા પ્રશ્નો, આંતરિક ગુણાંકન પરીક્ષા ઇત્યાદિ) જોઈ-તપાસી તેમાં ક્યાં અને કેટલા ફેરફાર કરવા જરૂરી છે અને શક્ય તે જોઈ-તપાસી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા નીમેલ સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા તા. ૨૧-૭-૧૯૮૦ની એકેડેમિક કાઉન્સિલે ઉપર જણાવેલ બાબતોમાં આવતા પ્રશ્નો પર સમગ્ર રીતે વિચારણા કરીને યુનિવર્સિટીની પરીક્ષાઓ અને તેનાં પરિણામોની બાબતમાં આરોગ્યપ્રદ વ્યવસ્થા ઉપજાવવા માટે પોતાની સુચિંતિત ભલામણો તા. ૩૧-૧૦-૧૯૮૦ સુધીમાં રજૂ કરવા માટે અને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા ૧૫-૩-૧૯૮૦ની સભામાં યુનિવર્સિટીની પરીક્ષાઓનાં ઉત્તરપત્રોનું પુનઃમૂલ્યાંકન કરવા અંગે જે સમિતિ નીમી હતી તેની કુલ છ બેઠકો તા. ૧૧-૮-૧૯૮૦, તા. ૧૮-૮-૧૯૮૦, તા. ૯-૯-૧૯૮૦, તા. ૨૫-૯-૧૯૮૦, તા. ૮-૧૦-૧૯૮૦ તથા તા. ૨૨-૧૦-૧૯૮૦ના રોજ મળી હતી, અને સમિતિએ આથી નીચે મુજબ ભલામણો કરી છે :

આ સભામાં ડૉ. વી. સી. શાહે તેઓશ્રીના તા. ૨૪-૭-૧૯૮૦ના પત્રથી મલ્ટિપલ કવેશ્ચન્સ પદ્ધતિ અપનાવી પરીક્ષા પદ્ધતિ અંગે કરેલાં સૂચનો અને તે બાબતમાં એન્સરશિટ્સ પરથી કૉમ્પ્યુટર પર પરિણામ તૈયાર કરવા બાબતમાં કૉમ્પ્યુટર સેન્ટરના સુપ્રિન્ટેન્ડેન્ટના વક્તવ્ય પરત્વે સમિતિના સભ્યોનું ધ્યાન દોરવામાં આવ્યું હતું :

એકેડેમિક કાઉન્સિલે તા. ૨૫-૪-૧૯૭૯ની સભામાં નીમેલ સમિતિની ભલામણો આ સમિતિના સભ્યોને પરિપત્રિત કરવામાં આવી હતી અને સમિતિએ જે અગાઉની આ ભલામણો કરી હતી તે પર લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરી સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે :

૧. **પરીક્ષા કૉલેજને સોંપવા અંગ :** શૈક્ષણિક દૃષ્ટિએ વિવિધ પાસાંઓનાં સંદર્ભમાં વિચારતા હાલના તબક્કે કોઈ પરીક્ષા કૉલેજને સોંપવી નહીં.

૨. **આંતરિક મૂલ્યાંકન :** આંતરિક મૂલ્યાંકનમાં જે ૨૫ : ૫ ગુણાંકનું ધોરણ છે તે ચાલુ રાખવું અને કસોટી પરીક્ષાઓ અને વિદ્યાર્થીની નિયમિતતા, ટ્યૂટોરિયલ્સ, હાજરી ઇત્યાદિ અંગે આંતરિક મૂલ્યાંકન ગુણનું જે વિભાજન છે તેમાં હાલ જે ધોરણ છે તે ચાલુ રાખવું, તેમાં ફેરફાર કરવાની કોઈ જરૂર નથી.

૩. તબીબી વિદ્યાશાખાની એમ.બી.બી.એસ. અને અનુસ્નાતક એમ.ડી.,એમ.એસ. પરીક્ષાઓમાં થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાઓ માટે પરીક્ષકોનું અલગ-અલગ જૂથ (Separate Board of Examiners) રાખવું.

૪. **ક્રેડિટ ગુણ :** વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓનાં પરિણામો નક્કી કરતી વખતે વિદ્યાર્થીઓએ ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં મેળવેલ ગુણને આધારે ૧૦૦ ગુણના પ્રોરેટા ગણી ક્રેડિટ ગુણ ગણતરીમાં લેવામાં આવે છે. તેમાં હાલ કોઈ ફેરફાર કરવો નહીં.

૫. **પરીક્ષાના ગુણ અંગે :** વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં જુદા જુદા વિષયોના પ્રાયોગિક પરીક્ષા માટે જે ગુણ રાખવામાં આવેલા છે તે ગુણનું વેઇટેજ ઘટાડવું જોઈએ એમ આ સમિતિને લાગે છે અને તેથી આ બાબત વિજ્ઞાન વિદ્યાશાખા સમક્ષ આ અંગે વીગતે વિચારણા કરવા મોકલી આપવી. વિજ્ઞાન વિદ્યાશાખાની આ અંગેની ભલામણો એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૬. જે વિષય કે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષાની જોગવાઇ હોય અને જે પ્રાયોગિક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ અલાયદું ન હોય તો પ્રાયોગિક પરીક્ષામાં અલાયદા ઉત્તીર્ણ થવા માટે શું ધોરણ નક્કી કરવું તે બાબતમાં લાગતીવળગતી અભ્યાસ-સમિતિઓની ભલામણો મેળવી તે પર જે–તે વિદ્યાશાખાઓનો અભિપ્રાય મેળવીને એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવાનું રાખવું.

૭. **પરીક્ષા સંચાલન :** પરીક્ષા ખંડના બ્લોકમાં ૪ ફૂટ લાંબી બેન્ચ હોય તે પર ૧ વિદ્યાર્થી, અને ૬ ફૂટ લાંબી બેન્ચ હોય તેના પર ૨ વિદ્યાર્થી બેસે તે રીતે પરીક્ષાખંડના બેઠક નંબરો ગોઠવે અને જ્યાં એકસાથે બે પરીક્ષાઓ એક જ કેન્દ્ર પર લેવાતી હોય ત્યાં મીક્ષ બ્લોક' શકય હોય તો રાખવા સૂચવવું અને પરીક્ષાખંડની ભીંતો કે પાટલી પર કોઈ પણ પ્રકારનાં લખાણ હોય તો તે પરીક્ષા શરૂ થતાં પહેલાં દૂર કરવા જે–તે સંસ્થાના આચાર્યો તથા સીનિયર સુપરવાઇઝરને ખાસ સૂચના આપી અને પ્રબંધ કરવા જણાવવું.

૮. પરીક્ષા ચાલતી હોય ત્યારે પ્રત્યેક કેન્દ્રમાં નિરીક્ષકો (ઓબ્ઝરવર્સ) મોકલવાની જે પ્રથા છે તે પ્રથા વ્યવસ્થિત કરી પ્રત્યેક પરીક્ષાનાં કેન્દ્રો પર નિરીક્ષકો મોકલવાની જરૂર આ સમિતિને લાગે છે.

૯. સ્થાનિક નિરીક્ષકો, જુનિયર સુપરવાઇઝર તથા ઓબ્ઝરવરને તેમની કામગીરી અસરકારક કરવા માટે પૂરતી સવલતો આપવી અને તે માટે પ્રબંધ કરવો.

૧૦. **ડમી પદ્ધતિ :** આ યુનિવર્સિટીની પ્રત્યેક વિદ્યાશાખાની પદવી પરીક્ષા અને અનુસ્નાતક પરીક્ષામાં ડમી પદ્ધતિ દાખલ કરવાનું શકય હોય ત્યાં સુધી રાખવું અને તેમ કરવામાં આવે તો આ સાથેના **પરિશિષ્ટ 'અ'** (અત્રે છાપેલ નથી.) મુજબ જણાવેલ પરીક્ષાઓમાં ડમી પદ્ધતિ દાખલ કરવાની થાય છે. આ પદ્ધતિને કારણે ૩ ૨૦,૦૦૦ જેટલી ઉત્તરવહીઓ પર ડમી નંબર નાંખવાની વ્યવસ્થા કરવાની થાય અને તેને લીધે થનાર ખર્ચ તેમજ આ કામને માટે વધારાના સ્ટાફની જરૂરિયાત અંગેનું તારણ આ સાથે સામેલ છે. આ ભલામણ અનુસાર અંદાજે રૂ. ૧,૦૦,૦૦૦નો ખર્ચનો બોજ વધે એમ માનવું છે. આ કાર્ય કોને સોંપવું તે અંગે વિચારણા કરી પછી જ આ પદ્ધતિનો અમલ કરવાનું રાખવું. આ કાર્યની ગંભીરતા જોતા થર્ડ બી.એ. અને સેકન્ડ એલએલ.બી. પરીક્ષામાં શકય હોય તો જ ડમી પદ્ધતિ

રાખવી અને આ માટે યુનિવર્સિટી કાર્યાલયમાં જરૂરી સ્ટાફની વ્યવસ્થા થાય તેમ કરવાનું રાખવું.

૧૧. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની સ્નાતક પરીક્ષામાં પ્રત્યેક પ્રશ્નપત્ર માટે પરીક્ષકોની અલાયદી પેનલ શક્ય હોય ત્યાં સુધી બનાવવાનું રાખી પ્રશ્નપત્ર પ્રમાણે પ્રાન્તિક પરીક્ષક નિમવાનું રાખવું. કોઈ પણ સંજોગોમાં એક વ્યક્તિને શક્ય હોય ત્યાં સુધી બે થી વધુ પ્રશ્નપત્રો કાઢવાનું કામ સોંપવું નહીં.

૧૨. આ યુનિવર્સિટીની જુદીજુદી પરીક્ષામાં સુપરવિઝનના કામ અંગે જે મહેનતાણું છે તે ઘણું ઓછું છે. મોટા ભાગના અધ્યાપકો આ કાર્ય સ્વીકારતા નથી. જે અધ્યાપકો જુનિયર સુપરવાઇઝર નીમાય તેમનો આ કાર્યમાં સહકાર ચાલુ રહે અને પરીક્ષાનું સુપરવિઝનનું કામ વધુ જવાબદાર વ્યક્તિઓ દ્વારા વ્યવસ્થિત રીતે થાય અને પરીક્ષામાં થતી ગેરરીતિઓ અટકે તે હેતુથી સુપરવાઇઝરને આપવામાં આવતું હાલનું વેતન જે છે તેમાં નીચે પ્રમાણે તાજેતરમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાથી આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી. છતાં મહેનતાણાના પ્રવર્તમાન દરો બાબતમાં આ અંગેના સમગ્ર પાસાં જોઈ વિચારણા થવી જોઈએ એવું આ સમિતિને લાગતું હોઈ મહેનતાણાના દરના સુધારા બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો :

જુનિયર સુપરવાઇઝર	... રૂ. ૧૪-૦૦ (બે બેઠકના)
સીનિયર સુપરવાઇઝર	... રૂ. ૨૧-૦૦ (બે બેઠકના)

૧૩. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં ફર્સ્ટ ઇયર, સેકન્ડ ઇયર અને થર્ડ ઇયર પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર કાઢવા માટેના, ઉત્તરપત્રો તપાસવા અંગે મહેનતાણાના દર જે જુદા છે તેને બદલે આ વિદ્યાશાખાઓના સુગ્રથિત ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમ હોઈ પ્રત્યેક પરીક્ષાનું મહત્ત્વ એકસરખું ગણાય અને તેથી જે—તે વિદ્યાશાખામાં બધી જ કક્ષાએ પ્રાન્તિક પરીક્ષકના મહેનતાણાના દર સરખા રાખવાં જોઈએ જેથી નીચલી પરીક્ષામાં પણ અનુભવી શિક્ષકો કામ કરવા તૈયાર થાય.

૧૪. ઉપર પ્રમાણે જે મહેનતાણાના દરમાં ફેરફાર સૂચવ્યા છે તે પ્રમાણે પરીક્ષાના અન્ય જુદાજુદા કામ અંગે પણ જે-જે વ્યક્તિઓને નિમવામાં આવે છે તે પ્રત્યેક કાર્યના મહેનતાણા માટે હાલના દર સુધારવા વિચારવા આ સમિતિ ભલામણ કરે છે.

૧૫. અગાઉનાં વર્ષોના ઉત્તરવહીના મુખ્ય પાને વિદ્યાર્થીઓને જે સૂચનાઓ આપવામાં આવતી તે છેલ્લાં કેટલાંક વર્ષોથી છાપવાની બંધ કરી છે તો તે છાપવી જરૂરી લાગતી હોઈ છાપવાનું શરૂ કરવું. આ સૂચનાઓ ઉત્તરવહીના પહેલે પાને છાપવાનું શરૂ કરી તે ઉત્તરવહીઓ પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓને આપવાનું રાખવું.

૧૬. શકય હોય ત્યાં સુધી પરીક્ષાના કાર્યક્રમ વિચારતી વખતે બે પરીક્ષાઓ એકીસાથે લેવાય અને પ્રત્યેક કૉલેજમાં એકીસાથે બે પરીક્ષાના કેન્દ્ર શકય હોય ત્યાં સુધી આપવા જેથી એક પાટલી પર એક જ પરીક્ષાના બે વિદ્યાર્થીઓની બેઠકવ્યવસ્થા કરવી ન પડે અને પ્રત્યેક પાટલી પર અલગઅલગ પરીક્ષાનો એક-એક વિદ્યાર્થી બેસે.

૧૭. જુનિયર પરીક્ષાઓમાં નીમવામાં આવતા પ્રાશ્નિક-પરીક્ષકો પાસેથી એફિડેવિટ મંગાવવાની જે પ્રથા છે તે બંધ કરવી.

૧૮. જે પરીક્ષામાં મૉડરેશનની પદ્ધતિ હોય ત્યાં પ્રાશ્નિક/મૉડરેટરને પોતાના વિષય માટેની સ્કીમ ઑફ એસેસમેન્ટ વિસ્તૃતથી (ડીટેઈલ) આપવાની સૂચના આપવી અને આ માટે રૂ. ૧૦૦નું જ મહેનતાણું પ્રાશ્નિકોને/મૉડરેટરોને આપવું.

૧૯. જુદીજુદી વિદ્યાશાખાની પરીક્ષા-સમિતિઓ પ્રાશ્નિક-પરીક્ષકો નીમવા માટે જે ભલામણ કરે તેમાં બને ત્યાં સુધી કોઈ ફેરફાર ન થાય તે ઇચ્છવાયોગ્ય છે. છતાં કોઈ અનિવાર્ય કારણસર તેમાં ફેરફાર કરવાની જરૂર લાગે તો એકિઝકયુટિવ કાઉન્સલ જે સમિતિ નીમે તેમાં લાગતીવળગતી વિદ્યાશાખાના અધ્યક્ષને પણ બોલાવવાનું રાખી જરૂરી ફેરફાર કરવાનું રખાય એમ આ સમિતિ ભલામણ કરે છે.

૨૦. પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક અંગે જે ધારાધોરણ પ્રમાણે નિમણૂક કરવી જરૂરી હોય તે ધારાધોરણ એકિઝકયુટિવ કાઉન્સિલ પહેલેથી નક્કી કરે અને તેની જાણ લાગતીવળગતી સમિતિને કરવાનું રાખવું એમ આ સમિતિ ભલામણ કરે છે.

૨૧. પ્રાશ્નિક-પરીક્ષક નીમવા માટે જે માહિતી મંગાવવામાં આવે છે તે આવેદનપત્રમાં શિક્ષક જે વિષય તથા પ્રશ્નપત્ર પદવી કે અનુસ્નાતક કક્ષાએ ક્રમાનુવર્તી કેટલા વર્ષથી શીખવે છે તે માટેની માહિતી આવેદનપત્રમાં શિક્ષક પાસે મંગાવવાનું રાખવું.

૨૨. જે વ્યક્તિની ફક્ત પ્રાશ્નિક તરીકે કે ફક્ત ડિઝર્ટેશન તપાસવા નિમણૂક થાય તે વ્યક્તિની તે નિમણૂકને ટર્મ તરીકે ગણવી નહીં.

૨૩. બી.એડ્. પાર્ટ-૧ની પરીક્ષામાં પ્રત્યેક પ્રશ્નપત્ર પ્રમાણે પ્રાશ્નિકોની અલગ પેનલ નીમવાનું રાખવું.

૨૪. તબીબી પરીક્ષાઓના પરીક્ષકોની નિમણૂક અંગેના નિયમો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦-૭-૧૯૭૯ની સભામાં ઠરાવ્યા અનુસાર વિચારણા કરતાં તે વિદ્યાશાખા તેમજ દંત વિદ્યાશાખા અંગેના પ્રાશ્નિક પરીક્ષકની નિમણૂક અંગેના નિયમ બધી વિદ્યાશાખાના નિયમો સાથે અનુરૂપ હોવા જોઈએ એમ આ સમિતિને લાગે છે અને તેથી બધી વિદ્યાશાખાના અધ્યક્ષોની એક સમિતિ નીમી તેમને આ બાબત તપાસી જવા જણાવવા આ સમિતિ ભલામણ કરે છે.

૨૫. **કેન્દ્રો અંગે :** જે કેન્દ્રોમાં ગેરરીતિ અંગે ફરિયાદ આવતી હોય તે કેન્દ્રો બંધ કરવા અંગે આ સમિતિનું સૂચન છે અને જે કેન્દ્ર બંધ કરવામાં આવે તે કોઈ પણ સંજોગોમાં એક વખત નિર્ણય લીધા પછી ત્રણ વર્ષ સુધી ફરી ચાલુ કરવું.

નહીં નડિયાદ કેન્દ્રમાં સામૂહિક ચોરીઓ અટકાવવાના એક પગલા તરીકે એક જ કૉલેજમાં એક જ પરીક્ષાના તમામ પરીક્ષાર્થીઓની બેઠકવ્યવસ્થા ન ગોઠવતાં ત્યાંની તમામ કૉલેજોમાં બધી પરીક્ષાઓ આવે તે રીતે આચાર્યશ્રીને વ્યવસ્થા કરવા જણાવવું અને એક ઓરડામાં શકય હોય ત્યાં સુધી એક બ્લૉકથી વધુ બ્લૉક રાખવા નહીં.

૨૬. સાબરમતી કેન્દ્ર અમદાવાદમાં જ ગણવું અને સાબરમતીને જુદું કેન્દ્ર ગણવું નહીં.

૨૭. **મૉડરેશન અંગ :** વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા કાયદાશાસ્ત્રની વિદ્યાશાખાઓની બધી સ્નાતક પરીક્ષાઓમાં મૉડરેશનની પ્રથા અપનાવવી. જ્યાં ચારથી વધુ મૉડરેટર હોય ત્યાં ચીફ (Chief) મૉડરેટર નીમવાનું રાખવું. અને જે દિવસે પ્રશ્નપત્ર હોય તે જ દિવસે કે તેને બીજે દિવસે તે પ્રશ્નપત્રમાં નિમાયેલા બધા મૉડરેટરોની મીટિંગ ભરવાનું રાખવું. પ્રત્યેક પરીક્ષામાં ૩૦ ઉત્તરવહી પહેલાં તપાસીને મૉડરેટરને મોકલે અને મૉડરેટરની સૂચના મળે તે પછી જ તપાસવાનું કાર્ય શરૂ કરે તેવી સ્પષ્ટ સૂચના આપવી. મૉડરેશનનું પ્રમાણ હાલ ૧૦ ટકા છે તેને બદલે દસથી પંદર ટકા કરવું.

૨૮. યુનિવર્સિટી કાર્યાલયને પરિણામ સુપ્રત કરતાં પહેલાં આખરી પરિણામ તૈયાર કરવા જે પરીક્ષકો કે મૉડરેટરોની મિટિંગની પ્રથા છે તેમાં તેઓ જે ઠરાવ કરી ગુણ ઉમેરે તેમાં પ્રશ્નપત્ર દીઠ વધુમાં વધુ ૧ ગુણ આપી શકે તેથી વધુ ગુણ આપી શકે નહિ. અને વર્ગ આપવા માટે કોઈ ગુણ આપી શકશે નહિ. તેવી સૂચના પ્રાધ્યિક/પરીક્ષક / મૉડરેટરને આપવી.

૨૯. **પરીક્ષા શરૂ કરવાની તારીખ અંગે :** તા. ૯-૪-૧૯૮૦ સુધી સત્ર લંબાવાયું છે. છતાં પરીક્ષાનાં પરિણામો મોડાં બહાર પડે નહિ તે હેતુથી પરીક્ષા ૧૫મી માર્ચથી શરૂ કરવાનું રાખવું. અને તે અંગે કૉલેજને પરિપત્ર કરી અગાઉથી જાણ કરવી, કે જેથી તેઓ તે સમય દરમિયાન અભ્યાસક્રમ પૂર્ણ કરી શકે.

૩૦. ઉત્તરપત્રોનું પુનર્મૂલ્યાંકન જેમ બને તેમ ઓછું કરવું પડે તે માટે પ્રથમ વખત જ તે ઉત્તરવહીઓનું પરીક્ષણ સૂક્ષ્મ રીતે થાય તે માટે અને પરીક્ષક બરાબર પરીક્ષણ કરી શકે તે માટે વસ્તુલક્ષી (ઓબ્જેક્ટિવ) જે સર્વદર્શીય (કૉમ્પ્રિહેન્સિવ) સ્કીમ ઑફ ઍસેસમેન્ટ પ્રાધ્યિકો પાસેથી વેળાસર મેળવી પરીક્ષકોને મળે તેવી વ્યવસ્થા ગોઠવવી.

૩૧. ઉત્તરપત્રોનું પુનર્મૂલ્યાંકન આ યુનિવર્સિટીની ફક્ત સ્નાતક કક્ષાની પરીક્ષામાં બે વર્ષ માટે પ્રયોગાત્મક ધોરણે કરવાનું વિચારી શકાય. યુનિવર્સિટીની કોઈ પણ ડિપ્લોમા પરીક્ષામાં આ પદ્ધતિ હાલ અત્યારે કરવી નહીં. કાયદા વિદ્યાશાખામાં બીજી અને ત્રીજી એલએલ.બી. એ બંને પરીક્ષાઓને આ હેતુ માટે સ્નાતક પરીક્ષા આ માટે ગણવી.

૩૨. ઉત્તરપત્રોનું પુનર્મૂલ્યાંકન કરતાં જે વિદ્યાર્થીના ગુણમાં ૧૫ ટકા કે તેથી વધુ તફાવત માલૂમ પડે તો જ તે વિદ્યાર્થીના ગુણમાં આ આધારે ફેરફાર કરવો.

૩૩. ઉત્તરપત્રોના પુનર્મૂલ્યાંકન માટે જે વિદ્યાર્થી અરજી કરે તેની સાથે તે વિદ્યાર્થીના આજુબાજુના નંબરોવાળા વિદ્યાર્થીઓના ઉત્તરપત્રો પરીક્ષકને જોવા માટે મોકલવા પરંતુ તેનું પુનર્મૂલ્યાંકન કોની પાસે કરાવવું તે અંગેનો આખરી નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩૪. પુનર્મૂલ્યાંકનની પ્રત્યેક પેપર દીઠ રૂ. ૧૦૦ ફી રાખવી.

૩૫. તબીબી વિદ્યાશાખામાં એમ.બી.,બી.એસ. અને તબીબી અનુસ્નાતક એમ.ડી.એસ. પરીક્ષાઓમાં થિયરી અને પ્રેક્ટિકલમાં પરીક્ષકો જુદા નીમવા.

૩૬. વિદ્યાર્થી પોતાની જ ઉત્તરવહીનું પુનર્મૂલ્યાંકન કરાવી શકે. એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીની ઉત્તરવહીનું પુનર્મૂલ્યાંકન કરવા અરજી કરે તો તે કરવું નહીં.

૩૭. ઉત્તરપત્રોના પુનર્મૂલ્યાંકન માટેની અરજી વિદ્યાર્થીનું પરિણામ જાહેર થાય પછી એક મહિના સુધીમાં જ આવે તો સ્વીકારવી તે પછી આવેલ અરજીનું પુનર્મૂલ્યાંકન કરવાનું રાખવું નહીં. આ પુનર્મૂલ્યાંકન ફક્ત એક જ પરીક્ષક પાસે કરાવવાનું રાખવું.

૩૮. પુનર્મૂલ્યાંકન ઉત્તરવહી તપાસનાર પરીક્ષકને ઓછામાં ઓછા રૂ. ૨૫ અથવા ઉત્તરવહી દીઠ ૨-૫૦ પૈસા પ્રમાણે આપવાનું રાખી જે વધુ મહેનતાણું થાય તે આપવાનું રાખવું.

૩૯. આંતરિક ગુણાંકનમાં પ્રેક્ટિકલમાં વાઈવા ડિઝર્ટેશન કે ટર્મવર્કનું પુનર્મૂલ્યાંકન થઈ ન શકે તેવી સ્પષ્ટતા કરવી.

૪૦. પુનર્મૂલ્યાંકનને કારણે જો વિદ્યાર્થીના ગુણમાં ફેરફાર થાય તો તે આધારે પરીક્ષકના ગ્રેસિંગનો લાભ તથા ઑર્ડિનન્સ ૧૩૯/૧૪૦/૧૪૧નો લાભ જો મળે તો તે આપવો.

૪૧. વિદ્યાર્થી પુનર્મૂલ્યાંકન માટે અરજી કરે તો તે બે કે બેથી વધારે પેપરમાં નાપાસ હોય તો તેનું પુનર્મૂલ્યાંકન કરવા માટેની અરજી સ્વીકારવી નહીં.

૪૨. જો વિદ્યાર્થી બે પેપર કરતાં વધારે પેપરનું પુનર્મૂલ્યાંકન કરવા માટે અરજી કરે તો સ્વીકારવી નહીં.

૪૩. પુનર્મૂલ્યાંકનની ઉત્તરવહી પરીક્ષકને મોકલતી વખતે તે ઉત્તરવહી પર પરીક્ષકે જે ગુણ આપ્યા હોય તેના પર શક્ય હોય તો બે બાજુ જાડા કાગળ લગાવી તે ઉત્તરપત્રોમાં ગુણ દેખાય નહિ તે રીતે મોકલવાનું રાખવું.

૪૪ ફરી પરીક્ષણને કારણે જે પરિણામ આવે તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે તેમ જણાવવું. ફરી પરીક્ષણ કરતી વખતે પરીક્ષકને ઉત્તરપત્રોમાં ગુણ દર્શાવે નહીં, પરંતુ તેમને જુદા ગુણપત્રકમાં ગુણ દર્શાવવા જણાવવું.

૪૫. પુનર્મૂલ્યાંકન માટે જે ઉત્તરવહી મોકલવામાં આવે તેમાં જે ડમી નંબર હોય તે ડમી નંબરને બદલે બીજો ડમી નંબર આપી મોકલવાનું રાખવું.

૪૬. ઉત્તરવહીનું પુનર્મૂલ્યાંકનની પદ્ધતિ અપનાવવામાં આવે તો કાર્યાલયમાં પરિશિષ્ટ 'બ' પ્રમાણેનો સ્ટાફ નીમવાની વ્યવસ્થા થાય તેમ કરવું અને તે વ્યવસ્થા થાય તેમ જ આ પદ્ધતિ શક્ય બને તેમ સમિતિના સભ્યોનું પરીક્ષા નિયામકે ધ્યાન દોર્યું હતું.

૪૭. ઉત્તરવહી પુનર્મૂલ્યાંકન માટેની પદ્ધતિ અપનાવવા અંગે સમિતિમાં એકમતતા પ્રવર્તતી ન હતી અને આ અંગે સમિતિના બે સભ્યોએ જુદી નોંધ (Note of desent) આપી છે. તે પરિશિષ્ટ 'ક' (અત્રે છાપેલ નથી.) પ્રમાણે છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ--૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની ત્રીજી સભા, ગુરુવાર, તા. ૧૬-૭-૧૯૮૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિ શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬-૭-૧૯૮૧
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. બબાભાઈ એસ. પટેલ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૫.	પ્રિ. પી. આર. દેસાઈ	ગેરહાજર
૬.	પ્રિ. બી. વી. ચાર	હાજર
૭.	પ્રિ. બી. એમ. ત્રિવેદી	ગેરહાજર
૮.	ડૉ. કશ્યપ ભાર્ગવ	ગેરહાજર
૯.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૦.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૧.	ડૉ. આર. ઓ. મલગી	હાજર
૧૨.	પ્રો. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૩.	ડૉ. આર. જે. જોશી	હાજર
૧૪.	ડૉ. ઈ. ઓ. સોલોમન	હાજર
૧૫.	પ્રિ. જી. બી. પરીખ	હાજર
૧૬.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૭.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૮.	ડૉ. એમ. જે. મહેતા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬--૭--૧૯૮૧
૧૯.	શ્રી. પી. એન. શેઠ	હાજર
૨૦.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	ગેરહાજર
૨૧.	ડૉ. ઉમાબહેન ડી. પટેલ	હાજર
૨૨.	શ્રી. ડી. એસ. બસન	હાજર
૨૩.	પ્રિ. વી. સી. ઉપાધ્યાય	ગેરહાજર
૨૪.	શ્રી. એન. એન. ઉદવાડિયા	ગેરહાજર
૨૫.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૬.	શ્રી. એલ. બી. પટેલ	ગેરહાજર
૨૭.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર
૨૮.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૨૯.	શ્રી. એ. ડી. પંડ્યા	ગેરહાજર
૩૦.	ડૉ. એચ. એમ. દેસાઈ	ગેરહાજર
૩૧.	ડૉ. એસ. જે. દામાણી	ગેરહાજર
૩૨.	શ્રી. આઈ. એ. મોદી	ગેરહાજર
૩૩.	ડૉ. સી. પી. બોધાણી	ગેરહાજર
૩૪.	શ્રી. એન. એમ. પરીખ	ગેરહાજર
૩૫.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૩૬.	ડૉ. સુમન્ત કે. મજમુદાર	ગેરહાજર
૩૭.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૩૮.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર

૧. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદમાં જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખા ઉભેરવા માટેની જોડાણ અરજી બાબતમાં ગુજરાત રાજ્યના વડી અદાલતમાં યુનિવર્સિટીએ કરેલી લેટર્સ પેટન્ટની અપીલ પરના વડી અદાલતના આદેશ પર વિચારણા કરવા બાબત.

"(૧) અમદાવાદ શહેર વિસ્તારમાં જૂન ૧૯૮૦થી વાણિજ્યની નવી વિદ્યાશાખા ઉભેરવા માટે નીચે પ્રમાણે જોડાણ અરજીઓ આવી હતી જે અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત (need) સ્વીકારવી નહીં તેવો નિર્ણય લેવાયેલ હતો :

ક્રમાંક	અરજી કરનારનું નામ
૧.	આચાર્ય, પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
૨.	આચાર્ય, અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	આચાર્ય, એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪.	આચાર્ય, ગુજરાત કૉલેજ, અમદાવાદ
૫.	આચાર્ય, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ"

ગુ જ રા ત યુ નિ વ સિ ટી

ગુજરાત યુનિવર્સિટીની એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની ચોથી સભા, બુધવાર, તા. ૨૯--૭--૧૯૮૧ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯--૭--૧૯૮૧
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. બબાભાઈ એસ. પટેલ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	પ્રિ. બી. એમ. પીરઝાદા	હાજર
૫.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર
૬.	પ્રિ. બી. વી. ચાર	હાજર
૭.	પ્રિ. બી. એમ. ત્રિવેદી	હાજર
૮.	ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર
૯.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૦.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૧.	ડૉ. આર. એ. મલગી	હાજર
૧૨.	પ્રો. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૩.	ડૉ. આર. જે. જોશી	હાજર
૧૪.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૫.	પ્રિ. જી. બી. પરીખ	હાજર
૧૬.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૭.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૮.	ડૉ. એમ. જે. મહેતા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯–૭–૧૯૮૧
૧૯.	શ્રી. પી. એન. શેઠ	હાજર
૨૦.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૧.	ડૉ. ઉમાબહેન ડી. પટેલ	હાજર
૨૨.	શ્રી. ડી. એસ. બસન	હાજર
૨૩.	પ્રિ. વી. સી. ઉપાધ્યાય	હાજર
૨૪.	શ્રી. એન. એન. ઉદવાડિયા	હાજર
૨૫.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૬.	શ્રી. એલ. બી. પટેલ	હાજર
૨૭.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર
૨૮.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૨૯.	શ્રી. એ. ડી. પંડ્યા	હાજર
૩૦.	ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર
૩૧.	ડૉ. એસ. જે. દામાણી	હાજર
૩૨.	શ્રી. આઈ. એ. મેદી	હાજર
૩૩.	ડૉ. સી. પી. બોધાણી	હાજર
૩૪.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૩૫.	ડૉ. એચ. એસ. શાહ	હાજર
૩૬.	ડૉ. સુમન્ત કે. મજમુદાર	ગેરહાજર
૩૭.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૩૮.	ડૉ. કે. જી. દેસાઈ	ગેરહાજર.

૧. તા. ૧/૭–૭–૧૯૮૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની બીજી સભાની તથા ૧૬–૭–૧૯૮૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

(અ) તા. ૧/૭–૭–૧૯૮૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની બીજી સભાના કામકાજની નોંધને નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૯ અંગેનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

'આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિયુક્ત થયેલ તપાસસમિતિનો હેવાલ મંજૂર કરવા તથા ભાષાભવનને અને સુધારેલો સ્ટે. ૨૦૪ મંજૂર થયેથી ભાષાભવન હેઠળના જુદા જુદા વિભાગોને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી.ને આધીન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં ધોરણો પ્રમાણે સ્વાયત્તતા આપવા સ્વીકાર કરવો તથા તે અંગે ઘટતાં પગલાં લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.'

(૨) બાબત નં. ૧૦ અંગેનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

'આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિયુક્ત થયેલ તપાસસમિતિનો હેવાલ મંજૂર કરવા તથા વિજ્ઞાન વિદ્યાભવનને અને સુધારેલો સ્ટે. ૨૦૪ મંજૂર થયેથી વિજ્ઞાન વિદ્યાભવન હેઠળના જુદા જુદા વિભાગોને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી.ને આધીન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં ધોરણો પ્રમાણે સ્વાયત્તતા આપવા સ્વીકાર કરવો તથા તે અંગે ઘટતાં પગલાં લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.'

(બ) તા. ૧૬-૭-૧૯૮૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૧ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧) (૧૦) મુજબ યુનિવર્સિટી કોર્ટના સભ્ય હોય તેવા એકેડેમિક કાઉન્સિલના બે શિક્ષક સભ્યો પૈકી શ્રી કે. ડી. દેસાઈની ખાલી પડેલ જગ્યા માટે એકિઝકયુટિવ કાઉન્સિલ પર એક સભ્યની ચૂંટણી કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યા પછી પ્રમુખશ્રીએ નીચેના બે સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

(૧) આચાર્ય એન. એસ. પંડ્યા

(૨) ડૉ. રમણલાલ જે. જોશી

તે પછી બપોરે ૧–૦૦થી ૨–૦૦ વાગ્યા સુધી મતદાનનું કામ ચાલ્યું.

તે પછી ચકાસણીદારો તરફથી મતગણતરીનું પરિણામ આવતાં પ્રમુખશ્રીએ ડૉ. વી. સી. શાહને ચૂંટાયેલા જાહેર કર્યા. દરમ્યાન બપોરે ૨–૦૦ વાગ્યે યાદી ઉપરની બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) તૃતીય વર્ષ બી.એસસી. ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૬માં "મેાશન અન્ડર એ સેન્ટ્રલ ફોર્સ"નો મુદ્દો ઉમેરી તેને જૂન ૧૯૮૧થી અમલમાં લાવ્યાના;

(૨) એમ.એસસી., ભાગ ૧, ભૌતિકશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૧થી અમલમાં લાવ્યાના;

(૩) ગૃહવિજ્ઞાન વિષયનો એમ.એ., ભાગ ૧ અને એમ.એ., ભાગ ૨નો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી તેને જૂન ૧૯૮૧થી ક્રમશઃ અમલમાં લાવ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪. તબીબી વિદ્યાશાખાની તા. ૨૬–૫–૧૯૮૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ભલામણ મુજબ આસિસ્ટન્ટ પ્રોફેસરને માન્યતા આપવા માટે હાલ બે વર્ષનો ટ્યૂટર અથવા રજિસ્ટ્રાર અથવા જુનિયર લેક્ચરર તરીકેનો અનુભવ જરૂરી છે તેને બદલે ત્રણ વર્ષનો શૈક્ષણિક (ટ્યૂટર અથવા રજિસ્ટ્રાર અથવા જુનિયર લેક્ચરરનો) અનુભવ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. તબીબી વિદ્યાશાખાની તા. ૨૬–૫–૧૯૮૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ભલામણો ઉપર વિચારણા કરી બીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના અભ્યાસક્રમ અંગે પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૨૬–૫–૧૯૮૧ની ભલામણ પર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૧૧ તથા રેગ્યુ. એમ.બી.બી.એસ. ૬–૮–૯ સુધારવા;
(૨) હાલના ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૧૦ અને ૧૩ તથા રેગ્યુ એમ.બી.બી.એસ. ૧૦ ચાલુ રાખવા;
(૩) ઑર્ડિ એમ.બી.બી.એસ. ૧૨ અને રેગ્યુ. એમ.બી.બી.એસ. ૭ ૨૬ કરવા;
(૪) ઉપરના સુધારા જૂન, ૧૯૮૧થી સુધારેલા પહેલી એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ લીધો હોય તે વિદ્યાર્થીઓને માટે અમલમાં મૂકવા."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિનાન્સ એમ.બી.,બી.એસ.–૧૧ સુધારવા અને હાલનો ઑર્ડિનાન્સ–૧૦ ચાલુ રાખવા તથા ઑર્ડિનાન્સ એમ.બી.,બી.એસ.–૧૨ ૨૬ કરવા તથા આ સુધારાઓ જૂન ૧૯૮૧થી પહેલી એમ.બી.,બી.એસ.માં પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને માટે અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર હાલ જૂના અભ્યાસક્રમ મુજબ લેવાતી પહેલી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓ માટે દરેક વિષયમાં થિયરી અને પ્રેક્ટિકલ્સમાં જુદા પાસ થવાનું આવશ્યક છે તેને બદલે દરેક વિષયમાં થિયરી અને પ્રેક્ટિકલ્સના ગુણ ભેગા ગણી પાસ થવાનું ધોરણ મંજૂર કરવું.

[સુધારેલા તથા ચાલુ રાખેલા ઑર્ડિનાન્સો અને રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.]

૬. તબીબી વિદ્યાશાખાની પરીક્ષામાં બિનગુજરાતીભાષી વિદ્યાર્થીઓને પ્રાયોગિક પરીક્ષા સમયે દુભાષિયાની મદદ આપવા બાબતમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧–૭–૧૯૮૦ની સભામાં તે અંગે લાયકાત અને પુરસ્કારનાં ધોરણો ઘડવાની સૂચના કરી હતી તેના સંદર્ભમાં તબીબી વિદ્યાશાખાની તા. ૨૬–૫–૧૯૮૧ની સભાની નીચેની

ભલામણ પર વિચારણા કરવા બાબત :

" Interpreter in clinical examination at Third M.B.B.S. Diploma and Post-graduate degree examinations :

(1) He should be able to translate the patient's language into English and Doctors instructions or questions into patients language.

(2) He should be able to give names in English of parts of the human body of Liver, stomach, belly, mouth, hand stools, urine etc.

(3) He should not be connected with any Hospital Dispensary or a private practitioner (i.e., Nurses, Compounder etc. are not Eligible).

(4) His academic qualifications should not be above the level of first M.B.B.S. students (i.e. he should not have passed First M.B.B.S., Examination)."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૯–૧૯૮૦ની સભામાં ઠરાવ્યા મુજબ સ્ટેટ ગવર્નમેન્ટ અને બી.એ.એસ.એફ.ના પાંચ વર્ષની સર્વિસ કરી હોય તેવા તબીબોને પદવી પરીક્ષાના અભ્યાસક્રમના ત્રણ વર્ષના સમયમાંથી એક વર્ષનાં બે સત્રો મુક્તિ આપવાની જોગવાઈને અનુલક્ષીને ઑર્ડિ. એમ.ડી. ૭(૭) અને ઑર્ડિ. એમ.એસ. ૭(૭) તરીકે નીચે મુજબ નવી કંડિકા ઉમેરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે તબીબી વિદ્યાશાખાની તા. ૨૬–૫–૧૯૮૧ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Clause VII of O. M.S. 7 :

Notwithstanding anything contained above, a candidate who has held an appointment in the State Medical Services either as a House Officer, or a Registrar or a Resident Anaesthetist or a Resident Pathologist or a Junior Lecturer or other equivalent services, in the subject of his speciality, at least for period of five years or who has worked in the Border Area Security Force (B.A.S.F.) for the period of five years, will be entitled to remission of two terms in the duration of the degree course which is of six terms.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.ડી.–૭ અને ઑર્ડિ. એમ.એસ.–૭માં ઉપર મુજબની કંડિકા (૭) ઉમેરવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની તબીબી વિદ્યાશાખાની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. તબીબી વિદ્યાશાખાની તા. ૨૬-૫-૧૯૮૧ ની સભાની ભલામણ મુજબ તબીબી વિદ્યાશાખા હેઠળ બેઝિક બી.એસસી. નર્સિંગનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર બેઝિક બી.એસસી. નર્સિંગનો અભ્યાસક્રમ દાખલ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. પ્રી-ક્લિનિકલ બોર્ડના અધ્યક્ષ ડૉ. આર. બી. ડૉકટરે નૉન-મેડિકલ વિદ્યાર્થીઓ માટેનો એમ.એસસી.. મેડિકલનો અભ્યાસક્રમ બંધ કરવા સૂચન કર્યું હતું તે પરત્વે તબીબી વિદ્યાશાખાની તા. ૨૬-૫-૧૯૮૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એસસી. મેડિકલ ફૅાર નૉન-મેડિકલ ગ્રેજ્યુએટ્સનો અભ્યાસક્રમ બંધ કરવાના ડૉ. આર. બી. ડૉકટરના સૂચન પર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે :

(૧) હાલ આ અભ્યાસક્રમ ચાલુ રાખવો.

(૨) મેડિકલ કૉલેજોમાં શિક્ષકોની માન્યતા માટે દરેક શિક્ષકે બેઝિક ડિગ્રી એટલે કે એમ.બી.-બી.એસ.ની પરીક્ષા પાસ કરી હોય તેમને જ માન્યતા આપવી અને તે માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણોમાં નીચે મુજબ નોંધ ઉમેરવી :

All teachers in Medical colleges in clinical–pre-clinical subjects must have passed basic Medical qualification i.e. M.B.B.S. Degree. Any teacher not possessing the M.B.B.S. degree must not be recognised as a teacher at any level in Medical Colleges."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૦. શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી ચાલુ વિનયન કૉલેજ સાથે વાણિજ્યની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજી.

(નોંધ.—કૉલેજે જોડાણઅરજીમાં એસ.વાય.બી.કૉમ. સુધી જોડાણ આપવાની વિનંતી કરી છે અને સ્થાનિક તપાસસમિતિએ તે માટે ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૮-૧૯૮૧ સુધીમાં કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રેકિટસ તથા સહકારના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૧થી તા. ૧૪-૬-૧૯૮૨ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

વાણિજ્યના અભ્યાસક્રમને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૦—એના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણ નીમવામાં આવે.

(નોંધ.—શિક્ષકોની નિમણૂક અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે.)

(૨) કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે:

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચો. ફૂટ લાંબો જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડ
૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
૩. શિક્ષકો માટેનો ખંડ
૪. વિદ્યાર્થીઓ માટે ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો)
૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટે ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)
૬. વાણિજ્ય વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ ઓફીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય.
૭. પીવાના પાણી માટેનો ખંડ
૮. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

(૩) ઉપર પ્રમાણેની જોગવાઈ ઉપરાંત સંલગ્ન બાથરૂમ તથા જરૂરી સવલતો સહિતના ખંડો તથા કૉલેજમાં ચાલતા બધા જ પિરિયડો સાથે ટ્યુટોરિયલ લઈ શકાય તે માટેના જરૂરી વ્યાખ્યાનખંડો ઉપરાંત ટ્યુટોરિયલ ખંડોની વ્યવસ્થા કૉલેજના મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે.

(૪) પુસ્તકો અને સામયિકો માટે કૉલેજની શરૂઆતમાં રૂ. ૨૦,૦૦૦ ખર્ચ કરે અને દર વર્ષે વિદ્યાર્થીની સંખ્યાદીઠ રૂ. ૧૫નો ખર્ચ કૉલેજ કરે. જો કૉલેજ ગ્રાન્ટને પાત્ર બને તો આ ખર્ચ વિદ્યાર્થીદીઠ રૂ. ૨૫નો કરવાનો રહેશે. કારણ કે વિદ્યાર્થીની લાઇબ્રેરી ફી ઉપરાંત રૂ. ૨૫ સુધીના ખર્ચ માટે સરકાર ૭૫% ગ્રાન્ટ આપે છે. જો વિદ્યાશાખાદીઠ રૂ. ૪,૦૦૦ કરતાં ઓછું હોવું ન જ જોઈએ.

જોડાણના વિષયો માટેના દરેક વિષય માટે શિક્ષકો અને અભ્યાસી વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તેવા ઓછામાં ઓછાં બે બે જર્નલ્સનાં લવાજમ ભરવામાં આવે.

(૫) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચો. વાર જેટલી જગ્યા (ખુલ્લી) હોવી આવશ્યક ગણાશે.

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉ. ફંડનો લાભ આપવામાં આવે. તેમ જ તેમનો પગાર બૅંક મારફત ચૂકવવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨૫ ટકાના દરે ઍન્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

(૭) પછાત વર્ગ (બક્ષી પંચ સહિત) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબના વિદ્યાર્થીઓની પ્રવેશની જરૂરી સંખ્યા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવે.

(૮) રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ પાછળ વિદ્યાર્થીની એકઠી થયેલી ફી ઉપરાંત એકઠી થયેલી ફીના ૫૦ ટકા કૉલેજ તરફથી દર વર્ષે ખર્ચ કરવામાં આવે.

(૯) કૉલેજને સરકારી આવક કે ગ્રાન્ટ તત્કાળ પ્રાપ્ત નહીં બને (ત્રણ વર્ષ સુધી), તેથી સંસ્થાના સંચાલનમાં આવર્તક ખોટ આવવાની સંભાવના છે. તેને પહોંચી વળવા માટે યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે સંસ્થા વતી રૂપિયા ૧,૦૦,૦૦૦ના બૅલેન્સ કૉમર્સ વિદ્યાશાખા માટે અનામત તરીકે બૅંકની ફિક્સ્ડ ડિપોઝિટમાં કે અન્ય માન્ય રોકાણમાં રાખવામાં આવે જેની આવક કે મૂડીનો ઉપયોગ માત્ર કૉલેજની ખોટને પહોંચી વળવા માટે "ઈયર માર્ક" કરવામાં આવે.

(૧૦) કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

(૧૧) વાણિજ્ય વિદ્યાશાખાની રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો હેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કયામત છે તેવું શ્રી ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

(૧૨) વાણિજ્ય વિદ્યાશાખા શરૂ થવાને કારણે વિનયન વિદ્યાશાખાના મુખ્ય કે ગૌણ કોઈપણ વિષયો બંધ કરવામાં આવશે નહિ તેની સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પ્રથમ વર્ષ બી.કૉમ.ના બે વર્ગો કરવાની પરવાનગી આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી ચાલુ વિનયન કૉલેજ સાથે વાણિજ્યની વિદ્યાશાખા જોડવા માટે આવેલ અરજી.

(**નોંધ.**—કૉલેજે જોડાણઅરજીમાં તૃતીય વર્ષ બી.કૉમ. સુધી જોડાણ આપવા વિનંતી કરી છે. સ્થાનિક તપાસસમિતિએ દ્વિતીય વર્ષ બી.કૉમ. સુધીનું જોડાણ આપવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરતસહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૮--૧૯૮૧ સુધીમાં કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા પ્રથમ વર્ષ બી.કૉમ. (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રૅક્ટિસ અને સહકારના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૮૧થી તા. ૧૪--૬--૧૯૮૨ સુધીનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

વાણિજ્યના અભ્યાસક્રમને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૦--એના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણ નીમવામાં આવે.

[**નોંધ.**—શિક્ષકોની નિમણૂક અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે.]

(૨) કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લાંબો જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડ

૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

૩. શિક્ષકો માટેનો ખંડ

૪. વિદ્યાર્થીઓ માટે ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો.)

૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

૬. વાણિજ્ય વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ પૈકી સાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

૭. પીવાના પાણી માટેનો ખંડ

૮. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

(૩) ઉપર પ્રમાણેની જોગવાઈ ઉપરાંત સંલગ્ન બાથરૂમ તથા જરૂરી સવલતો સહિતના ખંડો તથા કૉલેજમાં ચાલતા બધા જ પિરિયડો સાથે ટ્યુટોરિયલ લઈ શકાય તે માટેના જરૂરી વ્યાખ્યાનખંડો ઉપરાંત ટ્યુટોરિયલ ખંડોની વ્યવસ્થા કૉલેજના મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે.

(૪) પુસ્તકો અને સામયિકો માટે કૉલેજની શરૂઆતમાં રૂપિયા ૨૦,૦૦૦નો ખર્ચ કરે અને દર વર્ષે વિદ્યાર્થીની સંખ્યા દીઠ રૂ. ૧૫/-નો ખર્ચ કૉલેજ કરે. જો કૉલેજ ગ્રાન્ટને પાત્ર બને તો આ ખર્ચ વિદ્યાર્થીદીઠ રૂ. ૨૫નો કરવાનો રહેશે; કારણ કે વિદ્યાર્થીની લાઇબ્રેરી ફી ઉપરાંત રૂ. ૨૫/- સુધીના ખર્ચ માટે સરકાર ૭૫ ટકા ગ્રાન્ટ આપે છે, જે વિદ્યાશાખા દીઠ રૂ. ૪,૦૦૦/- કરતાં ઓછું હોવું ન જ જોઈએ. જોડાણના વિષયો માટેના દરેક વિષય માટે શિક્ષકો અને અભ્યાસી વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તેવા ઓછામાં ઓછાં બે બે જર્નલ્સનાં લવાજમ ભરવામાં આવે.

(૫) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે.

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તેમ જ તેમનો પગાર બૅંક મારફત ચૂકવવામાં આવે. તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨૫ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

(૭) પછાત વર્ગ (બક્ષી પંચ સહિત) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબના વિદ્યાર્થીઓના પ્રવેશની જરૂરી સંખ્યા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવે.

(૮) રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ પાછળ વિદ્યાર્થીની એકઠી થયેલી ફી ઉપરાંત એકઠી થયેલી ફીના ૫૦ ટકા કૉલેજ તરફથી દર વર્ષે ખર્ચ કરવામાં આવે.

(૯) કૉલેજને સરકારી આવક કે ગ્રાન્ટ તત્કાળ પ્રાપ્ત નહીં બને (ત્રણ વર્ષ સુધી), તેથી સંસ્થાના સંચાલનમાં આવર્તક ખોટ આવવાની સંભાવના છે. તેને પહોંચી વળવા માટે યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે સંસ્થાવતી રૂ. ૧,૦૦,૦૦૦નાં બૅલેન્સ કૉમર્સ વિદ્યાશાખા માટે અનામત તરીકે બૅંકની ફિક્સ્ડ ડિપોઝિટમાં કે અન્ય માન્ય રોકાણમાં રાખવામાં આવે જેની આવક કે મૂડીનો ઉપયોગ માત્ર કૉલેજની ખોટને પહોંચી વળવા માટે "ઇયર માર્ક" કરવામાં આવે.

(૧૦) કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

(૧૧) વાણિજ્ય વિદ્યાશાખાની રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો હેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કયામત છે તેવું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

(૧૨) વાણિજ્ય વિદ્યાશાખા શરૂ થવાને કારણે વિનયન વિદ્યાશાખાના મુખ્ય કે ગૌણ કોઈપણ વિષયો બંધ કરવામાં આવશે નહીં તેની સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પ્રથમ વર્ષ બી.કૉમ.ના બે વર્ગો કરવા પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તરફથી ચાલુ વિનયન કૉલેજ સાથે વાણિજ્યની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલ અરજી.

(નોંધ.—કૉલેજે જોડાણઅરજીમાં પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી જોડાણ આપવા વિનંતી કરી છે, જ્યારે સ્થાનિક તપાસસમિતિએ એસ.વાય.બી.કૉમ. સુધી જોડાણ આપવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરતસહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૮--૧૯૮૧ સુધીમાં કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર તથા બિઝનેસ મૅનેજમેન્ટ, તથા (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૮૧ થી તા. ૧૪--૬--૧૯૮૨ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

વાણિજ્યના અભ્યાસક્રમને અનુલક્ષીને ઑ. ૧૨૦--એના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણ નીમવામાં આવે.

(**નોંધ.**—શિક્ષકોની નિમણૂક અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે.)

(૨) કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચો. ફૂટ લાંબો જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડ

૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

૩. શિક્ષકો માટેનો ખંડ

૪. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટે ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

૫. વાણિજ્ય વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થિનીઓ સાથે બેસીને વાંચી તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

૬. પીવાના પાણી માટેનો ખંડ

૭. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

(૩) ઉપર પ્રમાણેની જોગવાઈ ઉપરાંત સંલગ્ન બાથરૂમ તથા જરૂરી સવલતો સહિતના ખંડો તથા કૉલેજમાં ચાલતા બધા જ પિરિયડો સાથે ટ્યુટોરિયલ લઈ શકાય તે માટેના જરૂરી વ્યાખ્યાન ખંડો ઉપરાંત ટ્યુટોરિયલ ખંડોની વ્યવસ્થા કૉલેજના મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે.

(૧) વાણિજ્ય કૉલેજ માટે જૂન, ૧૯૮૩થી પ્રવેશ મેળવવા માટે ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ વાણિજ્યના નિયત કરેલા ત્રણે વિષયો સાથે તે પરીક્ષા ઉત્તીર્ણ કરી હોવી જોઈએ એ નિયંત્રણને લક્ષમાં લેતાં તથા યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પ્રવેશ ક્ષમતાને લક્ષમાં લેતાં તથા ૧૯૮૧—૮૨માં વાણિજ્યની કુલ ચાર કૉલેજોને તથા ૧૯૮૨થી વાણિજ્યની વધુ એક કૉલેજને બી.કૉમ.માં બબ્બે વર્ગો લેવાની મંજૂરી આપી હોઈ વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૨—૧—૧૯૮૦ના પત્રાંક બીસીઆઈ-૧૪૦ થી યુનિવર્સિટીને નીચે પ્રમાણે જણાવ્યું હોઈ જૂન, ૧૯૮૨થી પ્રવર્તમાન કાયદાની કૉલેજો પૂર્ણ સમયની દિવસની કૉલેજો કરવી જરૂરી બનશે અને તેથી પ્રવર્તમાન કાયદાની કૉલેજોમાં વિદ્યાર્થી-સંખ્યા સારી એવી ઘટશે તે જોતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ની જોગવાઈના સંદર્ભમાં જૂન, ૧૯૮૨થી અમદાવાદ મુકામે કાયદાની નવી કૉલેજ શરૂ કરવા માટે જરૂરિયાત નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

I am to inform you that the Council's Resolution No. 49/1979 has been sent to all the Universities, Law Colleges and State Bar Councils regarding conversion of existing norming and evening Law Colleges and departments into whole-time day colleges and departments by June, 1982. Implementation of this requirement is very essential and the Council feels that it would not be possible to make any relaxation in these requirements in the case of any single University or Law College.

(૧૪) ગુજરાત રાજ્યમાં ૪૧ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૧/૩ નિવૃત્તિ દર, પ્રતિવર્ષ ૧૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૪૦૦ થી ૧૫૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે, તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિંદી માધ્યમ સહિતના આશરે ૪૦૦૦ થી ૪૧૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તેથી તે જોતાં જૂન, ૧૯૮૩થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

અવાચ્ય
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૨ના વર્ષની ત્રીજી સભા સોમવાર, તા. ૨૭-૧૨-૧૯૮૨ના રોજ બપોરના ૧૨—૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭—૧૨—૧૯૮૨
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી. કે. સી. પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩.	શ્રી. બબાભાઈ એસ. પટેલ	હાજર
૪.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૫.	પ્રિ. શ્રી. એમ. પીરજાદા	હાજર
૬.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર
૭.	પ્રિ. ડૉ. બી. એમ. ત્રિવેદી	ગેરહાજર
૮.	પ્રિ. વી. કે. ચાવડા	હાજર
૯.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૧૦.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૧.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. આર. એ. મશરૂ	ગેરહાજર
૧૩.	પ્રો. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૪.	ડૉ. આર. જે. જોશી	હાજર
૧૫.	ડૉ. ઈ. એ. સોંધોમન	ગેરહાજર
૧૬.	પ્રિ. જી. બી. પરીખ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૧૨-૧૯૮૨
૧૭.	શ્રી. ઓ. આર. શાહ	હાજર
૧૮.	પ્રિ. જે. એન. શુક્લ	હાજર
૧૯.	પ્રિ. ડૉ. સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર
૨૦.	ડૉ. કે. આર. ચંદ્રા	ગેરહાજર
૨૧.	શ્રીમતી રેખા પી. મહેતા	ગેરહાજર
૨૨.	પ્રિ. ડૉ. આર. વી. પંડ્યા	હાજર
૨૩.	ડૉ. બી. સી. પટેલ	હાજર
૨૪.	પ્રિ. જી. ઓમ. પટેલ	ગેરહાજર
૨૫.	ડૉ. ઓમ. પી. ઠક્કર	ગેરહાજર
૨૬.	ડૉ. બી. ઓમ. દેસાઈ	ગેરહાજર
૨૭.	ડૉ. પી. વાય. પરમાર	હાજર
૨૮.	પ્રો. સી. બી. મહેતા	હાજર
૨૯.	પ્રિ. સી. સી. ત્રિવેદી	હાજર
૩૦.	શ્રી. જે. પી. જોશીપુરા	હાજર
૩૧.	ડૉ. ઓ. પી. ઓન. કલ્યા	ગેરહાજર
૩૨.	ડૉ. આર. બી. ડોક્ટર	ગેરહાજર
૩૩.	શ્રી. ઓમ. સી. જોશી	હાજર
૩૪.	શ્રી. ઓન. ઓમ. નરીમ	હાજર
૩૫.	ડૉ. એચ. એસ. શાહ	હાજર
૩૬.	ડૉ. ભૂમન્ત મજુમદાર	ગેરહાજર
૩૭.	શ્રી. બી. ટી. દેસાઈ	હાજર
૩૮.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર

૧. તા. ૨૨-૪-૧૯૮૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૨ના વર્ષના બીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૨-૪-૧૯૮૨ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૨ના વર્ષની બીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) પ્રથમ વર્ષ બી.એસે. બાયોલોજિકલ સાયન્સ તથા દ્વિતીય વર્ષ બી.એસે. બાયોટેકનોલોજી વિષયનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨ થી અમલમાં લાવ્યાનું;

(૨) બીજા વર્ષ બી.એ. ગૃહવિજ્ઞાનના પ્રશ્નપત્ર ૧૦ જનરલ સાયન્સના અભ્યાસક્રમની વિગતો સુધારી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાનું;

(૩) પહેલા વર્ષ બી.એ.ના ગૃહવિજ્ઞાન વિષયના જનરલ સાયન્સ પ્રશ્નપત્ર ૪ માં આપેલાજીના અભ્યાસક્રમમાં નીચેના મુદ્દા ઉમેરી તેને જૂન ૧૯૮૨ થી અમલમાં લાવ્યાનું :

બેક્ટેરિયા અને તેમાંથી ફેલાતા રોગો

રોગ પ્રતિરોધકતા, જીવાણુઓનું વર્ગીકરણ, જીવાણુઓનું બંધારણ, જીવાણુઓનું નિષ્ક્રિયાકરણ, જીવાણુભક્ષક જીવાણુઓ, પ્રાણીઓમાં જીવાણુજન્ય રોગો, જીવાણુઓની વૃદ્ધિ, જીવાણુની રસી.

(૪) ડિપ્લોમા ઇન કોમ્પ્યુટર ટ્રેઇનિંગનું નામ નીચે મુજબ સુધારી સ્ટે. ૧૭૯ માં સુધારો કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કર્યાનું :

St. 179 :

(20) Diploma in Computer Science Applications.

(૫) ઝૂલોજીનો એમ.એસસી. ભાગ ૧ નો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૮૨થી અમલમાં મૂકવાનું તથા ભાગ ૨નો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩ થી ક્રમશ: અમલમાં મૂકવા અંગેની સ્પષ્ટતા કર્યાનું;

(૬) એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨ સંસ્કૃત વિષયમાં નીચેની ક્ષતિઓ નીચે પ્રમાણે સુધારી સ્પષ્ટતા કર્યાનું :

'એમ.એ. ભાગ ૧ સંસ્કૃત (૨) સાહિત્યશાસ્ત્ર–અલંકારશાસ્ત્ર'

પ્રશ્નપત્ર ૩ :

(અ) ભામહકૃત કાવ્યાલંકાર સૂત્રવૃત્તિને બદલે "(બ) વામનકૃત કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ" છે.

(ક)માં મમ્મટ કાવ્યપ્રકાશ ઉલ્લાસ ૩ થી ૮ ને બદલે "ઉલ્લાસ ૪ થી ૮" છે.

(૭) એમ.એ. ભાગ ૨ (૨) સાહિત્યશાસ્ત્ર—અલંકારશાસ્ત્ર પ્રશ્નપત્ર ૬ (અ) "નાટચશાસ્ત્ર" અધ્યાય ૧, ૨, ૧૬ અને છઠ્ઠા અધ્યાયની ટીકા અભિનવ ગુપ્તાચાર્યકૃત, ગાયકવાડ, ઓરિયેન્ટ સિરીઝ વડોદરાને બદલે "અ" નાટચશાસ્ત્ર પ્રકરણ ૧, ૨, ૬, (અભિનવભારતી સાથે) અને ૧૬ છે.

(૮) તૃતીય વર્ષ બી.એ. અંગ્રેજીના પ્રશ્નપત્ર ૮ 'આવરન'ને બદલે ઓઉનિંગ છપાયું છે તે છાપભૂલ હોવાથી તે નીચે પ્રમાણે વાંચવા વિનંતી છે :

Paper VIII : The History of English Literature from 1701 to 1830.

Texts :

1. Joseph Andrews : by Henry Fielding.
2. Fifteen Poets (J.U.P.) Poems of Byron only.

(૯) દ્વિતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર ૮નું નામ નીચે મુજબ રાખ્યાનું :

Paper VIII : Experimental Psychology Practicals–Statistics.

(૧૦) ત્રીજા વર્ષ બી.કોમ.ના બિઝનેસ મેનેજમેન્ટ પેપર ૫ ના ડિઝર્ટેશનના ૧૯૮૩ની પરીક્ષા માટેના ટોપિકસ તથા એમ.કોમ ભાગ. ૨ ના બિઝનેસ મેનેજમેન્ટના ડિઝર્ટેશન પેપર ૨ માટેના ૧૯૮૩ની પરીક્ષા માટે ટોપિકસ નિયત કર્યાનું;

(૧૧) એમ.ઈ. "મિકેનિકલ એન્જિનિયરિંગ ડિઝાઈન"નો સુધારા સાથેનો અભ્યાસક્રમ નિયત કરી તેને જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાનું;

(૧૨) (અ) બી.ઈ ૨ સેમેસ્ટર–૪ (એમ.)નાં "ઈન્ડસ્ટ્રિયલ ડ્રાફ્ટિંગ એન્ડ મશીન ડિઝાઈન અને

(બ) બી.ઈ. (મિકે.) સેમેસ્ટર. ૭–મશીન ડિઝાઈનના સુધારાવધારા તથા રદ કરેલ મુદ્દાઓ સહિતનો સુધારેલો અભ્યાસક્રમ નીચે મુજબ નિયત કરી અને તે નીચે આપેલ નોંધમાં દર્શાવ્યા પ્રમાણે અમલમાં લાવ્યાનું :

In the subject of Gujarat of " Industrial drafting and Machine Design " at B.E. II Semester–IV(M) the following be deleted, Note, The Theory paper will contain questions only from the portion under Machine Design."

The following is added to (B) Machine Design :

5. Shaft and couplings, Design of axles, shaft and common types of couplings.

In the subject of Machine Design–I at the B.E. IV (Mech.) Sem. VII—the following is deleted.

3. Shafts and couplings–Design of axles, design of shafts under pure torsion and combined bending and torsion–common type of rigid and flexible couplings.

Note.—These changes will come in effect from even semester of session 1982–83 for B.E. II—Sem. IV(M) and from odd semester of session of B.E. V Semester–VII (Mechanical) 1984–85.

(૧૩) એમ.ઇ. (મિકે.) હીટ પાવર ગ્રુપના ડિઝર્ટેશન વિષયની પરીક્ષાને લગતી ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમનું સુધારવામાં આવેલ સ્ટ્રક્ચર નિયત કરી તે જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાનું;

(૧૪) બી.ઈ. સેમેસ્ટર ૭ અને ૮ (મિકેનિકલ ની શિક્ષણ અને પરીક્ષણની સ્કીમ નિયત કરી તે જૂન ૧૯૮૨ થી અમલમાં લાવ્યાના;

(૧૫) બી.ઈ. ૧. સી.એમ.ઈ, ઈ સી, આઇ.સી, કેમ, ટી.ટી. સેમેસ્ટર ૧– એન્જિનિયરિંગ ડ્રોઈંગ–૧માં નીચેનો મુદ્દો ઉમેરી તે જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાનું :

B.E.I ;C.M.E/E.C./I.C.Chem./T.T) Semester–I Scales, Representive fractions plain scales, Comparative Vernier and diogonal scales, scale of chords.

(૧૬) એમ.ઈ, (મિકે.) હીટ પાવર ગ્રુપ અને મિકેનિકલ એન્જિનિયરિંગ ડિઝાઇન એન્ડ પ્રોડક્શનના ગ્રુપના નીચે જણાવેલ સુધારેલા અભ્યાસક્રમો :

(૧) ૧૨૦૨ ઇન્સ્ટ્રુમેન્ટેશન,

(૨) ૨૨૦૭ ઓટોમેટિક કન્ટ્રોલ.

(૩) ૧૨૦૩ મટીરિયલ સાયન્સ—નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાનું.

(૧૭) ત્રીજા વર્ષ બી.કૉમના ઍલિમેન્ટ્સ ઑફ બિઝનેસ સ્ટૅટિસ્ટિક્સનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૧૮) એમ.કૉમ ભાગ. ૧ના "કૉસ્ટ ઍકાઉન્ટન્સી પેપર ૧ અને પેપર ૨" નો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૧૯) એમ.કૉમ. ભાગ ૧ સ્ટૅટિસ્ટિક્સના પેપર ૧ અને ૨નો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨૦) એમ.કૉમ ભાગ ૧ના "બિઝનેસ ફાઇનાન્સ" ના પ્રશ્નપત્રને સુધારવામાં આવેલ અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨૧) એમ.કૉમ. ભાગ ૨ના ચાલુ અભ્યાસક્રમમાં નીચે જણાવેલ પ્રશ્નપત્રો માટે નીચે મુજબ સેક્શનો આપી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

પેપર ૩ : માર્કેટિંગ ઑર્ગેનાઇઝેશન ઍન્ડ પ્રૅક્ટિસ (કમ્પલસરી)ના હેડિંગ નીચે સેક્શન ૧ આપેલ છે અને સેક્શન ૨(સી) પબ્લિક એજન્સીઝ ઇન માર્કેટિંગથી શરૂ થતા ટોપિક ઉપર આપેલ છે.

પેપર ૪ : બિઝનેસ મૅનેજમેન્ટ (કમ્પલસરી)ના હેડિંગ નીચે સેક્શન ૧ આપેલ છે અને સેક્શન ૨(૬) કૉમ્યુનિકેશન—રોલ ઑફ કૉમ્યુનિકેશન ઇન મૅનેજમેન્ટથી શરૂ થતા ટોપિક ઉપર આપેલ છે.

(નોંધ.—સેક્શનો આપવાથી ચાલુ અભ્યાસક્રમમાં કોઈ ફેર પડતો નથી.)

(૨૨) તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના અભ્યાસક્રમના ઑપ્શનલ પ્રશ્નપત્ર ૯ અને ૧૦માં "સાયકોલોજી ઑફ હ્યુમન ઑક્યુપેશનલ લિટી"ને બદલે "સાયકોલોજી ઑફ સેક્સ ઍન્ડ મેરીડ લાઇફ"નું (જૂનો અભ્યાસક્રમ) પ્રશ્નપત્ર જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨૩) તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં વૈકલ્પિક પ્રશ્નપત્ર ૯ અને ૧૦માં પ્રાયોગિક મનોવિજ્ઞાનના સિદ્ધાંતોનું પ્રશ્નપત્ર નવા અભ્યાસક્રમમાં વૈકલ્પિક પ્રશ્નપત્ર તરીકે રાખી જૂન, ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨૪) પ્રથમ વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર ૨ "અસરકારક વર્તન અને મનોવિજ્ઞાન"ના અભ્યાસક્રમમાંથી પ્રથમ મુદ્દો 1. Ways of viewing Man (Page 16-39) અભ્યાસક્રમમાંથી રદ કર્યાના;

(૨૫) અંગ્રેજીનાં પાઠ્યપુસ્તકોની ૧૯૮૨-૮૩ના વર્ષ માટેની યાદીમાં કેટલીક ભૂલો રહી ગઈ છે તે નીચે મુજબ સુધાર્યાના :

T.Y.B.A. English Paper-IX : Literary criticism on page 8th, under IX (4)—An understanding of the following Literary Terms–the last term is imagery, not imaginary

In the books recommended for the same paper, the name of the author for English Literary critics is Watson, not Vatson.

T.Y.B.A. English, Paper–X (A)

The name of the author of the book History of English Language has not been mentioned.

This should read as—*History of English language by Wren*".

(૨૬) એમ.એ.-એમ.એસસી. ભાગ ૧ અને ભાગ ૨નો ભૂગોળનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

"એમ.એ. કક્ષાએ બીજા વિષય સાથે ભૂગોળ ૪–પ્રશ્નપત્રો સાથે એમ.એ. કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ અનુક્રમે પ્રશ્નપત્ર ૧ અને પ્રશ્નપત્ર ૨ રાખવાનાં રહેશે".

(૨૭) તૃતીય વર્ષ બી.એસસી. ભૂસ્તરશાસ્ત્રનો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ તથા પ્રાયોગિક કાર્ય નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨૮) એસ.વાય.બી.એસસી. ઝૂલોજી પેપર ૩માંથી "પિજ્યન" (Pigeon) ટોપિક થિયરી તેમ જ ડિસેક્શનમાંથી રદ કરી આ ફેરફાર જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨૯) તૃતીય વર્ષ બી.એસસી. કેમિસ્ટ્રી પેપર ૯ (ફિઝિકલ કેમિસ્ટ્રી)ના અભ્યાસક્રમમાં નીચે પ્રમાણે સુધારો કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના :

Topic 6 : " Mass Spectroscopic results" deleted.

Topic 9 : Isotopes and Nuclear Chemistry is as under :

Radioactive and non-radioactive isotopes, positive ray analysis Aston's mass spectrograph, Dempster and bainbridge mass spectrograph chemical atomic weights, separation of isotopes, Units of radioactivity, isotopes dilution analysis, cross-sections, neutron activation analysis, applications of isotopes, projective particles, methods to accelerate charged particles.

(૩૦) બીજા વર્ષ બી.એસસી. સ્ટેટિસ્ટિક્સ વિષયનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૩૧) ત્રીજા વર્ષ બી.એસસી. અને ત્રીજા વર્ષ બી.એ.ના સ્ટેટિસ્ટિક્સ વિષયનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૩થી અમલમાં લાવ્યાના;

(૩૨) બીજા વર્ષ બી.એ. સ્ટેટિસ્ટિક્સના હાલના નવા અભ્યાસક્રમમાં નીચે મુજબની સ્પષ્ટતા કર્યાના :

Second B.A. Syllabus in Statistics

In cases of Second B.A. Statistics syllabus the following clarification should be added :

1. Statistics as first subsidiary subject ;

   Paper–III (Theory) }
   Paper–IV (Theory) } As per the syllabus at present in existence.

2. Statistics as principal subject :

   Paper–III (Theory) }
   Paper–IV (Theory) } As per the syllabus at present in existence
   Paper–V(Practicals) }

   Paper–V will comprise of the two practical–Paper–I & II as per the syllabus of practical–Paper–I & II at present in existence.

3. (*i*) Statistics can only be offered as first subsidiary subject by those students who offer Mathematics as Principal subject.

(*ii*) Statistics can only be offered as principal subject by those students who offer Mathematics as subsidiary subject.

(૩૩) એમ.એ. ભાગ ૧ અર્થશાસ્ત્રના સુધારેલા અભ્યાસક્રમને લગતું માળખું અને અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૩૪) એમ.એ.,એમ.એસસી. ભાગ ૧ના ગણિત વિષયનો સુધારેલ અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૩૫) એમ.એસસી. ભાગ ૧ અને ૨, ઝૂલોજીનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૩૬) એમ.એસસી. ભાગ ૨નો ભૌતિકશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૩૭) એમ.એસસી. ભાગ ૧, ભૌતિકશાસ્ત્રના "સ્ટેટિસ્ટિકલ મિકેનિક્સ" પેપર ૩નો અભ્યાસક્રમ બી. બી. લાડના પુસ્તકમાંથી શીખવવાનું રાખવા અને રાજગોપાલનું પુસ્તક રેફરન્સ બુક્સ તરીકે નિયત કર્યાના;

(૩૮) એમ.એસસી. ભાગ ૨, બોટેની વિષયના અભ્યાસક્રમમાં સ્પેશિયલ પેપર ૬માં એનવાયરમેન્ટલ બાયોલોજીનું નવું પ્રશ્નપત્ર ઉમેરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૩૯) એમ.એસસી ભાગ ૨, બોટેનીનો નવો અભ્યાસક્રમ જે જૂન ૧૯૮૩થી અમલી બનનાર છે તેમાં ફક્ત સ્પેશ્યલ પ્રશ્નપત્ર—૬માં એનવાયરમેન્ટ બાયોલોજીનો જે અભ્યાસક્રમ છે તે જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૪૦) એમ.એસસી. ભાગ ૧, બોટેનીનો સુધારેલો અભ્યાસક્રમ તથા પ્રેક્ટિકલ્સનો અભ્યાસક્રમ નિયત કરી જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૪૧) (અ) એમ.એ. ભાગ ૨, ઇતિહાસના પેપર ૭-સોશિયલ એન્ડ ઇકોનોમિક હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા, ૧૫૨૬-૧૮૦૦નો અભ્યાસક્રમ નિયત કરી તે જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના,

(બ) એમ.એ. ભાગ ૧ ઇતિહાસના પેપર ૨ Paper II-Major Revolution Modern times and History Group "A" Paper IV, Paper-I & II-Philosophy of History and Historigraphy (New)નો સુધારેલ અભ્યાસક્રમ નિયત કરી તે જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના.

(૪૨) (૧) તૃતીય વર્ષ બી.એ. ઇતિહાસના પેપર ૮ (ગુજરાતના) પ્રાગ્ ઐતિહાસિક કાળથી ઈ.સ. ૧૩૦૪ સુધીના હાલના અભ્યાસક્રમમાં નીચે જણાવ્યા પ્રમાણેના ફેરફાર કરી તે જૂન ૧૯૮૨થી અમલમાં લાવ્યાના;

(૨) ચંદ્રગુપ્ત બીજો-વિક્રમાદિત્યના સિક્કા કુમારગુપ્તને બદલે ચંદ્રગુપ્ત બીજો, વિક્રમાદિત્ય અને કુમારગુપ્તના સિક્કા

(૩) સોલંકી રાજ્યની પડતી ઈ.સ. ૧૧૭૮–૧૩૦૪–ભીમદેવ બીજો (પ્રથમવાર) ઈ.સ. ૧૧૭૮–૧૨૧૦ (જયન્તસિંહ) ઈ.સ. ૧૨૧૦–૧૨૨૫ (ભીમદેવ બીજો) ઈ.સ. ૧૨૨૫–૧૨૪૨. ત્રિભુવનપાલ વાઘેલા સોલંકી કાળ (ઈ.સ. ૧૨૪૪–૧૩૦૪) વાઘેલા રાજકુલ કર્ણદેવ બીજો (ઈ.સ. ૧૨૯૧–૧૩૦૪)ની જગ્યાએ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. "સોલંકી–વાઘેલા કાળની પડતી ઈ.સ. ૧૧૭૮–૧૩૦૪ ભીમદેવ બીજાથી કર્ણદેવ બીજો."

સામાજિક સ્થિતિ સુવર્ણયુગનો મુદ્દો નીચે મુજબ સુધારવામાં આવેલ છે :

"સામાજિક સ્થિતિ–હેમચંદ્રાચાર્ય વસ્તુપાલ અને તેજપાલની સિદ્ધિઓ."

(નોંધ.– બાકીનો સમગ્ર અભ્યાસક્રમ એમનો એમ રહે છે.)

(૪૩) ત્રીજા વર્ષ બી.એ.ના પેપર ૯ હિસ્ટ્રી ઑફ યુ.એસ.એસ.આર. ૧૯૦૧–૧૯૬૦નું બદલે ૧૯૧૭–૧૯૬૦ રાખી અને અભ્યાસક્રમમાં નીચેનો મુદ્દો ઉમેર્યાના :

"સામ્યવાદી પક્ષનું સંગઠન"

(૪૪) ભારતીય સંસ્કૃતિના એમ.એ. ભાગ ૨ના અભ્યાસક્રમમાં મુ.૫ "ઇ", મુ.૫ "જે"માં પ્રાયોગિક પરીક્ષાની જોગવાઈ કરી અને તે નિયમિત વિદ્યાર્થીઓ માટે જ નિયત કરી. નિયમિત વિદ્યાર્થીઓ માટે પ્રત્યેક સૈદ્ધાન્તિક આ બન્ને પ્રશ્નપત્ર (થિયરી પેપર) ૭૦ ટકા ગુણનું અને પ્રાયોગિક પ્રશ્નપત્ર (પ્રેક્ટિકલ પેપર) ૩૦ ટકા ગુણનું નિયત કર્યાના. એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે આ પ્રાયોગિક પરીક્ષાવાળાં બે જૂથ "ઇ" અને "જે" આપી શકાશે નહીં તેવી જોગવાઈ કર્યાના.

(૪૫) એમ.એસસી.માં લાઈફ સાયન્સીઝનો નવો વિષય અભ્યાસક્રમમાં ઉમેરી ડોવાયા પ્રવેશના બારણું અંગેના રેગ્યુ. એમ.એસસી.–૧માં નીચેની જોગવાઈ ઉમેર્યાના :

For Admission to Life Sciences subject

A student must have obtained at least Second Class in B.Sc. in any of the following subjects at Principal or Subsidiary level :

(*a*) Biochemistry (*b*) Botany (*c*) Chemistry

(*d*) Microbiology (*e*) Zoology.

(૪૬) એમ.એસસી.ના અભ્યાસક્રમમાં લાઇફ સાયન્સીઝનો નવો વિષય ઉમેરવા તથા તેનો અભ્યાસક્રમ મંજૂર કરવાનું અને તે વિજ્ઞાનભવનમાં શીખવવાનું ડો. બી. સી. શાહનું સૂચન વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મંજૂર કરવા કરેલું સૂચન મંજૂર કર્યાનું;

(૪૭) ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૨થી શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિરને –

૧. કમ્પેરેટિવ લિંગ્વિસ્ટિક્સ,

૨. કમ્પેરેટિવ લિટરેચર,

૩. ગુજરાતી લેંગવેજ એન્ડ લિટરેચર,

૪. ઇન્સાયક્લોપીડિયા ઑફ ગુજરાતી લિટરેચર અને

૫. ડિફરન્ટ્રીઝમાં પીએચ.ડી. પદવી માટે

સંશોધન કાર્ય માટે આવેલી અરજીના સંદર્ભમાં એકૅડેમિક કાઉન્સિલ વતી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે જણાવ્યા પ્રમાણે ભલામણ કર્યાના :

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિર, અમદાવાદ, નિમણૂકો અંગેના શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૦–૭–૧૯૮૨ સુધીમાં કરે તો તેને (૧) કમ્પેરેટિવ લિંગ્વિસ્ટિક્સ, (૨) કમ્પેરેટિવ લિટરેચર, (૩) ગુજરાતી લેંગ્વેજ ઍન્ડ લિટરેચર, (૪) ઍન્સાયક્લોપીડિયા ઑફ ગુજરાતી લિટરેચર અને (૫) ડિક્સનેરીઝના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય માટે તા. ૧૫-૬-૧૯૮૨થી તા. ૧૪-૬-૧૯૮૩ સુધીની માન્યતા આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અધ્યક્ષશ્રી (પીએચ.ડી. માટેના માર્ગદર્શક શિક્ષકની પાત્રતા ધરાવતા)
   (૨) ઍક રીડર ,, ,, ,,
   (૩) ઍક વ્યાખ્યાતા
   (૪) આવશ્યક રિસર્ચ ફેલોઝ

૨. જરૂરી સુવિધાઓ સાથેના મકાનની વ્યવસ્થા કરવામાં આવે.

૩. ઑર્ડિ. ૧૨૦-સી.ની. નીચે મુજબની કંડિકા ૩ અનુસાર ગ્રંથાલય સુસજ્જ કરવામાં આવે
O. 120-C(3) :

"That it has a well-equipped library with an adequate number of books, periodicals old numbers of periodicals manucripts, if necessary, etc. in the subject".

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ઍન્યુઇટી ફંડના લાભો આપવામાં આવે અને રજા તેમ જ નિવૃત્તિ અંગેના યુનિવર્સિટીના નિયમો સહિત તમામ ધારાધોરણોનો અમલ કરવામાં આવે, અને

૫ ગ્રંથાલયમાં પુસ્તકો માટે રૂ. ૫૦,૦૦૦ (રૂ. પચાસ હજાર)નું ખર્ચ કરવામાં આવે.

(૪૮) યુનિવર્સિટીમાં વિદ્યાર્થી-પ્રવેશનું લઘુતમ ધોરણ "હાયર સેકન્ડરી એક્ઝામિનેશન્સ" ઉત્તીર્ણ એમ નિયત થયેલ છે તે બદલાં "જુનિયર સર્ટિફિકેટ ઑનર્સ ઇન ઇંગ્લિશ"ના પ્રવેશ માટે નિયત થયેલ "એસ.એસ.સી. એક્ઝામ" ધોરણોને બદલે "હાયર સેકન્ડરી એક્ઝામિનેશન" મૂકી ઑર્ડિ. ૩૭૩-એ સુધાર્યાનું;

(૪૯) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૨થી બી.એ. (પ્રિન્સ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી પરત્વે એકૅડેમિક કાઉન્સિલ વતી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કર્યાનું :

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો, અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૧૪–૬–૧૯૮૨ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૨થી તા. ૧૪–૬–૧૯૮૩ સુધીનું વધારાનું ઠેકાણું આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦–એના સંદર્ભમાં જરૂરી નિમણૂક કરવામાં આવે, વધારાની નિમણૂક કરવાની થાય તો રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંઝલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂ. ૨૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું અને ગ્રેચ્યુઇટી આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, બાકીતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને તે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. જે ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર રૂ. ૨૫૦-૪૦૦ના પગારધોરણમાં રૂ. ૩૦૦ મૂળ પગાર મેળવવાને પાત્ર હોય તેને તે પ્રમાણે આપવામાં આવે અને

૭. પ્રૉવિડંટ ફંડ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

(૧૦) રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર પ્રોગ્રામ તરીકે રૂ. ૬૧૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦ ઈ.બી. ૩૫–૮૮૦–૪૦–૧૦૦૦ ઈ.બી. ૪૦–૧૨૦૦ના પગારધોરણમાં રૂ. ૭૪૦ના શરૂઆતના મૂળ માસિક પગારથી શ્રીમતી જયશ્રી રામચંદ્ર પુરન્દરેની નિમણૂક કર્યાના.

સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી.

૩. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ ઑસોસિયેટસની બે જગ્યાઓ માટે તેમની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને માટે અનામત રાખવામાં આવેલી ત્રીજી જગ્યા અંગે વરણી સમિતિની તા. ૨૨–૯–૧૯૮૨ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ/રિસર્ચ ઑસોસિયેટની બે જગ્યાઓ પર ડૉ. દિનુભાઈ આર. પટેલની અને ડૉ. આર. કે. પ્રભાકરની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨–૯–૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ ' ક '** તરીકે સામેલ છે.)

૪. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડર ઇન બિઝનેસ મૅનેજમેન્ટની બે જગ્યાઓ માટે વરણી સમિતિની તા. ૧૭-૯-૧૯૮૨ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડર ઇન બિઝનેસ મૅનેજમેન્ટની બે જગ્યાઓ પર ડૉ. એન. આર. દીક્ષિતની અને ડૉ. એચ. એસ. છાત્રાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૭-૯-૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ખ'** તરીકે સામેલ છે.)

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં એક કાયમી અને એક હંગામી લેકચરર ઇન મૅથેમેટિકસની જગ્યા માટે તા. ૧૦-૯-૧૯૮૨ની વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન મૅથેમેટિકસની એક કાયમી જગ્યા પર ડૉ. પી. જે. ભટ્ટની અને એક હંગામી જગ્યા પર શ્રીમતી એસ. એ. પ્રસન્નાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

સદરહુ વરણીસમિતિની તા. ૧૦-૯-૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ગ'** તરીકે સામેલ છે.)

૬. સમાજવિદ્યા ભવનમાં લેકચરર ઇન હિસ્ટ્રીની જગ્યા માટે વરણી સમિતિની તા. ૧૫-૯-૧૯૮૨ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં લેકચરર ઇન હિસ્ટ્રીની જગ્યા પર શ્રી. મંગુભાઈ આર. પટેલની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૯-૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ઘ'** તરીકે સામેલ છે.)

૭. ભાષા-સાહિત્ય ભવનમાં લેકચરર ઇન ગુજરાતીની જગ્યા માટે વરણી સમિતિની તા. ૨૭-૮-૧૯૮૨ ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં લેકચરર ઇન ગુજરાતીની જગ્યા પર ડૉ. એમ. જે. ઓઝાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૭-૮-૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ચ'** તરીકે સામેલ છે.)

૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન સ્ટેટિસ્ટિકસની એક જગ્યા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેના તા. ૩૧-૩-૧૯૮૨ના પત્રથી મંજૂર કરી છે તે જગ્યા સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન સ્ટેટિસ્ટિકસની એક જગ્યા સ્થાપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૫-૭-૧૯૮૨ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે સુધારવામાં આવેલ ઑર્ડિનાન્સ ઓર્ન્જ. ૧ ના સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને તાત્કાલિક અમલમાં લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ પ્રમાણે ઓર્ડિ. ઓર્ન્જ. ૧ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ ઑર્ડિ. ઓર્ન્જ. ૧ની નકલ **પરિશિષ્ટ 'છ'** તરીકે સામેલ છે.)

૧૦. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૫–૯–૧૯૮૨ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"બી.એડ. પાર્ટ ૧ની પરીક્ષામાં ડમી નંબર અને મેડરેશનની પ્રથા દાખલ કરવા શિક્ષણની આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણના સૈદ્ધાંતિક સ્વીકાર કરવા અને ઘટતાં પગલાં લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. Birbal Sahni Institute of Paleo Botany, Lucknowને ગુજરાત યુનિવર્સિટી કાયદાના કલમ ૩૫-એ અન્વયે સ્વીકૃત સંસ્થા (Approved Institution) તરીકે માન્યતા આપવાના બાબતમાં ડૉ. ચી. સી. શાહ અને સી. કે. શાહની બનેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"We wish to recommend Birbal Sahni Institute of Paleobotany as an approved institute for the award of Ph.D. degree in Botany and Geology. Birbal Sahni Institution of Paleobotany is an educational institution of international repute. In addition to embracing the soil and plant life problems of all the states in India, they are concentrating their studies on pollen of Nal lake and fossils from Cutch in Gujarat.

It will add to the brilliant Scientific persuits of Gujarat University by recognising the rendezvous institute as an approved one."

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિની ભલામણ પ્રમાણે ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૩૫-એ અન્વયે સ્વીકૃત સંસ્થા (approved institution) તરીકે Birbal Sahni Institute of Paleo botany, Lucknowને માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. વિનયન વિદ્યાશાખાની એમ.એ. પાર્ટ ૧ અને ૨ની પરીક્ષામાં ડમી નંબરની પ્રથા છે તે પ્રથા રદ કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ની સભા સમક્ષ બાબત ક્રમાંક ૪૫ થી તે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. તે પર એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ સદરહુ પ્રસ્તાવ વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલેલ તે બાબતમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ની

સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ પરીક્ષામાં નવી પ્રથા દાખલ કરવી તથા દરેક પ્રશ્નપત્રમાં બે વિભાગો પાડી જુદા જુદા પરીક્ષકોને તપાસવા માટે મોકલવામાં આવે તે પ્રથા બંધ કરી અગાઉની માફક ડબલ એસેસમેન્ટની પ્રથા દાખલ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.બી. પાર્ટ– ૧ અને ૨ ની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોમાં હાલની પ્રથા ચાલુ રાખવા એકેડેમિકએક્ટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. અધ્યક્ષશ્રી, સમાજવિદ્યા ભવન તરફથી અનુસ્નાતક પદવીના વિદ્યાર્થીઓનાં ઉત્તરવહીઓનું પરીક્ષણ દરેક પેપરમાં બે પરીક્ષકોનાં વચ્ચે વહેંચી તે આધારે પરિણામ તૈયાર કરવા આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૧૨ના ઠરાવ જેનાં અનુસંધાન બાબત બીજું કોઈ કરવાપણું રહેતું નથી.

૧૪. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧/૭/૧૯૮૧ની સભામાં બાબત ક્રમાંક ૧૨ પ્રસ્તાવ નં. ૧ થી ઠરાવ્યા અનુસાર આંતરિક શિક્ષકોને ફેકલ્ટિ ગુણાંક તથા તેના સંદર્ભમાં પ્રાધ્યાપક / પરીક્ષકોની નિમણૂક માટેના બઢતીક્રમ પદ્ધતિમાં જરૂરી ફેરફારો વિચારણા માટે નોમેલ્ડ સમિતિની તા. ૧૬-૪-૧૯૮૨ની અને તા. ૨૭-૪-૧૯૮૨ની બેઠકો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ, અનુસ્નાતક શિક્ષણાર્થે કરેલ દરેક વર્ષ માટે ૧ અને વધુમાં વધુ ૫ ગુણાંક આપવા, એ સુધારા સાથે મંજૂર કરવા એકેડેમિકએક્ટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૪-૧૯૮૨ અને તા. ૨૭-૪-૧૯૮૨ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ 'જ'** તરીકે સામેલ છે.)

૧૫. આ સાથે જોડેલા પ્રોજેક્ટ આર. સામન્સ–૧૧ ને મંજૂર કરવાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

(રેજી. ૧૫ની નકલ **પરિશિષ્ટ 'ઝ'** તરીકે સામેલ છે.)

૧૬. ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૭-૫-૧૯૮૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૫-૧૯૮૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦-૫-૧૯૮૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ 'ટ'** તરીકે સામેલ છે.)

૧૭. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં "મિલિટરી સાયન્સ"ના વિષય દાખલ કરવા માટે તથા એન.સી.સી.માં જોડાવા માટે પ્રોત્સાહન આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની

તા. ૨૨–૪-૧૯૮૨ નાં સભામાં આ બાબત પરના વિગતવાર ખૈયાલ રજૂ કરવા માટે નીમવામાં આવેલી સમિતિની તા. ૨૧-૭-૧૯૮૨ના રોજ મળેલી સભાના ઠરાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧-૭-૧૯૮૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

૧૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧૨-૧૯૮૦ ની સભાના નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા સર્વાનુમતે ફરીથી ભલામણ કરે છે કે પહેલા, બીજા અને ત્રીજા વર્ષના બધાં જ પ્રશ્નપત્રોના સમાન ધોરણે પુનઃ ગુજરાતીમાં લઈ પદવી કક્ષાએ વર્ગ ચાલુ કરવાની જરૂરીયાત અને તે માટે જરૂરી રેગ્યુલેશન અને અન્ય બાબતોનું પત્રક એકેડેમિક કાઉન્સિલની અનુમતિ (એપ્રુવલ) મેળવવી."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની ઉપરની ભલામણનો નોંધ લેવો.

૧૯. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ડિપ્લોમા ઈન ફાર્મસીના એજ્યુકેશન રેગ્યુલેશન ૧૯૮૨ સુચાર્યા હોવાથી ફાર્મસી વિદ્યાશાખાનાં ભલામણ મુજબ ડિપ્લોમા ઈન ફાર્મસીના

૧. પહેલા વર્ષના અભ્યાસક્રમોને લગતા ફાર્મસી ઓર્ડિ. ૧, ૨, ૩ માં શાબ્દિક સુધારો કરવા તથા ફાર્મસી રેગ્યુ. ૧ (જૂનો રેગ્યુ. ૩) ૨, ૩ (જૂનો રેગ્યુ. ૪) ૪ (જૂનો રેગ્યુ.) ૭, ૧૦, (જૂનો રેગ્યુ ૮) સુધારો તેમ જૂન ૧૯૮૨ થી અમલમાં મૂકવાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે). તથા

૨. બીજા વર્ષના અભ્યાસક્રમોને લગતા ફાર્મસી ઓર્ડિ. ૪, ૫ (જૂનો ઓર્ડિ. ૬). ૬ (જૂનો ઓર્ડિ. ૭) તથા રેગ્યુ. ફાર્મસી ૬ (જૂનો રેગ્યુ. ૧૧), ૭ (જૂનો રેગ્યુ. ૧૨), ૮ (જૂનો રેગ્યુ. ૧૫), ૯ (જૂનો રેગ્યુ. ૧૬) સુધારવા તથા બીજા વર્ષના અભ્યાસક્રમોને લગતા સુધારેલા ઓર્ડિ. રેગ્યુલેશનો જૂન ૧૯૮૩ થી અમલમા મૂકવાની ભલામણ, તથા

૩. પહેલા અને બીજા વર્ષના સુધારેલા અભ્યાસક્રમોને લીધે જૂના અભ્યાસક્રમમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે નિયમ મુજબ બે પરીક્ષાઓ લેવા અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૧) સભાગૃહ સદરહુ બાબતની નોંધ લીધી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઉપર નિર્દિષ્ટ ઓર્ડિનન્સોને સુધારીને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને ઉપર નિર્દિષ્ટ રેગ્યુલેશનસ મંજૂર કરવા.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(પહેલા અને બીજા વર્ષને લગતા સુધારેલા ઓર્ડિનન્સીસ અને રેગ્યુલેશનસનો નકલ **પરિશિષ્ટ 'ઠ'** તરીકે સામેલ છે.)

૨૦. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિનો તા. ૩૧-૫-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ત્રીજા વર્ષ બી.એસસી. અને બી એ.ના નવા અભ્યાસક્રમમાં પેપર ૯ અને ૧૦ જે અત્યાર સુધી ગણિતશાસ્ત્રના અધ્યાપકો શીખવતા હતા તે આ બદલાયેલા અભ્યાસક્રમને આધારે આંકડાશાસ્ત્રના અધ્યાપકો જ શીખવી શકે તેવા ભલામણ કરવામાં આવે છે. આ સુધારેલા પ્રશ્નપત્ર ૯ અને ૧૦ નો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩ થી અમલમાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ અંગે આંકડાશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીઓ સાથે વિચારવિમર્શ કરી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન સાયકોલોજીની જગ્યાના સંદર્ભમાં બક્ષીપંચે નિયત કરેલ પછાત જાતિના એક ઉમેદવાર ડૉ. એસ. બી. ગોસાઈ એ કરેલી રિટ (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૪૦૬ / ૧૯૮૦)ની અરજીના સંદર્ભમાં નામદાર જસ્ટિસ શ્રી. બી. કે. મહેતાએ આપેલા ચુકાદામાંની નીચેની સૂચના એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૯–૧૯૮૦ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

The results is that this petition fails and is dismissed and the Rule is discharged.

Before Parting with this judgement, I would like to put on record that the authorities of the respondent–University should immediately take steps so as to provide by issuing executive regulations till suitable provisions are incorporated in the statutes for reservation of seats for the candidates from these handicapped class and communities and also provide a detailed scheme for carry forward of these seats and for incidental matters such as relaxation of qualifications, issuance of advertisement, holding of interviews, etc , so that the candidates like the petitioner who has by a dint of effort and perseverance achieved such high qualifications, may not feel frustrated in their attempts to shape career according to their inclination.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૨ યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ શારીરિક શિક્ષણ નિયામકની જગ્યા માટે વરણી સમિતિની તા. ૨૩–૮–૧૯૮૨ નો ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ શારીરિક શિક્ષણ નિયામકની જગ્યા પર શ્રી. પી. ડી. પનારની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૩–૮–૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ 'ડ'** તરીકે સામેલ છે.)

૨૩. તબીબી વિદ્યાશાખાનાં તા. 13-9-૧૯૮૨નાં રાખવાનાં નીચેનાં ભલામણ પર વિચારણા કરવા બાબત :

સમિતિની ભલામણો તથા મેડિકલ કાઉન્સિલની ભલામણો પર વિચારણા કરી નીચે મુજબ ભલામણ કરવી :

૧. પડેલી એમ.બી.બી.એસની પરીક્ષામાં પાસ થવાનું ધોરણ મેડિકલ કાઉન્સિલની ભલામણ મુજબ રાખવું અને તે માટે રેગ્યુ. એમ.બી.બી.એસ.–૩ નીચે મુજબ સુધારવો :

Reg. M B.B.S.- 3 :

To pass the First M.B.B.S. Examination a student must obtain at least 50 per cent marks in the aggregate of theory and practical marks in each of the subjects Anatomy, Physiology and Biochemistry separately also with a minimum of 50 per cent marks separately in theory in each of the subjects.

સુધારેલા રેગ્યુલેશનનો અમલ ઓકટોબર ૧૯૮૩ની પરીક્ષાથી કરવા ભલામણ કરવી.

૨. બીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં પાસ થવાનું ધોરણ મેડિકલ કાઉન્સિલની ભલામણ મુજબ રાખવું અને તે માટે રેગ્યુ. એમ.બી.બી.એસ. ૯ ની પેટાકલમ (એ) નીચે મુજબ સુધારવી અને તેનો અમલ ઓકટોબર ૧૯૮૩ની પરીક્ષાથી કરવા ભલામણ કરવી :

R. M B.B.S. 9 :

(*a*) To pass Second M.B.B.S. Examination a student must obtain at least 50 per cent marks in aggregate in each of the subjects of (1) Pathology and Microbiology, (2) Pharmacology and (3) Forensic Medicine separately also with a minimum of 50 per cent marks in theory in each of the above subjects separately.

૩. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા બે વિભાગમાં વહેંચવી અને તેના પહેલા વિભાગમાં કોમ્યુનિટી મેડિસિન તથા ઈ.એન.ટી. અને ઓપ્થેમોલોજીનાં પ્રશ્નપત્રો રાખવાં અને વિભાગ-૨માં મેડિસિન (રેડિયોલોજિકલ સહિત) સર્જરી (ઓર્થોપેડિકસ સહિત) અને ગાયનેકોલોજીનાં પ્રશ્નપત્રો રાખવાં,

૪. ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ થવા પછી ત્રીજી એમ.બી.બી.એસ.ના ભાગ–૧ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને બેસવા દેવા,

૫. પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ થવા પછી બધા સત્રો પછી બીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષા આપી શકાય તથા બીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ થવા પછી ત્રીજી એમ.બી.,બી.એસ.ની ભાગ–૧ની પરીક્ષા આપી શકાય.

૬. ક્લિનિકલ વિષય (મેડિસિન સર્જરી ગાયનેકોલોજી) પ્રત્યેક વિદ્યાર્થીઓ સારી રીતે ધ્યાન આપી શકે તે હેતુથી ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના ભાગ-૧ની પરીક્ષા પહેલી એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ થવા પછી ચોથા સત્રના અંતે રાખવા કરાવવામાં આવ્યું.

(નોંધ. અભ્યાસસમિતિએ આ ભલામણ વધુ મતે કરી હતી તેની નોંધ લેવામાં આવી. અને તે પછી ઉપરની ભલામણ કરવામાં આવી.)

૭. ત્રીજી એમ.બી.,બી.એસ.ના ભાગ–૨ની પરીક્ષા ભાગ–૧ની પરીક્ષા પાસ કર્યા પછી જ આપી શકાય તેમ ભલામણ કરવામાં આવી.

૮. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના ભાગ–૧ની પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થાય તોપણ આગળ સત્રો રાખી શકે અને ભાગ–૧ની પરીક્ષામાં એક કરતાં વધારે પ્રયત્ને પાસ કરે તોપણ ત્રીજી એમ.બી.બી.એસની ભાગ–૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરે તો એવોર્ડ, મેડલ, પ્રાઇઝ, ડિસ્ટિંકશન વગેરે મેળવવાને પાત્ર બને અને ભાગ–૧ની પરીક્ષા પાસ થવા માટેના પ્રયત્નો ગણતરીમાં ના લેવા.

૯. ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં પાસ થવાનું ધોરણમાં સરવાળે ૫૦ ટકા અને ક્લિનિકલ અને ઓરલમાં ૫૦ ટકા ગુણ મેળવવાનું આવશ્યક રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. તબીબી વિદ્યાશાખાની તા. ૧૩-૭-૧૯૮૨ની સભામાં ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાનો અભ્યાસક્રમ તૈયાર કરી વિદ્યાશાખાવતી આખરી સ્વરૂપ આપી અધિકૃત સત્તા-મંડળોને મોકલી આપવા નીમેલી સમિતિની તા. ૧૫-૭-૧૯૮૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના ભાગ-૧ અને ભાગ-૨ ના અભ્યાસક્રમ તથા તેનાં ધારાધોરણો અંગે સભામાં થયેલ ચર્ચા અને ભલામણો મુજબ સુધારા કરી ઑર્ડિ. એમ.બી.-બી.એસ. ૧૪, ૧૫ સુધારવા તથા ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૧૫–એ અને ૧૫–બી ઉમેરવા તથા ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૧૬ ૨૬ કરવા તથા રેગ્યુલેશન એમ.બી.બી.એસ. ૧૨, ૧૩, ૧૪ સુધારવા તથા રેગ્યુ. એમ.બી.બી.એસ. ૧૨–એ ઉમેરવા તથા રેગ્યુ. એમ.બી.બી.એસ. ૧૧ અને ૧૫ ૨૬ કરવા ભલામણ કરવી. હાલના ઑર્ડિ. ૧૬, ૧૮ અને ૧૯ ચાલુ રાખવા. આ સુધારાઓ પહેલી એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં જૂન ૧૯૮૦માં જોડાયા હોય તેમને લાગુ પાડવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૨૩-૭-૧૯૮૧ના પત્રાંક એફ.સી.એલ. ૧૮:૧:૮૧ એમ. ૬૬. ૭૭૪૯ના સંદર્ભમાં ડિપ્લોમા પરીક્ષા પસાર કરીને ડિગ્રી માટે બે વર્ષનો અભ્યાસક્રમ કરવાનો થાય તેથી ઑર્ડિ. એમ.ડી. ૧૪ અને ઑર્ડિ. એમ.એસ. ૧૩ ૨૬ કરવાની અને ઑર્ડિ. એમ.ડી. ૧૩ અને ઑર્ડિ. એમ.એસ. ૧૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની તબીબી વિદ્યાશાખાની તારીખ ૧૩-૭-૧૯૮૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

A candidate after having passed post-graduate diploma in a subject registering for a post-graduate degree in the same subject will be required to put in atleast 24 months (i.e. two academic years or four academic terms) regular training in the department concerned prior to appering at M.D./M.S. degree Examination.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ પ્રમાણે ઑર્ડિ. એમ.ડી. ૧૪ અને ઑર્ડિ. એમ.એસ. ૧૩ ૨૬ કરવા અને ઑર્ડિ. એમ.ડી. ૧૩ અને ઑર્ડિ. એમ.એસ. ૧૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે

ચૂંટણીને માન્ય કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

" A candidate after having passed post-graduate diploma in a subject registering for a Post-graduate degree in the same subject will be required to put in at least two academic years or our academic terms regular training in the department concerned prior to appearing at M.D./M.S. degree examination."

૨૬. પ્રી-ક્લિનિકલ બોર્ડના અધ્યક્ષ ડૉ. આર. બી. ડૉક્ટરે નોન-મેડિકલ વિદ્યાર્થીઓ માટેનો એમ.એસસી.મેડિકલનો અભ્યાસક્રમ બંધ કરવા સૂચન કર્યું હતું તે પરત્વે તબીબી વિદ્યાશાખાની તા. ૨-૫-૧૯૮૨ની સભામાં આ અભ્યાસક્રમ ચાલુ રાખવા તથા મેડિકલ કૉલેજોના શિક્ષકોની માન્યતા માટે બેઝિક ડિગ્રી (એમ.બી.બી.એસ.) આવશ્યક રાખવી તેવી ભલામણ કરી હતી તે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૯-૭-૧૯૮૧ની સભામાં તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલેલી તે અંગે તબીબી વિદ્યાશાખાની તા. ૧૩-૭-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એમ.એસસી. મેડિકલ ફોર નોન-મેડિકલ ગ્રેજ્યુએટ્સની પરીક્ષા પાસ થયેલી વ્યક્તિઓ તબીબી કૉલેજોમાં જોડાય તેમણે એમ.બી.બી.એસની પરીક્ષા પાસ કરી ના હોય તો (બાયોકેમિસ્ટ્રી વિષયની નિમણૂક સિવાય) તેમને આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાથી આગળની જગ્યા પર નિમણૂક આપી શકાય નહિ અને તેવા શિક્ષકોની આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા સુધીની નિમણૂક માન્ય થઈ શકે; તેની ઉપરની જગ્યા માટેની નિમણૂક માન્ય થઈ શકે નહિ તેવી ભલામણ કરવામાં આવે છે

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. તબીબી વિદ્યાશાખાની તા ૧૩-૭-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એમ.બી.,બી.એસ.ના નવા અભ્યાસક્રમોને અનુકૂળ રૂપે ૧૦૮ ઉપરાંત તબીબી વિદ્યાશાખા ઉપરાંત નીચે મુજબ અભ્યાસસમિતિઓ રચવા રૂપે ૧૦૮ સુધારવા ભલામણ કરવી :

Faculty of Medicine

1. Pre-Clinical subjects comprising Anatomy, Physiology and Biochemistry.
2. Medicine, Surgery, Midwifery and Gynaecology.
3. Para Clinical subjects-Pathology and Bacteriology, Pharmacology, Forensic Medicine and Community Medicine.
4. Nursing.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ઇન્ટલ મર્જરીની અભ્યાસ-સમિતિની તા. ૧૦-૮-૧૯૮૨ની સભામાં એમ.ડી.એમ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ વગેરેના બારાબોરણમાં સુધારો સૂચવવાની નીચેના

ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.ડી.એસના અભ્યાસક્રમના પ્રવેશ અંગેના રજૂ. ૨૬૭—એ—એ તથા આઈ. ૩૭૭ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારૂ) :

૧. સમાજવિદ્યા ભવનમાં હંગામી સ્ટેનોગ્રાફર ગ્રેડ-રની જગ્યા પર વરણી સમિતિની ભલામણ અન્વયે શ્રી. મોહન ટી. આર. ભટ્ટની હંગામી ધોરણે નિમણૂક કર્યાના;

૨. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ—રની કાયમી જગ્યા પર વરણી સમિતિની ભલામણ અન્વયે શ્રી. તુષાર બી. મહેતાની નિમણૂક કર્યાના.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૦. ગણિતની અભ્યાસસમિતિની નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૮૨ની સભાએ સ્વીકારી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. ભાગ-૨ના ગણિત વિષયના અભ્યાસક્રમમાં મરજિયાત પ્રશ્નપત્ર બી (૭૮) ૧૮ તરીકે "ઓબ્જેક્ટિવ મિકેનિકસનો" પ્રશ્નપત્ર ઉમેરવા અને તેનો અભ્યાસક્રમ મંજૂર કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. સને ૧૯૮૨ના વર્ષમાં બીજા છ માસ દરમિયાન લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.— ઑક્ટોબર ૧૯૮૨ની પરીક્ષાની નિમણૂંકો કરતાં પહેલાં બધી વિદ્યાશાખાના ડીન અને એકેડેમિક કાઉન્સિલના બે સભ્યોની સમિતિ નીમવામાં આવી હતી અને આ સમિતિની ભલામણ પ્રમાણે કુલપતિશ્રીની મંજૂરી મેળવી નિમણૂક કરવામાં આવી છે.)

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારૂ) :

"એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદના ટેકસ્ટાઈલ ટેકનોલોજી વિભાગના વડા પ્રો. એન. જી. સહસ્રબુધે નિવૃત્ત થતા હોઈ તેમની જગ્યાએ નિમાયેલ સદરહુ વિભાગના વડા પ્રો. ગોપાલનને ટેકસ્ટાઈલ ટેકનોલોજીની ઍડહોક સમિતિ પર નીમવાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૩. કાયદાની વિદ્યાશાખામાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ દાખલ કરવાની બાબતમાં સેક્રેટરીશ્રી, બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના તા. ૭-૧૦-૧૯૮૨ના પત્રાંક બીસીઆઇ-ડી-૧૯૮૨ (એલ.ઇ.એનઆર) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કાયદાની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩૪. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તરફથી સંશોધન અને તાલીમ કેન્દ્રને "Curriculum design and textbook production" ના વિષયમાં તાલીમ અને સંશોધન માટે જૂન ૧૯૮૩ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અનુસાર માન્યતા આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને "Curriculum design and textbook production"ના વિષયના તાલીમ અને સંશોધન માટે પીએચ.ડી. પદવી માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૪ સુધીની માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અધ્યક્ષશ્રી (પીએચ.ડી. માટેના માર્ગદર્શક શિક્ષકની પાત્રતા ધરાવતા)
   (૨) એક રીડર (,, ,, ,, ,, ,, ,,)
   (૩) એક વ્યાખ્યાતા
   (૪) આવશ્યક રિસર્ચ ફેલોઝ;
૨. ગ્રંથાલય, સેમિનાર ખંડ, વર્ગ ખંડ, ઑડિયોવિઝ્યુઅલ હૉલ વગેરે જરૂરી સુવિધાઓ સાથેનાં મકાનોની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ઑર્ડ. ૧૨૦-સીની નીચે મુજબની કંડિકા (૩) અનુસાર ગ્રંથાલય સુસજ્જ કરવામાં આવે;

ઑ. ૧૨૦-સી (૩) :

That it has a well-equipped library with an adequate number of books, periodicals, old numbers of periodicals manuscripts, if necessary, etc. in the subject.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું ઘરભાડા ભથ્થું, પ્રો. ફંડ તેમજ ગ્રેચ્યુઇટી ફંડના લાભો આપવામાં આવે;
૫. અનુસ્નાતક કક્ષાની આ સંસ્થા માટે અંધારણમાં સુયોગ્ય જોગવાઈ કરવામાં આવે; અને
૬. ગ્રંથાલયમાં પુસ્તકો માટે રૂ. ૫૦,૦૦૦નું ખર્ચ કરવામાં આવે.

૩૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ. (પ્રિન્સ.) માં ઇતિહાસ અને (સબો.) માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો

તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એસ. (સાયન્સ)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી કાયમી જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં જો ખૂટ પડેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારીભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૬. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી બી.એ (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં જો ખૂટ પડેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (સબ્સિ.) માં સંસ્કૃત અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને બી.એસસી. (સબ્સિ.) માં ભૌતિકવિજ્ઞાન અને

બી.એસસી. (જન.) માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વંચારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર, નિમણૂક બાબતની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિકકાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકેડેમિકકાઉન્સિલને ભલામણ કરવા :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના બે ઘંડ સમયના વ્યાખ્યાતા
   (૨) વનસ્પતિવિજ્ઞાનના બે ઘંડ સમયના વ્યાખ્યાતા
   (નવી નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવામા આવે.)
૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ગ્રાન્ટમાં ઓછા ક્ર. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી, ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, બાકાત કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૮. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (પ્રિન્સિ.) માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી તથા બી.એ. (પ્રિન્સિ.) માં રાજ્યશાસ્ત્ર, બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિકકાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકેડેમિકકાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષયના એક બે ઘંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવાની ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૮૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪ આંકડાશાસ્ત્રના વિષય માટે બે જર્નલ્સ વસાવવામાં આવે;

૫. આંકડાશાસ્ત્ર વિષયના રૂ. ૨,૦૦૦ની રકમનાં પુસ્તકો વસાવવામાં આવે;

૬. ઇલેકટ્રોનિક કેલ્કયુલેટર વસાવવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૯. પ્રભુદાસ હકકર કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ. (મુખ્ય) માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા સેકન્ડ બી.કૉમ. (ગૌણ) માં એસ.પી., આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા થર્ડ બી.એ. (મુખ્ય) માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ હકકર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂંકો અંગેની શરત સાહતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.કૉમ.(મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, સેકન્ડ બી.કૉમ.(મુખ્ય)માં એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, સેકન્ડ બી.કૉમ.(ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું ચાલુ તથા થર્ડ બી.કૉમ.(મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે ઍકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા :

૧. નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

